સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

ઑક્ટોબર, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



૯૧મા જન્મજયંતી પર્વે પ્રગટ ગુરુહરિ

## મહંત સ્વામી મહારાજને કોટિ કોટિ વંદન...

ગુરુભક્તિ, સાધુતા અને મૈત્રીની એક વિરલ યાત્રા






**મુંબઈમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સત્સંગની હેલી**

તા. ૨-૯-૨૦૨૪થી લઈને મહાનગરી મુંબઈમાં બિરાજતા મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સત્સંગ, ભક્તિના અનેકવિધ કાર્યક્રમોમાં નિત્ય હજારો ભક્તો અને મહાનુભાવો લાભ લઈ રહ્યા છે. ગણેશોત્સવ, જળઝીલણી એકાદશી જેવા ઉત્સવોથી લઈને બાળકો અને યુવાનોના વિવિધ કાર્યક્રમો તેમજ સંતોના ભક્તિસંગીત વચ્ચે પરમ પૂજ્ય સ્વામીશ્રીનાં આશીર્વચનો માણીને મુંબઈવાસીઓએ આધ્યાત્મિક પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી.



સંપાદકીય

# મહંત સ્વામી મહારાજ: શાસ્ત્રીજી મહારાજના ‘કર્તવ્ય’ના વાહક...



## ક્રમિકા


૩. સંપાદકીય

૪. નવ યોગેશ્વરોની છ દાયકાની ગુરુભક્તિ, સાધુતા ને મૈત્રીની વિરલયાત્રા - સાધુ અક્ષરવત્સલદાસ

મારા અનુભવોમાં મહંત સ્વામી મહારાજ
- સાધુ સ્વયંપ્રકાશદાસ (૮)
- સાધુ ભક્તિપ્રિયદાસ (૧૧)
- સાધુ ત્યાગવલ્લભદાસ (૧૪)
- સાધુ ઈશ્વરચરણદાસ (૧૭)
- સાધુ વિવેકસાગરદાસ (૨૦)
- સાધુ ઘનશ્યામચરણદાસ (૨૩)

૨૫. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૬. અમેરિકામાં બી.એ.પી.એસ. સત્સંગની ૫૦ વર્ષની ઉજવણી દરમ્યાન ઠેર ઠેર થયાં સન્માનો

૩૯. નોર્થ અમેરિકામાં યોજાઈ સત્સંગ શિબિરો

૪૨. હ્યુસ્ટન અને ડેટ્રોઈટ મંદિરમાં ઊજવાયા દ્વિદશાબ્દી ઉત્સવ

૪૪. ‘ધ ફેરી ટેલ’ શોનું અબુધાબીના હિન્દુ મંદિરમાં થયું આયોજન

૪૬. બી.એ.પી.એસ.નાં વિવિધ કેન્દ્રોમાં યોજાયેલા કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

૫૦. સત્સંગ શિક્ષણ પરીક્ષા - પરિણામ


સન ૧૯૫૦ના દાયકાની વાત છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સ્થાપક બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનું દિવ્ય પ્રભાવક વ્યક્તિત્વ સ્વામિનારાયણ સંપ્રદાયના અને સંપ્રદાયની બહારના પણ અનેક લોકોને આકર્ષી રહ્યું હતું. ગુલઝારીલાલ નંદાજી જેવા રાષ્ટ્રીય નેતાઓથી લઈને પ્રો. જેઠાલાલ જેવા વિદ્વાનો તેમાં શામેલ હતા. તેમાંના એક વ્યક્તિ હતા – હરિપ્રસાદ મંછારામ ચોકસી. મુંબઈ હાઈકોર્ટના વિખ્યાત એડવોકેટ. વડતાલ સંસ્થાના કુલમુખત્યાર. શાસ્ત્રીજી મહારાજની પ્રતિભાથી આકર્ષાઈને તેમને લાગ્યું કે વડતાલની સીમાઓ છોડીને બી.એ.પી.એસ. સંસ્થા સ્થાપનારા આ મહાપુરુષમાં કોઈ અનોખું દૈવત છે. તેમણે પૂછ્યું: તમે બોચાસણ, સારંગપુર, ગોંડલ કે ગઢડામાં મંદિરો કેમ કરો છો? શાસ્ત્રીજી મહારાજે તેમને જે ઉત્તરો આપ્યા તેનાથી તેઓ અધિક પ્રભાવિત થયા. છેવટે તેમણે પૂછ્યું: ભવિષ્યમાં આ મંદિરોનું સંચાલન કોણ કરશે? ત્યારે શાસ્ત્રીજી મહારાજે કહ્યું હતું: ‘હવે હું બહુ વર્ષ રહેવાનો નથી, પણ મારું કર્તવ્ય ચાલુ જ રહેશે અને શ્રી સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે. અવતારના અવતારી અક્ષર-પુરુષોત્તમ છે.’ આ શબ્દો કહીને શાસ્ત્રીજી મહારાજે તેમને કહ્યું હતું: ‘આ ઉપાસના જગતભરમાં પ્રવર્તશે.’ શ્રી ચોકસી અનેકવાર આ અનુભવ જાહેરમાં ઉચ્ચારતા હતા.

આજે એ વાતને ૭૫ વર્ષ વીત્યાં છે. શાસ્ત્રીજી મહારાજ પછી યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં એ શબ્દો સત્ય અનુભવાય છે. સૌ કોઈ અનુભવે છે કે શાસ્ત્રીજી મહારાજનું કર્તવ્ય આજે ચાલુ છે અને અક્ષર-પુરુષોત્તમ ઉપાસના જગતભરમાં પ્રવર્તી રહી છે. મહંત સ્વામી મહારાજ એ દિવ્ય ‘કર્તવ્ય’ના વાહક બનીને વિશ્વને આધ્યાત્મિક ઊર્જા આપી રહ્યા છે. આ ગુણાતીત મહાપુરુષના ૯૧મા જન્મદિને કોટિ કોટિ વંદન. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૧૦,**
**ઓક્ટોબર, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.


**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ
સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**



'મારા અનુભવોમાં મહંત સ્વામી મહારાજ...'



# નવ યોગેશ્વરોની છ દાયકાની

# ગુરુભક્તિ, સાધુતા ને મૈત્રીની વિરલ યાત્રા

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના આધારસ્તંભ સમા પ્રાતઃસ્મરણીય સદ્‌ગુરુ સંતો અને તેમની વચ્ચે માળાના મેરની જેમ શોભતા મહંત સ્વામી મહારાજની ઉપરની છબિ, એક રોમાંચક ઇતિહાસ સંગ્રહીને બેઠી છે. ગુરુભક્તિ, સાધુતા અને પરસ્પર મૈત્રી-સુહૃદભાવની એક અનોખી ગાથા ગાય છે આ છબિ.

આ એ સ્થળ છે જ્યાં તા. ૧૭-૮-૨૦૧૬ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

તા. ૧૩-૮-૨૦૧૬ના રોજ ૯૫ વર્ષની વયે લાખોના જીવનપ્રાણ સમા પ્રમુખસ્વામી મહારાજે તીર્થધામ સારંગપુરમાં અંતિમ શ્વાસ લીધા ત્યારે આઘાતમાં સરી પડેલા બી.એ.પી.એસ. સંસ્થાના હરિભક્તો જ નહીં, પરંતુ વિશ્વભરમાં ફેલાયેલા પ્રમુખસ્વામી મહારાજના કરોડો ચાહકોના મનમાં એ સવાલ હતો કે તેમના સ્થાને હવે પછી કોણ?

પરંતુ એ સવાલ ઝાઝી ક્ષણો સુધી ટકી શક્યો નહીં.

પૂજ્ય ડૉક્ટર સ્વામીના એક વિધાન સાથે પ્રકાશિત થયેલો પ્રમુખસ્વામી મહારાજનો માત્ર પાંચ-સાત લીટીનો પત્ર સૌને પ્રતીતિ કરાવી ગયો કે, પ્રમુખસ્વામી મહારાજના સ્થાને એક ધર્મગુરુ તરીકે જ નહીં, પરંતુ તેમના સ્વરૂપ તરીકે હવે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સૌને શીતળ છત્રછાયા આપશે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે લગભગ સાડા ચાર દાયકાઓ સુધી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુપદે બિરાજીને માત્ર બી.એ.પી.એસ. સંસ્થા જ નહીં, પરંતુ હિન્દુ ધર્મ અને હિન્દુસ્તાનની ગરિમાને વિશ્વફલકે વિસ્તારી છે. સન ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી તેઓ બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ પદે બિરાજ્યા, ત્યારે કોઈને કલ્પના નહોતી કે ૨૮ વર્ષની એ નાનકડી કાયામાં કેવી વિરાટ શક્તિ વ્યાપેલી છે. પરંતુ સતત ૬૫ વર્ષ સુધી પ્રમુખ તરીકે બી.એ.પી.એસ. સંસ્થાને વૈશ્વિક પ્રતિભા-સંપન્ન નેતૃત્વ આપનાર પ્રમુખસ્વામી મહારાજની એ વિરાટ પ્રતિભાનું દર્શન કર્યાં પછી, સૌ કોઈ ઉચ્ચારતા હતાઃ વન્સ ઈન અ મિલેનિયમ. શતાબ્દીઓમાં ક્યારેક જ આવા મહાપુરુષ પ્રગટે છે. તેમના દેહવિલય પછી કેટલાયના મનમાં સવાલ થયો હશે કે શું મહંત સ્વામી મહારાજ એવી જ પ્રતિભાનું દર્શન કરાવશે? કેટલાયના મનમાં એવો પણ સવાલ હશે કે શું મહંત સ્વામી મહારાજના સમોવડિયા સમા સંસ્થાના સદ્‌ગુરુ સંતો પણ તેમના આધ્યાત્મિક ગુરુ પદને એવું જ સ્વીકારશે? જેવું પ્રમુખસ્વામી મહારાજ અને યોગીજી મહારાજ માટે સ્વીકાર્યું હતું?

પ્રથમ સવાલનો જવાબ છેલ્લાં આઠ વર્ષમાં મળી ગયો છે. બી.એ.પી.એસ.ના લાખો ભક્તોની નૈયા તેમજ વિરાટ કાર્યોની ભાગીરથીને વહાવીને, મૌન રહીને મહંત સ્વામી મહારાજે પોતાના દિવ્ય વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે. તેમની શાંત પ્રતિભાએ પ્રમુખસ્વામી મહારાજના સતત સાંનિધ્યનો અનુભવ કરાવ્યો છે.

અને સૌનાં આશ્ચર્ય વચ્ચે, મહંત સ્વામી મહારાજના ગુરુબંધુઓ કે તેમના સમોવડિયા ગણાતા સદ્‌ગુરુ સંતોએ પોતાના ગુરુ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ જેવી જ ગુરુભક્તિ મહંત સ્વામી મહારાજ પ્રત્યે અદા કરીને એક અનોખી ઊંચાઈનો સૌને પરિચય કરાવ્યો છે.

આમ તો, એ બધાની ઉંમર વચ્ચે બહુ નહીંવત્ ફર્ક છે. પૂજ્ય ડૉક્ટર સ્વામી અને મહંત સ્વામી મહારાજની ઉંમરમાં માત્ર છ મહિનાનો ફર્ક છે, પરંતુ મહંત સ્વામી મહારાજને શિષ્યભાવે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા ડૉક્ટર સ્વામીને નિહાળીએ ત્યારે હૃદય અહોભાવથી લળી પડે છે. એક સમયે વિદ્યાર્થી અવસ્થામાં સાથે રહેતા, સાથે ભણતા સમવયસ્ક આ મિત્રો વચ્ચેનો વિરલ ગુરુ-શિષ્ય સંબંધ અને તેમની વિરલ સાધુતા કોઈને પણ આશ્ચર્ય ઉપજાવે તેવાં છે! અન્ય સદ્‌ગુરુ સંતો અને મહંત સ્વામી મહારાજ વચ્ચે ઉંમરમાં આશરે પાંચેક વર્ષનો ફર્ક છે. ૧૯૫૧-૧૯૬૦ના દાયકામાં વિદ્યાર્થી અવસ્થામાં એ બધા યોગીજી મહારાજના સાંનિધ્યમાં સાથે રહીને જ યોગીજી મહારાજનો આધ્યાત્મિક લાભ માણતા હતા. છેલ્લાં ૬૦ કરતાં વધારે વર્ષોથી ચાલી આવતી એ બધા વચ્ચેની આધ્યાત્મિક મૈત્રીમાં આજેય એવી ને એવી તાજગી તો છે જ, પરંતુ હવે તેમાં ગુરુભક્તિનો રંગ ઉમેરાયો છે. એ તમામ સમવયસ્ક સદ્‌ગુરુ સંતોની મહંત સ્વામી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિ બી.એ.પી.એસ. સંસ્થાના વર્તુળ બહાર અનેક લોકોને આશ્ચર્ય પમાડે છે.

અહીં યાદ આવે છે, ૧૯૫૧-૬૦નાં વર્ષોમાં યોગીજી મહારાજના સાંનિધ્યમાં 'નવ યોગેશ્વર' તરીકે ઓળખાતા એ સંતોની આધ્યાત્મિક મજલ.

એ સમયે યોગીજી મહારાજના દિવ્ય પ્રેમમય આકર્ષણથી આકર્ષાઈને કેટલાક વિદ્યાર્થી યુવાનો રજાઓમાં એમની સાથે ગામડે ફરતા, મંદિરોમાં સેવા કરતા અને નિકટના સાંનિધ્યનો લાભ લેતા. સાથે ફરતા યુવકોને યોગીજી મહારાજ એમની સાદી-સરળ અનુભવ વાણીનો લાભ આપતા. ગામઠી લાગતી એ વાણીમાં વિદ્વત્તા નહોતી, પણ તે વાણી આચરણમાંથી નીતરતી હતી. આથી એ બ્રહ્મનાદ યુવકોનાં હૃદયને ભીંજવી જતો. યોગીજી મહારાજ આ યુવાનોને સંબોધીને અનેક વાર ઉચ્ચારતા કે 'તમને બધાને બ્રહ્મવિદ્યાની કૉલેજમાં ભણાવવા છે, એકાંતિક બનાવવા છે.' યુનિવર્સિટીઓ અને કૉલેજોમાંથી આવતા એ સુશિક્ષિત યુવાનો પાસે એમણે બ્રહ્મવિદ્યાની કૉલેજની વિભાવના મૂકી, ત્યારે એ યુવાનોને ખબર નહોતી, પણ યોગીજી મહારાજના મનમાં સ્પષ્ટ હતું કે 'સૌને ત્યાગના પંથે ભગવા રંગે રંગવા છે.'

જો કે આ યુવકોમાં એવો વૈરાગ્ય નહોતો કે સહેલાઈથી સંસારનાં, મા-બાપનાં કે મહત્ત્વાકાંક્ષાઓનાં બંધનો છોડી શકે; પણ યોગીજી મહારાજમાં અપાર હેત અને અખૂટ વિશ્વાસને કારણે એક પછી એક યુવાન સંસારનાં બંધનો તોડીને, એમનાં ચરણે સમર્પિત થતો ગયો. તેમાં સૌ પ્રથમ યાહોમ થનારા હતા – આણંદના વિનુભાઈ, મહંત સ્વામી મહારાજ! એગ્રીકલ્ચરલ સાયન્સમાં ગ્રેજ્યુએટ થઈને ૧૯૫૭માં તેમણે યોગીજી મહારાજ પાસે સૌ પ્રથમ દીક્ષા ગ્રહણ કરી. તેમના આ સમર્પણમાંથી ઘણાને પ્રેરણા મળી. બીજા પણ કેટલાક યુવાનો તૈયાર હતા. આ પૈકી છ યુવકો માટે યોગીજી મહારાજે ઘાટકોપરમાં 'બાલાજી આશ્રમ'માં એક નાનકડી ઓરડીમાં રહેવા-કરવાની અલાયદી વ્યવસ્થા ઊભી કરી, તેમને અહીંની સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃત ભણવા મૂકી દીધા. એટલું જ નહીં, તેમને તાલીમરૂપે સાધુ તરીકેના કેટલાક કડક નિયમો પણ આપી દીધા! મુંબઈના

હરિભક્તોને ભલામણ કરી કે 'આ યુવકોને સાચવવા. કોઈ તકલીફ ન પડે તેનું પૂરું ધ્યાન રાખવું.' તેમને કથાવાર્તાનું પોષણ આપવા માટે ભક્તરાજ હર્ષદભાઈ દવેને આજ્ઞા કરી.

થોડા જ સમયમાં યોગીજી મહારાજે નિર્ધારેલો દિવસ આવી ગયો. તા. ૩-૭-૧૯૬૦, અષાઢ સુદ ૯ની પવિત્ર તિથિ હતી. યોગીજી મહારાજે નવ યુવાનોને મુંબઈની કપોળવાડીમાં ત્યાગાશ્રમની પાર્ષદી દીક્ષા આપી એક ઇતિહાસ રચી દીધો. પોતાના વચને જીવન સમર્પણ કરી રહેલા આ નવલોહિયા નવદીક્ષિતોને જોઈને સ્વામીશ્રીનાં અંગેઅંગમાં હેતના ઊભરા આવતા હતા. વેદમંત્રોના ધ્વનિ વચ્ચે દીક્ષાર્થી યુવકો પાસે ઠાકોરજીનું પૂજન કરાવીને તેમણે ૯ યુવકોને જનોઈ, કંઠી, ઉપવસ્ત્ર તથા પાઘ ધારણ કરાવી, તિલક કરી, કાનમાં ગુરુમંત્ર આપી તેમને 'નવ યોગેશ્વર' તરીકે જાહેર કર્યા. વિનુ ભગત(મહંત સ્વામી મહારાજ) સાથે રણછોડ ભગત, નિરંજન ભગત, અરુણ ભગત, મહેન્દ્ર ભગત, નારાયણ ભગત, અનુપમ ભગત, મધુ ભગત અને સૂર્યકાંત ભગત એમ સૌનાં નામાભિધાન થયાં.

આ દીક્ષા બાદ વિનુ ભગતના નેતૃત્વમાં નવ દીક્ષિતોને પુનઃ સંસ્કૃત અભ્યાસ માટે મુંબઈમાં જ રોકીને યોગીજી મહારાજ તેમના પૂર્વવત્ વિચરણમાં નીકળી પડ્યા, પરંતુ તેઓ મુંબઈથી નીકળી, સંતોથી જુદા પડ્યા અને તુરત તેમના પત્રોની પરંપરા વહેવા લાગી. લગભગ એકાંતરા એમનો પત્ર આવી જ ગયો હોય. જુઓ તેમના એ ઉત્સાહભર્યા પત્રોના કેટલાક અંશોઃ

'સંતો! *તમારે માટે મેં વિનુ ભગત તમારી પાસે રાખ્યા છે, તેમની મર્યાદા સાચવવી. મારે તો એક જ મુદ્દો છે - તમ દુવારે(દ્વારે) આખો સંપ્રદાય ચલાવવો છે... તમારી સાથે સ્વામીશ્રીજી તથા ભગતજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજ છે.'*

*'તમામને એવું બળ મહારાજ તથા સ્વામી તથા શાસ્ત્રીજી મહારાજ આપશે, આખું બ્રહ્માંડ ડોલશે. આપણે છેલ્લો જન્મ કરીને આવરદા હવે પૂરી કરીને સ્વામીશ્રીજીને દેહ અર્પણ કર્યો છે. તેથી સ્વામીશ્રીજી, સ્વામી શાસ્ત્રીજી મહારાજ ઘણા જ રાજી થઈ ગયા છે. તો હવે આપ રાજી રહેશો.'*

*'તમ દુવારે આખા દેશમાં દિગ્વિજય કરવાનો છે તે પ્રાર્થના કરી છે. તો તમો બધા સંતો ને પારસદો નિર્દોષ થઈ જાશો. તમ દુવારે લાખો જીવનાં કલ્યાણ થશે.'*

સાથે સાથે મુંબઈના સત્સંગ મંડળ અને હરિભક્તોને સંબોધીને તેમનામાં પણ યોગીજી મહારાજ આ નવ યોગેશ્વરોના મહિમાની લાલાશ ચઢાવી દેતાઃ


*'ઓહોહો! મુંબાઈ મંડળને ધન્ય છે કે આવા યોગેશ્વરો સંતો-પારસદોની સેવા પ્રેમથી કરી રહ્યા છે. ભવિષ્યમાં તેઓ સત્સંગ ખૂબ વધારશે. તે અત્યારે નાનું ઝાડ હોય પણ પાણી પાવાથી વિદ્યા-વૃક્ષ થઈ જાય છે. તે છાંયો તથા ફળ બંને આપે છે. તો હવે ભવિષ્યમાં સંતો બળિયા થાશે.'*


યોગીજી મહારાજની આ દિવ્ય પ્રેમધારા વહ્યાંને આજે છ-છ દાયકાઓ વીતી ગયા છે. આજે એ શબ્દો સાકાર થયેલા અનુભવાય છે. એ નવ યોગેશ્વરોએ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના વિરલ સંતશિષ્ય તરીકે જ નહીં, પરંતુ સાધુતા અને ઉચ્ચ આધ્યાત્મિક જીવનશૈલીનું સૌ માટે આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિનુ ભગત(મહંત સ્વામી મહારાજ), રમણ ભગત(ડૉક્ટર સ્વામી), રણછોડ ભગત(કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી), મહેન્દ્ર ભગત (ત્યાગવલ્લભદાસ સ્વામી), અરુણ ભગત (ઈશ્વરચરણદાસ સ્વામી), નારાયણ ભગત(વિવેકસાગરદાસ સ્વામી), પ્રાગજી ભગત(ઘનશ્યામચરણદાસ સ્વામી) તરીકે ઓળખાયેલા એ નવ યોગેશ્વરો આજે લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણા અને ઊર્જા આપી રહ્યા છે. એ સદ્‌ગુરુ સંતોની છ-છ દાયકાની મૈત્રી (સંપ-સુહૃદભાવ-એકતા) અને સાધુતા બી.એ.પી.એસ. સંસ્થામાં જ નહીં, પરંતુ હિન્દુ ધર્મના આધ્યાત્મિક ઇતિહાસમાં એક અનોખું ઉદાહરણ બની રહી છે. ગુરુપદે આવ્યા પછી ૨૦૧૭માં એડિસનમાં એક સભામાં મહંત સ્વામી મહારાજ બોલી ઊઠ્યા હતાઃ 'દુનિયાની કોઈ શક્તિ કે કોઈપણ અમારા સૌનો સંપ ક્યારેય તોડાવી શકશે નહીં.' એ નવ યોગેશ્વરોની આવી અજોડ એકતા-મૈત્રીમાં, પોતાના જ ગુરુબંધુ મહંત સ્વામી મહારાજ પ્રત્યે ગુરુભક્તિનો જે અનોખો રંગ ઉમેરાયો છે, તે સૌને અહોભાવ અને સુખદ આશ્ચર્ય પણ ઉપજાવે છે. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને હવે મહંત સ્વામી મહારાજ પ્રત્યે એવી જ ગુરુભક્તિથી ઓપતા આ સદ્‌ગુરુ સંતો એક આધ્યાત્મિક દીવાદાંડી સમાન બની રહ્યા છે.

બી.એ.પી.એસ. સંસ્થાના આધારસ્તંભ સમા આ સદ્‌ગુરુ સંતોની ગુરુભક્તિનો એક સ્મૃતિ-અધ્યાય આ અંકમાં પ્રસ્તુત છે. અહીં પ્રગટ કરેલાં તેમનાં સંબોધનોમાંથી આપણને સૌને ભગવાન સ્વામિનારાયણ અને પ્રગટની ઉપાસનાનો એક વિરલ ઉપનિષદ-બોધ પ્રાપ્ત થાય છે.

પરમ પૂજ્ય પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં ચરણે 'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક ગુરુભક્તિની મહેકતી સુવાસ સાથે કોટિ કોટિ વંદન કરે છે.

- સાધુ અક્ષરવત્સલદાસ ◆





■ સાધુ સ્વયંપ્રકાશદાસ
(ડૉક્ટર સ્વામી)

# સબ ગુન પૂરન પરમ વિવેકી...

‘મારા અનુભવોમાં મહંત સ્વામી મહારાજ...’

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં આપણા મોક્ષને માટે ગુણાતીત સંતને વારંવાર બતાવ્યા છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ એ જ વાત કરી છે. એક વખત ગુણાતીતાનંદ સ્વામીએ *‘સંત જન સોહી સદા મોહે ભાવે...’* વગેરે સંત-મહિમાનાં પદ સાંભળ્યાં ત્યારે તેમણે કહ્યું હતું: ‘આ ચાર પદની અંદર ચાર વેદ, ષટ્શાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર આવી ગયો.’

ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪ના વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે આ સંત સમાગમ મળ્યો છે એ પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે. વળી, સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના ૩૭ના વચનામૃતમાં કહ્યું કે આવા સંતનાં ચરણની રજ હું માથે ચઢાવું છું. આવા ગુણાતીત સંતનો મહિમા કહેતાં સ્વયં ગુણાતીતાનંદ સ્વામીએ એકવાર કહ્યું કે આ ગિરનાર પર્વતમાં જેટલાં ઝાડ છે એ બધાં ઝાડ કલ્પવૃક્ષ હોય અને એના માલિક આપણે હોઈએ અને એનો

ત્યાગ કરવો પડે તો એ ત્યાગ કરીને પણ આવા સંતનો સત્સંગ કરવો. ગુણાતીતાનંદ સ્વામીએ એકવાર એમ પણ કહ્યું કે રોટલા ખાવા મળે છે પણ એ ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને આવા ગુણાતીત સંતનો સમાગમ કરીએ, એ ન મળે તો કાચા દાણા ખાઈને સમાગમ કરીએ, એ ન મળે તો પાણી પીને સમાગમ કરીએ અને એ ન મળે તો હવા ઉપર રહીને પણ સમાગમ કરીએ.

બધાં જ શાસ્ત્રો ગુણાતીત સંતનો આ મહિમા ગાય છે.

પ્રમુખસ્વામી મહારાજ એવા ગુણાતીત સત્પુરુષ હતા. અત્યારે મહંત સ્વામી મહારાજ એવા ગુણાતીત સંત છે.

પ્રમુખસ્વામી મહારાજનાં જીવન અને કાર્ય વિશે આપણે ઘણું બધું જાણ્યું-સાંભળ્યું છે, પરંતુ પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ હતી કે તેમનું હૃદય અત્યંત શુદ્ધ હતું. એટલે તેમનામાં ભગવાનની શક્તિ કાર્ય કરી રહી હતી. માણસ પોતાની બુદ્ધિ અને શક્તિનો ઉપયોગ કરી, વિજ્ઞાનનાં સાધનોથી ગમે તેટલું કાર્ય આગળ વધારે પણ એ બધું જ કાર્ય પાણીના એક ટીપા જેટલું છે, ભગવાનની શક્તિ અને ભગવાનનું કાર્ય સમુદ્ર જેટલું વિરાટ અને વિશાળ છે. એવા ભગવાન સાથે જોડાણ થાય તો અશક્ય કાર્ય શક્ય બને છે. પ્રમુખસ્વામી મહારાજે એ રીતે વિરાટ કાર્ય કર્યું છે.

એ પ્રમાણે આપણે પણ પ્રમુખસ્વામી મહારાજની જેમ હૃદય શુદ્ધ કરવાનું છે. અંદરનો સુધારો કરવાનો છે. પ્રમુખસ્વામી મહારાજે અહંશૂન્યતાથી કાર્ય કર્યું છે. દેશ-પરદેશમાં મંદિરો કર્યાં, સંતો કર્યા, બીજાં કેટલાંય વિરાટ કાર્યો કર્યાં. પરંતુ અનેક સંતો-ભક્તોમાં સમર્પણભાવ પ્રગટ થયો ત્યારે એવાં વિરાટ કાર્યો થયાં છે. એ સમર્પણભાવ પ્રમુખસ્વામી મહારાજની અહંશૂન્યતામાંથી પ્રગટ થયો છે. એ જ રીતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા આજે કાર્ય થઈ રહ્યું છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તેમના દ્વારા પ્રગટ જ છે, એમ અનુભવાય છે.

હું તો ૧૯૫૧-૫૨માં કોલેજમાં હતો ત્યારથી જ મહંત સ્વામી મહારાજના પરિચયમાં છું. તેમણે જે સંજોગોમાં આ ત્યાગાશ્રમ સ્વીકાર્યો હતો તે અદ્ભુત છે.

મહંત સ્વામી મહારાજ અને અમે બધા યુવક તરીકે હતા ત્યારે યોગીજી મહારાજ સાથે વિચરણમાં જોડાયા હતા. એક વખત કંડારી ગામે યોગીજી મહારાજે એમને અને મને પૂછ્યું કે તમારે ભવિષ્યમાં શું થવું છે? ત્યારે મહંત સ્વામી મહારાજે (તે સમયે વિનુભાઈ) કહ્યું કે 'સાધુ!' યોગીજી મહારાજે એકદમ પ્રસન્ન થઈને તેમના પર આશીર્વાદનો ધબ્બો મારીને કહ્યું કે 'લો, સાધુ થઈ ગયા!' મેં ડોક્ટર થવાના આશીર્વાદ માંગ્યા તો મને પણ આશીર્વાદનો ધબ્બો મારીને કહ્યું: 'લો, ડોક્ટર થઈ ગયા!'

અને ખરેખર યોગીજી મહારાજના એ આશીર્વાદ સત્ય ઠર્યા. એ સમયથી હું નિરખું છું કે મહંત સ્વામી મહારાજના જીવનમાં પહેલેથી જ સાધુતા છે. તેમને યોગીજી મહારાજના પ્રેમની એવી લગની લાગી હતી કે જલદી સાધુ થઈને યોગીજી મહારાજનાં ચરણોમાં હોમાઈ જવું હતું, પરંતુ યોગીજી મહારાજે તેમને ભણવાનો આદેશ કર્યો એટલે બી.એસસી. (એગ્રિ.) થયા. જે દિવસે તેમની બી.એસસી.ની છેલ્લી પરીક્ષા પૂરી થઈ તે જ દિવસે તેઓ કોલેજથી સીધા જ યોગીજી મહારાજ જ્યાં હતા ત્યાં તેમની સેવામાં પહોંચી ગયા.

યોગીજી મહારાજે તેમને તરત આજ્ઞા કરી કે દીક્ષા લઈ લો. પણ હકીકત એવી હતી કે તે સમયે તેમના ઘરની આર્થિક પરિસ્થિતિ સારી નહોતી. પરિણામે ઘરના કેટલાક સભ્યોની ઇચ્છા હતી કે મહંત સ્વામી બી.એસસી. થયા છે તો તેમને કોઈક સારી નોકરી મળશે અને કમાશે, તેનાથી ઘરને ટેકો રહેશે. મહંત સ્વામી મહારાજના એક મોટા ભાઈ ઇંગ્લેન્ડ રહેતા હતા. બીજા એક ભાઈ સામાન્ય નોકરી કરતા હતા. તેમના પરિવારની જવાબદારી પિતા પર હતી. એટલે તેમના ઘરનાં સભ્યોમાંથી એક વ્યક્તિએ મને વાત કરી કે 'તમે યોગીજી મહારાજને વિનંતી કરો કે વિનુભાઈને દીક્ષા આપે તેમાં તો અમે બધાં રાજી જ છીએ, પણ સન ૧૯૬૧માં બીજા યુવકોને દીક્ષા આપવાના છે, તે વખતે તેમને દીક્ષા આપે. કારણ કે અત્યારે અમારે આર્થિક કટોકટી છે તેમાં તેઓ નોકરી કરે તો કંઈક મદદ થાય.' આથી તેમના ઘરનાં સભ્યો વતી મેં યોગીજી મહારાજને વિનંતિ કરી કે સ્વામી! ૧૯૬૧માં અન્ય ઘણા બધાને દીક્ષા આપવાની છે તે વખતે તેમની સાથે મહંત સ્વામીને દીક્ષા આપો તો ત્યાં સુધીનાં ત્રણ-ચાર વર્ષ સુધી તેઓ થોડું કમાય, તેનાથી તેમના કુટુંબને ટેકો રહેશે. પરંતુ તે વખતે યોગીજી મહારાજે મને કહ્યું: 'તમે એમના પરિવારનાં બધાંને કહેજો કે જરાય ચિંતા ન કરે. વિનુભાઈને હું એવા સાધુ બનાવીશ કે એમના સંકલ્પે લાખો રૂપિયા આવશે!' એ રીતે યોગીજી મહારાજની ખૂબ કૃપાદૃષ્ટિ તેમના પર પહેલેથી જ હતી.

ત્યાર પછી તેઓ તો દીક્ષા લઈને યોગીજી મહારાજ સાથે જોડાઈ ગયા અને અમારા જેવા અનેક યુવકો માટે સાધુ થવાની એક કેડી ખોલી દીધી.

મહંત સ્વામીએ દીક્ષા લીધી અને પાર્ષદ તરીકે હતા ત્યારે યોગીજી મહારાજે તેમને ખૂબ કડક નિયમો આપ્યા હતા. જેમ કે, યોગીજી મહારાજે તેમને આદેશ આપેલો કે કોઈના અવગુણની વાત કરવી નહીં અને સાંભળવી પણ નહીં. તેનું તેમણે આજ સુધી દૃઢતાથી પાલન કર્યું છે.

મહંત સ્વામી પાર્ષદ તરીકે હતા ત્યારે એક વખત એવા સંજોગો આવ્યા કે એમને કોઈકના મુખેથી અભાવ-અવગુણની વાત કંઈક સાંભળવી પડી. સંજોગો જ એવા હતા કે તેઓ ત્યાંથી નીકળી શકે તેમ નહોતા. આ વાત તેમણે યોગીજી મહારાજને કહી તો યોગીજી મહારાજે એમને પ્રાયશ્ચિત્ત રૂપે બે ઉપવાસ કરવાની આજ્ઞા કરી! જેણે અભાવ-અવગુણની વાત કરી હતી એને એક જ ઉપવાસ કરવાનું કહ્યું! આવું કેમ? મહંત સ્વામીએ તેના પર મનન કર્યું કે મેં સાંભળ્યું ત્યારે એ વ્યક્તિએ અભાવ-અવગુણની વાત કરી ને! આથી સાંભળનાર વધુ પ્રાયશ્ચિત્તને પાત્ર છે. એમ યોગીજી મહારાજનો તેમણે ગુણ લીધો.

આમ, જીવનભર તેમણે યોગીજી મહારાજ અને ત્યારપછી પ્રમુખસ્વામી મહારાજને પ્રસન્ન કરવા માટે સતત સાવધાની રાખી છે.

યોગીજી મહારાજે અમને તેમનો મહિમા અનેક વખત કહ્યો હતો. એક વખત તેમણે અમને કહ્યું હતું: ‘શ્રીજીમહારાજના માળાના મણકામાં આવવું હોય તો મહંત સ્વામીની આજ્ઞામાં રહેવું.’ યોગીજી મહારાજે અમને આજ્ઞા કરી હતી કે તમારે મહંત સ્વામીને રોજ દંડવત્ કરવા. ૧૯૬૭માં પ્રમુખસ્વામી મહારાજે મને છ પાનાંનો એક કાગળ લખેલો. તેમાં મહંત સ્વામી મહારાજનો અપરંપાર મહિમા લખ્યો હતો.

મહંત સ્વામીના અનેક સદ્‌ગુણો છે, તેમાં સૌથી મોટો ગુણ છે - *‘સબગુણ પૂરણ પરમ વિવેકી, ગુણ કો માન ન આવે...’* તેઓ બધા સદ્‌ગુણોથી યુક્ત છે, પરંતુ એ સદ્‌ગુણોનું માન ન હોવું તે એથીય મોટી વાત છે. મહંત સ્વામી મહારાજની એવી નિર્માનિતા છે. આ એક બહુ મોટી વાત છે. આટલા બધા માણસો માનતા હોય, આટલું સન્માન મળતું હોય, તોપણ માન ન આવે, એ બહુ જ અઘરી બાબત છે. જેમાં આવું નિર્માનીપણું છે, તેમાં ભગવાન પ્રગટ જ બિરાજે છે. એટલે આ બધાં જ કાર્યો થાય છે.


મહંત સ્વામીના અનેક સદ્‌ગુણો છે, તેમાં સૌથી મોટો ગુણ છે - ‘સબગુણ પૂરણ પરમ વિવેકી, ગુણ કો માન ન આવે...’ એવી એમની સાધુતા અને એવી એમની નિર્માનિતા છે. આટલા બધા માણસો માનતા હોય, આટલું સન્માન મળતું હોય, તોપણ માન ન આવે, એ બહુ જ અઘરી બાબત છે.

એમણે કેટલાં શિખરબદ્ધ મંદિર બનાવ્યાં છે! સેંકડો હરિમંદિરોની પ્રાણપ્રતિષ્ઠા કરી છે, સેંકડો યુવાનોને દીક્ષા આપી છે. અબુધાબીમાં મંદિર અને રોબિન્સવિલમાં અક્ષરધામ જેવાં મહાન કાર્યો કર્યાં. પ્રમુખસ્વામી મહારાજનો ભવ્ય શતાબ્દી મહોત્સવ ઊજવ્યો. આવાં તો અનેક કાર્યો કર્યાં, પરંતુ જાણે કંઈ કરતા જ નથી તેવી રીતે!

વળી, આ બધાં કાર્યો પાછળ તેમનો એક આધ્યાત્મિક સંદેશ કાયમ જોડાયેલો રહે છે. અક્ષરધામના ઉદ્‌ઘાટન પ્રસંગે મહંત સ્વામી મહારાજે કહ્યું હતું: બહાર તો અક્ષરધામ બની ગયું, હવે અંદર અક્ષરધામ બનાવવાનું છે. અંદર અક્ષરધામ બનાવવું એટલે શું? આપણે હૃદય શુદ્ધ કરવાનું છે. ઘર સાફ કરનારા નીકળશે. મોટર સાફ કરનારા નીકળશે. હોજરી સાફ નીકળશે. પણ હૃદય એટલે કે અંતઃકરણ સાફ કરનારું બીજું કોઈ તંત્ર શોધાયું છે? એ જેમનું હૃદય શુદ્ધ છે એવા મહાન ગુણાતીત ગુરુના માર્ગે ચાલીને આપણે જ એ કરવું પડશે. એવા ગુણાતીત ગુરુ મહંત સ્વામી મહારાજ છે. અનેક ક્ષેત્રના મહાનુભાવો, કેટલાક ભગવાનમાં નહીં માનનારા લોકો પણ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને માને છે. એ કયું તત્ત્વ છે? એ છે એમનું શુદ્ધ હૃદય. શુદ્ધ હૃદય હશે તો કાયમ શાંતિ-સુખ અનુભવાશે. એમને રાજી કરવાથી આપણું હૃદય એવું શુદ્ધ થાય છે.


બીજું, મહંત સ્વામી મહારાજનું કાયમી સૂત્ર યાદ રાખવા જેવું છેઃ No complain (કોઈ ફરિયાદ નહીં); No excuse (કોઈ બહાનું નહીં); No expectations (કોઈ અપેક્ષાઓ નહીં); અને No comparison (કોઈ સરખામણી નહીં.)’’

આ ચાર સૂત્રો પરિવારમાં, સત્સંગમાં અને સમુદાયમાં જાળવીશું તો આપણો સંપ આપણે બરાબર રાખી શકીશું. આવા આધ્યાત્મિક સિદ્ધાંતો સાથે, તમે જ્યાં નોકરી કરો છો, ત્યાં વ્યવસ્થિત નોકરી કરો. તમે વિદ્યાર્થી છો તો વ્યવસ્થિત ભણો અને વ્યવસ્થિત પરીક્ષા આપો. એવી રીતે તમે જે પણ પદ-અધિકાર પર હો ત્યાં તમારું પ્રત્યેક કાર્ય, સત્સંગ અને નિયમધર્મ સાથે ભક્તિ પ્રામાણિકપણે કરશો તો મહંત સ્વામી મહારાજને યથાર્થ ઓળખી શકાશે અને રાજી કરી શકાશે. મહંત સ્વામી મહારાજની જન્મજયંતીનો આ સંદેશ છે. ◆



‘મારા અનુભવોમાં મહંત સ્વામી મહારાજ...’

# નમ્ર અને શાંત સંતવિભૂતિ...



■ સાધુ ભક્તિપ્રિયદાસ
(કોઠારી સ્વામી)

મુક્તાનંદ સ્વામીની એક જાણીતી પંક્તિ યોગીજી મહારાજ ઘણી વખત બોલતા:

‘कोई कहे हरि हो गए, कोई कहे होवनहार।
मुक्त प्रगट की प्रीछ बिन भटकत सब संसार॥

કોઈ ભગવાન થઈ ગયા છે એમ માને છે, કોઈ ભગવાન થશે એમ માને છે, પરંતુ પૃથ્વી ઉપર પ્રગટ વિચરતા ભગવાનની ઓળખાણ વિના જીવન વ્યર્થ છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે જ્યારે જ્યારે આ જીવને ભરતખંડમાં જન્મ મળે છે ત્યારે ભગવાન અને સંત પૃથ્વી પર જરૂર વિચરતા હોય છે. એમની ઓળખાણ થવી જોઈએ.

ભગવાન સ્વામિનારાયણે પોતાના પ્રગટ સ્વરૂપ સમાન એવા સંતની ઓળખાણ લક્ષણો વર્ણવીને કરાવી છે. એવા સંતના પ્રસંગથી આપણને પ્રગટ ભગવાનનો યોગ થાય છે.

વર્તમાન સમયે એવાં લક્ષણોથી યુક્ત સંત પરમ

પૂજ્ય મહંત સ્વામી મહારાજમાં ભગવાન પ્રગટ બિરાજે છે - એવો લાખો હરિભક્તોને અનુભવ થાય છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજમાં જેવી ભગવાનની પરાભક્તિ, નમ્રતા, સાધુતા, સહનશીલતા વગેરે સંતનાં ઉત્તમ લક્ષણો નીરખવા મળતાં એવાં જ વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજમાં નીરખવા મળે છે.

આવા ગુણાતીત સંત અને ભગવાનમાં એકતા છે.

સન ૧૯૫૦માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને જ્યારે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું પ્રમુખપદ સોંપ્યું ત્યારે સભા ભરાઈ હતી. સભા બાદ સૌએ ભોજન લીધું. ભોજન લઈને સૌ વીખરાઈ ગયા, પરંતુ એ સમયે નવા જ નિયુક્ત થયેલા પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોનાં એઠાં વાસણ ઊટક્યાં હતાં. જો પ્રમુખસ્વામી મહારાજે ધાર્યું હોત તો બીજાને વાસણ ઊટકવાનું કહી શક્યા હોત, પણ તેમણે જાતે જ વાસણો ઊટક્યાં. એ જ નમ્રતાથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ વર્તે છે. સન ૧૯૬૧માં દીક્ષા લીધા બાદ અમે સંતો મુંબઈમાં રહેતા હતા, ત્યારે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અમને સૌને કહ્યું હતું 'તમારે સૌએ મહંત સ્વામીની આજ્ઞામાં રહેવું.' મહંત સ્વામી મહારાજ મહંત તરીકે બિરાજતા હોવા છતાં એક નાનામાં નાના સેવકની જેમ મંદિરની વિવિધ સેવાઓમાં જોડાઈ જતા. અમને બધાને જે યાદ રહી ગયું છે તે એ છે કે બપોરે એઠાં વાસણ માંજવાનું કામ પણ મહંત સ્વામી મહારાજે વર્ષો સુધી કર્યું છે. તે વખતે વાસણ રાખથી અથવા ધૂળથી ઊટકવાનાં હતાં. સ્વામીશ્રીના હાથમાં કણીઓ થઈ જાય, હાથ ફાટી જાય તોયે તેઓ વાસણ ઊટકવાની એ સેવા કરતા. વાસણ ઊટકવાનાં હોય કે બીજી કોઈ સેવા હોય, તમામ સેવાઓમાં તેઓ ઉત્સાહથી તૈયાર હોય, ક્યારેય વેઠ નહીં. સારામાં સારી રીતે તમામ સેવા તેમણે કરી છે.

સન ૧૯૭૪માં પ્રમુખસ્વામી મહારાજને અચાનક જ નૈરોબીથી રાતે એક વાગ્યે પુનઃ મુંબઈ આવવાનું થયું. મુસાફરી દરમ્યાન અનુકૂળતા ન હોવાથી હરિકૃષ્ણ મહારાજને થાળ ધરાવવાનો બાકી રહી ગયો હતો. તો પ્રમુખસ્વામી મહારાજે રાત્રે હરિકૃષ્ણ મહારાજ માટે થાળ તૈયાર કરાવ્યો અને દંડવત્ કરીને માફી માંગી, અપાર ભક્તિભાવપૂર્વક ઠાકોરજીને થાળ ધરાવ્યો. આ પ્રકારની પરાભક્તિનાં દર્શન પ્રમુખસ્વામી મહારાજમાં સૌને અવારનવાર થયેલાં છે.

એવી જ પરાભક્તિ મહંત સ્વામી મહારાજમાં પણ જોવા મળી છે. મહંત સ્વામી મહારાજ મુંબઈમાં બિરાજતા ત્યારે મુંબઈમાં યોગીજી મહારાજે પધરાવેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ - જબરેશ્વર મહારાજને તેઓ ભક્તિપૂર્વક ખૂબ લાડ લડાવતા. ઠાકોરજીને ચંદનના વાઘા ધરાવવાનાં હોય તો એ પણ તેઓ ખૂબ જ ભાવથી કરતા. ઠાકોરજીને પારણે ઝુલાવવાના હોય તો વિવિધ પ્રકારનાં પારણાં પણ મહંત સ્વામી મહારાજ ભક્તિભાવપૂર્વક બનાવતા. ઠાકોરજીને ભાતભાતના કલાત્મક હાર ગૂંથીને પહેરાવવા, ઠાકોરજીને ખાંતે કરીને થાળ જમાડવા, કલાત્મક હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવવા, ખૂબ ઝીણવટભરી દૃષ્ટિ સાથે અન્નકૂટ રચવા વગેરે અનેક સેવાઓમાં તેઓ પોતે ગૂંથાયેલા રહે અને સૌને તેમાં મહિમાથી જોડતા રહે.

તેમાંય પ્રાણપ્યારા ગુરુહરિ યોગીજી મહારાજને જાતે ગૂંથીને હારથી વધાવવાનો એમનો ઉમંગ કંઈક જુદો જ હતો. સમયે સમયે તેઓ મઘમઘતાં પુષ્પોના ભરાવદાર હાર ગૂંથીને યોગીજી મહારાજને પહેરાવે અને ગુરુભક્તિ અદા કરે. ક્યારેક વિશેષ પ્રસંગોએ યોગીજી મહારાજ પાસે આવતા-જતા હરિભક્તો સાથે તેઓ મુંબઈથી પુષ્પહાર બનાવીને મોકલાવે. ૧૯૬૯ના હરિજયંતી મહોત્સવે એક વખત મહંત સ્વામી તથા સંતોએ મોડી રાત સુધી જાગીને, ગૂંથીને હાર તૈયાર કર્યો હતો. હારના એક એક ફૂલની કળીમાંથી જાણે તેમની ભક્તિની સુવાસ નીતરતી હતી. ૬ ફૂટ લાંબો ને ૧૫ કિલો વજનનો આ બહુ મોટો હાર હરિભક્તો સાથે પ્લેનમાં મુંબઈથી ગોંડલ મોકલ્યો. યોગીજી મહારાજે તે હાર ઘનશ્યામ મહારાજને પહેરાવ્યો. કંઠમાં શોભી રહેલા હાર સહિત મૂર્તિનાં દર્શન કરતાં યોગીજી મહારાજ ધરાતા ન હતા. આ હારની પ્રશંસા કરતાં તેઓ બોલ્યાઃ 'મહંત સ્વામીની કેટલી ભક્તિ! એક કલાકમાં તૈયાર કરીને પ્લેનમાં મોકલી પણ આપ્યો. એક-એક ફૂલને પાંચ-પાંચ દંડવત્ કરીએ તો ઓછા છે!' અને યોગીજી મહારાજે ઘનશ્યામ મહારાજ સાથે હારને દંડવત્ પ્રણામ કર્યા!

મહંત સ્વામીના હૃદયમાં યોગીજી મહારાજ જેવી જ ગુરુભક્તિ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે હતી. યોગીજી મહારાજની છત્રછાયામાં પોતાની જાતને સદા ઢાંકીને વર્તતા પ્રમુખસ્વામી મહારાજનો મહિમા સૌ કોઈ સમજે એ માટે મહંત સ્વામીએ એક વિશિષ્ટ તક ઝડપી લીધી. ૧૯૬૮માં પ્રમુખસ્વામી મહારાજ યોગીજી મહારાજ સાથે મુંબઈમાં બિરાજતા હતા અને યોગાનુયોગ પ્રમુખસ્વામી મહારાજનો જન્મદિવસ તે અરસામાં હતો. તા. ૨૭ નવેમ્બર, ૧૯૬૮ અને માગશર સુદ ૮નો એ દિવસ હતો, પ્રમુખસ્વામી



દિવસ-રાત શ્રદ્ધાપૂર્વક મહેનત કરીને ઠાકોરજીને ચંદનના વાઘા ધરાવવા, હિંડોળા કરવા, ઠાકોરજીને પારણે ઝુલાવવા, વિવિધ કલાત્મક હાર રચવા વગેરેમાં યુવાન મહંત સ્વામીની ભક્તિ સૌને મઘમઘતી અનુભવાતી...


મહારાજ એ દિવસે જીવનના ૪૮મા વર્ષમાં પ્રવેશતા હતા.

આથી, પ્રમુખસ્વામી મહારાજને જાણ પણ ન થાય એ રીતે એમનો ૪૮મો જન્મજયંતી ઉત્સવ, મહંત સ્વામીએ યોગીજી મહારાજના સાંનિધ્યમાં યોજી દીધો. ઉત્સવના દિવસે પ્રમુખસ્વામી મહારાજને તેની જાણ થતાં તેમણે ત્યાંથી બહાર નીકળી જવાની તૈયારીઓ પણ કરી લીધી, પરંતુ યોગીજી મહારાજની આજ્ઞા, મહંત સ્વામી અને સંતોનો પ્રેમ એવાં હતાં કે તેઓએ ન છૂટકે રોકાવું પડ્યું. ખૂબ સંકોચ સાથે પ્રમુખસ્વામી મહારાજ એ પ્રસંગે હાજર તો રહ્યા, પરંતુ પોતાના જન્મજયંતી ઉત્સવ અંગે તેમણે ખૂબ નારાજગી દર્શાવી. આ પ્રસંગે ભાવમય થઈ ગયેલા પ્રમુખસ્વામી મહારાજે ભવિષ્યમાં આવું ક્યારેય ન બને તે માટે સૌને વિનંતી કરી હતી, પરંતુ સાથે સાથે સંબોધન કરતાં તેમણે પોતાના કરતાં ઉંમરમાં ઘણા નાના હોવા છતાં મહંત સ્વામીનો ખૂબ મહિમા કહ્યો હતો. તેમણે કહ્યું હતુંઃ 'યોગીજી મહારાજે આ સંતો તૈયાર કર્યા છે તેથી મને ખૂબ શાંતિ રહે છે. મહંત સ્વામીનાં દર્શન કરતાં હૃદય ટાઢું થઈ જાય છે. જેમ સદ્‌ગુરુ પુરુષોત્તમદાસ સ્વામી(ખાનદેશી)નાં દર્શન કરતાં સહુ સંતો-હરિભક્તોને ટાઢું થતું, તેમ આજે મહંત સ્વામીનાં દર્શનથી થાય છે.'

મને મહંત સ્વામી મહારાજનાં પ્રથમ દર્શન ૧૯૫૮માં અમદાવાદમાં શાહીબાગ મંદિરે થયેલાં. તે વખતે તેઓ યોગીજી મહારાજની સાથે પત્ર-લેખનની સેવામાં હતા. ત્યારે તેમની નમ્ર અને શાંત પ્રતિભાથી ખૂબ આકર્ષણ થયું હતું. તે વખતે સાંભળ્યું હતું કે વિનુભગત સાયન્સ ગ્રેજ્યુએટ થઈને સાધુ થયા છે, તેનો મારા મન પર ઊંડો પ્રભાવ પડ્યો હતો. એ સમયે મહંત સ્વામી મહારાજની જેવી નમ્રતા હતી તેવી ને તેવી આજે લાખો લોકોના ગુરુપદે બિરાજતા હોવા છતાં જોવા મળે છે.

પ્રમુખસ્વામી મહારાજ લાખો ભક્તોના ગુરુપદે બિરાજતા હતા, છતાં પણ નાનામાં નાના બાળક, કિશોર, યુવાન, વડીલને બે હાથ જોડીને જ મળતા. એવાં જ દર્શન અત્યારે મહંત સ્વામી મહારાજના જીવનમાં થાય છે. આવા સમર્થ અને લાખોના ગુરુપદે બિરાજતા હોવા છતાં નાનામાં નાના બાળકોને બે હાથ જોડીને જ તેઓ વાત કરે છે. દરેકની આગળ આવી રીતે તેઓ નમ્ર જ રહે છે. ગુણાતીત સત્પુરુષોના જીવનમાં આપણને એક સરખી સામ્યતા દેખાય છે એટલે આ ગુણાતીત વારસો અખંડ છે.

આવા એકાંતિક સંતથી જ એકાંતિક ધર્મ સિદ્ધ થઈ શકે છે. એમના થકી એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકીએ એ પ્રાર્થના. ◆





■ સાધુ ત્યાગવલ્લભદાસ

ભગવાન સ્વામિનારાયણ કૃપા કરીને આ પૃથ્વી ઉપર પધાર્યા અને અનંત જીવોના કલ્યાણ માટે તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. પોતે તો ફક્ત ૪૯ વર્ષ જ આ પૃથ્વી ઉપર રહ્યા, પણ પોતાનો સંદેશ સદાય પૃથ્વી ઉપર પ્રવર્ત્યા જ કરે અને તેનાથી અનેક મનુષ્યો સુખી થાય એ માટે એમણે પોતાના ગુણાતીત સંત દ્વારા એમનું કાર્ય ચાલુ જ રાખ્યું છે. ભગવાન સ્વામિનારાયણની એ આધ્યાત્મિક ગુરુ પરંપરામાં તેમના સંકલ્પ મુજબ અવિરતપણે કાર્ય ચાલુ રહ્યું છે. એ પરંપરામાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સત્સંગનો જે વ્યાપ વધાર્યો છે, જે પુરુષાર્થ કર્યો છે, તે તો અજોડ છે જ, પરંતુ તેની સાથે સાથે ભગવાન સ્વામિનારાયણે સંતોના જે પંચવર્તમાન કહ્યાં છે – નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન – એ એમણે પોતાના જીવનમાં સાંગોપાંગ રાખ્યાં છે. આ વાત બહુ કઠણ છે. વાતો કરવી સહેલી છે, એડમિનિસ્ટ્રેશન કરવું સહેલું

# વિરલ સાધુતા, વિરલ સંત...

છે, પણ જે પોતાના ઇષ્ટદેવે જે નિયમો આપ્યાં છે તેમાં રહીને આ રીતે કાર્ય કરવું એ ખરેખરું બહુ કઠણ કાર્ય છે. ભગવાન સ્વામિનારાયણે ગઢડા અંત્ય પ્રકરણના ૨૭મા વચનામૃતમાં કહ્યું છે કે શાસ્ત્રમાં જે નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન – પંચવર્તમાન જે કહ્યાં છે એ જે સંતમાં અખંડ હોય એને અને ભગવાનને સાક્ષાત્ સંબંધ છે. આવા પંચવર્તમાન આદિક શુભ ગુણોથી શોભતા પ્રમુખસ્વામી મહારાજમાં ભગવાન સાક્ષાત્ અખંડ રહ્યા છે એવી આપણને અને અસંખ્ય લોકોને પ્રતીતિ પણ કરાવી. પ્રમુખસ્વામી મહારાજની વિશેષતા એ જ રહી છે કે એમની કોઈ પ્રાઈવેટ લાઈફ હતી જ નહીં. એમનું કોઈ એકાંત જીવન હતું જ નહીં.

જેમ અગરબત્તી પોતે સળગીને સુવાસ પાછળ મૂકતી જાય છે એમ પ્રમુખસ્વામી મહારાજનું જીવન છે. એમની સુવાસ એ આપણને સદાય પ્રેરણા આપતી રહેશે, બળ આપતી રહેશે.

એમનો સમય થયો એટલે એમણે દેહલીલા સંકેલી લીધી. પણ આપણે વિચારીએ કે આ કોનું કાર્ય છે? તો સ્વામિનારાયણ ભગવાનનું. એ સ્વામિનારાયણ ભગવાન વર્તમાન સમયે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રગટ બિરાજે છે. આપણા સૌની પ્રગટની ઉપાસના છે. પ્રગટ પાણી વિના જેમ તરસ ન છીપે, પ્રગટ ભોજન વિના જેમ આપણી ભૂખ ન જાય, એમ પ્રગટ ભગવાન વિના આપણો મોક્ષ થાય નહીં, પણ સ્વામિનારાયણ ભગવાને આવી કરુણા કરી છે કે આવા ગુણાતીત સંત દ્વારા સદા પૃથ્વી પર અખંડ રહ્યા છે.

તેમનું જીવન એની સાક્ષી પૂરે છે.

સન ૧૯૬૦માં ત્રીજી જુલાઈના રોજ મુંબઈમાં યોગીજી મહારાજે અમને દીક્ષા આપી ત્યારથી અમે તેમના ભેગા ને ભેગા જ રહ્યા છીએ. દીક્ષા લીધા બાદ શરૂઆતમાં ઘાટકોપરમાં અને ત્યારબાદ કાંદિવલીમાં અમે ખૂબ સામાન્ય પરિસ્થિતિમાં ઘણી મુશ્કેલીઓ વચ્ચે રહ્યા. ત્યાં યોગીજી મહારાજની આજ્ઞા મુજબ અમે રસોડાની અને અન્ય સેવાઓ સાથે કરતા. ૧૯૬૧માં યોગીજી મહારાજે અમને ૫૧ યુવકોને ભાગવતી દીક્ષા આપી, ત્યારબાદ દાદર મંદિરમાં લગભગ ૧૪ વર્ષ અમે સાથે જ રહ્યા, ઘણી સેવાઓમાં સાથે રહ્યા. અમારા બધામાં મહંત સ્વામી મહારાજ મોટેરા, પરંતુ તેઓ ખૂબ નમ્ર અને સરળ. ઠાકોરજીના થાળ, ઠાકોરજીની આરતી, ઠાકોરજીની વિવિધ સેવાઓ, કથાવાર્તા વગેરેમાં એમને ખૂબ ચીવટ. અમારી સાથે રોટલી કરવામાં જોડાઈ જાય. તેઓ ખૂબ પાતળી અને સુંદર રોટલી વણે. સૌને ખૂબ પ્રેમથી જમાડે. ત્યારબાદ એઠાં વાસણ ઊટકવાની સેવામાં પણ ખૂબ ઉત્સાહથી જોડાય.

અમારી સાથે રહેતા હતા ત્યારે આમ તો એમનું ભોજન સામાન્ય રહેતું, પરંતુ ત્યારબાદ વર્ષો સુધી એમનું ભોજન એટલે એવું ભોજન કે જેમાં ન મીઠું હોય કે ન કોઈ સ્વાદિષ્ટ મસાલા. વર્ષો સુધી એ જ રહ્યું તેમનું ભોજન.

એકવાર સન ૨૦૦૦માં યુ.એસ.એ.થી બાળકો-કિશોરો ભારતયાત્રાએ આવ્યા હતા. બોચાસણમાં મહંત સ્વામી મહારાજ ભોજન કરી રહ્યા હતા, ત્યારે દર્શન કરતાં બાળકોએ પૂછ્યું: 'આપ શું જમો છો ?'

પોતાના ભોજનપાત્ર(પત્તર)ની બાજુમાં પડેલા થાળ તરફ નિર્દેશ કરીને મહંત સ્વામી મહારાજે પૂછ્યું: 'ચાખવું છે?'

બાળકો રાજી થઈ ગયા. મહંત સ્વામી મહારાજે થાળમાંથી પરવળનું શાક થોડું લઈને ચમચી દ્વારા એક બાળકને આપ્યું. રાજી થઈને હોંશે હોંશે મોંઢામાં મૂક્યું, અને મૂકતાં જ તેણે થૂ થૂ કરી મોઢામાંથી કાઢી નાંખ્યું, કારણ કે તેમાં કોઈ સ્વાદ જ નહોતો.

બાળકે પૂછ્યું: 'આપને આવું સાવ સ્વાદ વિનાનું મોળું કેવી રીતે ભાવે છે?'

મહંત સ્વામી મહારાજે ટટ્ટાર થઈને કહ્યું: 'યોગીબાપા અને પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે એનો કેફ છે. એટલે બીજા સ્વાદની જરૂર નથી.'

આવી તેમની ઘણી સ્વાભાવિકતા અમને સ્પર્શી જતી.

અમારા સૌમાં તેઓ અગ્રણી, પરંતુ ક્યારેય એનો હુંહાટો નહીં. યોગીજી મહારાજ એમનો મહિમા કહે, પરંતુ તેમના મુખ પર ક્યારેય એનો અહંકાર નહીં.

૧૯૬૨માં મુંબઈમાં યોગીજી મહારાજે દાદર ખાતે હરિમંદિરની સ્થાપના કરી, તેના મહંત તરીકે મહંત સ્વામી અને કોઠારી તરીકે ભક્તિપ્રિયદાસ સ્વામીને નિયુક્ત કર્યા ત્યારે સૌ સંતોને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામીનો અપરંપાર મહિમા સમજાવીને તેમની આજ્ઞામાં રહેવાનું યોગીજી મહારાજ પ્રસંગે પ્રસંગે કહેતા રહેતા. ક્યારેક પત્રો દ્વારા, ક્યારેક કથાવાર્તામાં અને ક્યારેક રૂબરૂ વાર્તાલાપોમાં. એકવાર યોગીજી મહારાજે અમને કહ્યું હતું કે તમે મહંત સ્વામી મહારાજની આજ્ઞામાં રહેશો તો સોનાના થઈ જશો. મુંબઈમાં સંતોને સંબોધતાં યોગીજી મહારાજે ઉચ્ચારેલા શબ્દો યાદ આવે છે:

'સાંભળો, વાત કરીએ. આપણા આચાર્ય મહારાજ પ્રમુખસ્વામી છે! અમે પાયા ગાળ્યા, હવે ચણનાર પ્રમુખસ્વામી છે. મહંત સ્વામી આ બધાના રિપોર્ટ પ્રમુખસ્વામીને દેશે. આપણા આચાર્ય પ્રમુખસ્વામી મહિને - બે મહિને આવી જશે. શાસ્ત્રીજી મહારાજ અઠવાડિયે, દસ દી'એ ખંભાત, ભાદરણ જાતા. મહંત સ્વામી અહીંના હેડ છે, તે સૌની સંભાળ રાખશે.'

'સૌથી મોટા પ્રમુખસ્વામી! હેડ! સૌના મોટેરા પ્રમુખસ્વામી. તે કહે તેમ કરવું. એમની આજ્ઞા પાળીએ તો વૃદ્ધિ પમાય. મહંત સ્વામી કહે તેમ કરવું.'

'બધા સંતોએ મૂંઝવણ થાય તો મહંત સ્વામીને કહી દેવું. તે ઈન્જક્શન દે, મૂંઝવણ ટાળી નાખે. અહીં અક્ષરધામનું સુખ છે.'

'તમે જો ભગવાન ભજશો અને પ્રમુખસ્વામી, મહંત સ્વામીની આજ્ઞામાં રહેશો તો સોનાના થઈ જવાના. શેના? સોનાના!'

'અક્ષરધામમાં જાવું હશે તો છાપ જોઈશે. શ્રીજીમહારાજની છાપ ક્યારે મળે? સંતનો રાજીપો થાય ત્યારે. તે વિના છાપ ન મળે. મહંત સ્વામી જેવો સિક્કો મારી દે પછી પ્રકૃતિપુરુષ સુધી કોઈ આડું આવી ન શકે.'

'ભગતજી મહારાજ જેવી સ્થિતિ અમારા મહંત સ્વામીની છે, મુંબઈના મહંત સ્વામી. કેશવજીવનદાસ સ્વામી... દર્શન ન કર્યાં હોય તો મુંબઈ કરવા જાવું પડે, એવી સ્થિતિ. કોઈ માન કરે, અપમાન કરે તોય કાંઈ મનમાં લાગે નહીં.'

'પૂજ્ય નારાયણ સ્વામી(પ્રમુખસ્વામી) અને પૂજ્ય મહંત શ્રી કેશવજીવનદાસજીનો સમાગમ કરીશું તો મહારાજનો સમાગમ થઈ રહ્યો...'

'આપણા સ્વામિનારાયણ ભગવાન નિર્માની, ગુણાતીત નિર્માની, શાસ્ત્રીજી મહારાજ નિર્માની... એવા નિર્માની આપણે મહંત સ્વામી – કેશવજીવનદાસ સ્વામીને જોયેલા છે. નિર્માની. બહુ ભક્તરાજ. અખંડ બ્રહ્મની સ્થિતિ.'

આમ, યોગીજી મહારાજ સમયે સમયે તેમનો મહિમા ગાતા રહેતા.

યોગીજી મહારાજ કહેતા એવું એમનું નમ્ર અને પવિત્ર જીવન હતું. તેમની નમ્રતા અને સહનશીલતા સૌને ખૂબ સ્પર્શી જતી. એમના જીવનનાં અનેક પાસાંઓ એવાં છે કે જેમાંથી અમને સૌને હમેશાં પ્રેરણા મળતી રહી છે. ઈષ્ટદેવ અને ગુરુના આદેશ પ્રમાણેનું એમનું જીવન. તેઓ બહુ ઓછાબોલા છે, પણ જે બોલે છે તેમાં સારનો સાર હોય છે. બહુ શાંત સ્વભાવ છે. પણ એમની દૃષ્ટિ પણ ઘણું ઘણું કહી જાય આપણને. એમના તરફ જોઈએ તો પણ ખરેખર શાંતિ થઈ જાય, એવું એમનું નિર્મળ જીવન છે.

એમના જીવનમાં ક્યારેય દંભ કે દેખાવ જોયો નથી. જેવા અંદર એવા બહાર. મહંત સ્વામી મહારાજ અંતરની પ્રેરણાથી કામ કરે છે. એટલે એમને બહારના દેખાવની કાંઈ જરૂર પડતી નથી. એમના જીવન પરથી અનુભવ થાય છે કે તેઓ તો અમાયિક પુરુષ છે, દિવ્ય પુરુષ છે, એમની પ્રત્યેક ક્રિયા કલ્યાણકારી છે. એ જે કરે તે દિવ્ય માનીને સ્મૃતિ કરીએ તો આપણું કામ થઈ જાય.

મહંત સ્વામી મહારાજમાં અનંત ગુણ છે. એમાંથી થોડાક ગુણ આપણામાં આવે તો આપણું કલ્યાણ થઇ જાય. એમના એવા ગુણ આપણામાં લાવવા માટે એમણે જે ગોવર્ધન ઉપાડ્યો છે તેમાં આપણે ભળી જવાનું છે.

પ્રમુખસ્વામી મહારાજે આપણને મહંત સ્વામી મહારાજની ભેટ આપીને આપણને સુખી કરી દીધા, નિર્ભય કરી દીધા. પ્રમુખસ્વામી મહારાજે વચન આપ્યું હતું - I will always be with you. (હું હંમેશાં તમારી સાથે રહીશ.)' એ વચન તેઓએ સંપૂર્ણપણે નિભાવ્યું. અને આજે મહંત સ્વામી મહારાજના રૂપે પ્રગટ રહીને આપણને તેઓ જ લાભ આપી રહ્યા છે.

મહંત સ્વામી મહારાજમાં અનંત ગુણ છે. એમાંથી થોડાક ગુણ આપણામાં આવે તો આપણું કલ્યાણ થઈ જાય. એમના એવા ગુણ આપણામાં લાવવા માટે એમણે જે ગોવર્ધન ઉપાડ્યો છે તેમાં આપણે ભળી જવાનું છે. આજ્ઞાએ કરીને રાજીપો થાય છે અને આપણું જીવન ધન્ય બને છે.

આવા ગુણાતીત મહાપુરુષને જન્મ-મરણ હોતાં નથી, એમનો જન્મદિવસ તો માત્ર એક ઔપચારિક દિન છે. આમ છતાં લોક-વ્યવહાર મુજબ જન્મદિવસે ગમતી વસ્તુની ભેટ આપવાનો એક શિરસ્તો છે; અને મહંત સ્વામી મહારાજની ગમતી વસ્તુ છે - સંપ. તેમને સંપ ખૂબ ગમે છે. સંપ, સુહૃદભાવ, દિવ્યભાવ, નિર્દોષભાવમાં એમની ખૂબ રુચિ છે. તો સમગ્ર સત્સંગના સંતો-હરિભક્તો સંપ-સુહૃદભાવ અને એકતા રાખીશું તો તે તેમનો સાચો જન્મદિવસ ઊજવ્યો ગણાશે.

આવા વિરલ સાધુતા ધરાવતા, વિરલ ગુણાતીત સંતને તેમના જન્મદિવસે કોટિ કોટિ વંદન. ◆





■ સાધુ ઈશ્વરચરણદાસ

પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના સંતો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી વગેરેએ સંતમહિમાનાં અદ્‌ભુત પદો લખેલાં છે. તેમાં બ્રહ્માનંદ સ્વામી તો મહાવિદ્વાન અને વિચક્ષણ હતા, હૃદયથી શુદ્ધ હતા, ખૂબ અનુભવી હતા. એમણે પોતાના એક પદમાં લખ્યું છે: *'સંત પરમ હિતકારી જગતમાંહી...'* શા માટે? તો આગળની પંક્તિમાં લખે છે: *'પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી...'* આવા સંત આપણને ભગવાનમાં અનન્ય પ્રીતિ કરાવે છે અને આપણા મનના ભ્રમ છોડાવી દે છે.

આવા સંતની સોબત આપણને મળે તો? બ્રહ્માનંદ સ્વામી અંતિમ પંક્તિમાં લખે છે: *'બ્રહ્માનંદ કહે સંત કી સોબત, મિલત હૈ પ્રગટ મુરારી...'*

એવા ગુણાતીત સંત આપણને આ ને આ દેહે સાક્ષાત્‌ ભગવાનની પ્રાપ્તિ કરાવે છે, કારણ કે એવા

# પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ...

'મારા અનુભવોમાં મહંત સ્વામી મહારાજ...'

સંત પોતે જ ભગવાનનું સાક્ષાત્ સ્વરૂપ છે, એમણે રોમેરોમમાં ભગવાનને ધારણ કરી રાખ્યા છે. બ્રહ્માનંદ સ્વામીએ ગુણાતીત સત્પુરુષનો આ અદ્‌ભુત મહિમા કહ્યો છે તે આજે પણ આપણે પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે વર્ષો સુધી રહેવાનું થયું છે અને એમના જીવનમાં ક્ષણે-ક્ષણે આપણને સૌને એમની એવી ગુણાતીત સાધુતા અને દિવ્યતાનો અનુભવ થયો છે. અત્યંત નિર્માની, નિર્લેપ અને નિઃસ્પૃહી. બધાંનું શ્રેય કેમ થાય, ભલું કેમ થાય, એ જ એમણે રાત-દિવસ ચિંતા કરી છે. રાત-દિવસ મથીને એમણે બધાંના મનોરથ પૂર્ણ કર્યા છે. અનેક ભક્તોને એમનામાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં છે. હજારો-લાખો ભક્તો-સંતોએ અનુભવ કર્યો છે કે એ આપણને નિર્દોષ કરે છે.

વર્તમાન સમયે પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાન્નિધ્યમાં આપણને એ જ અનુભવ થાય છે. એમના મુખારવિંદ ઉપર શાશ્વત શાંતિ અને દિવ્યતાનો અનુભવ થાય છે. એમની વાણીમાં પણ દિવ્યતા છે. તેઓ બોલે છે ઓછું, પણ બહુ માર્મિક અને આપણા હૃદયને સ્પર્શ કરે, આપણને પ્રેરણા આપે એવું. એમનામાં ભગવાનનો વાસ છે. આવા ગુણાતીત સંતમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. આવા ગુણાતીત સંતનો સત્સંગ નિર્દોષભાવે, દિવ્યભાવે કરીએ તો જરૂર આપણું પરિવર્તન થાય છે, આપણને પણ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે, આપણું જીવન સાર્થક થાય છે.

મહંત સ્વામી સાથે મારી પ્રથમ મુલાકાત ૧૯૫૨-૫૩માં થયેલી. ગામડે-ગામડે વિચરણ કરતા યોગીજી મહારાજ સાથે ફરવા માટે વેકેશનમાં અમે યુવકો જોડાતા. યોગીજી મહારાજના એ વિચરણમાં વિનુભાઈ તરીકે આવેલા મહંત સ્વામી સાથે પ્રથમ મુલાકાત થયેલી. ત્યારથી જ એમની નમ્રતા અને સાધુતા સ્પર્શી ગયેલી. પહેલેથી જ એમનામાં સેવા-ભાવના. તેઓ હંમેશાં નાનામાં નાની સેવા કે નીચામાં નીચી ગણાતી સેવા ઉત્સાહથી કરતા. સેવા ન હોય તો સામેથી સેવા શોધતા. તેમને જોઈને અમને સૌને પણ ખૂબ પ્રેરણા મળતી. નાનાં-મોટાં કામમાં એમની ખૂબ ચીવટ, પરફેક્શનનો ગુણ અમને સ્પર્શી જતો. યોગીજી મહારાજ વિનુભાઈને બધા યુવકો સાથે ગોષ્ઠિ કરવાનું કહેતા, તેમાં તેઓ અમને બધાને મહિમાની ખૂબ વાતો કરતા.

૧૯૫૯-૬૦માં મારે યોગીજી મહારાજની સેવામાં આફ્રિકા ખંડના વિચરણમાં જોડાવાનું થયું ત્યારે મહંત સ્વામી પણ વિનુભગત તરીકે સાથે હતા. આફ્રિકાના આ વિચરણમાં તેમની સાથે સેવા-ભક્તિનો ખૂબ આનંદ આવ્યો. વિનુભગતની યોગીજી મહારાજ પ્રત્યેની નિર્દોષબુદ્ધિ, દિવ્યભાવ એ બધું જોઈને ખૂબ પ્રેરણા મળી. આફ્રિકાના એ વિચરણમાં જ યોગીજી મહારાજે અમને દીક્ષાનો આદેશ આપ્યો હતો.

અમે આફ્રિકાથી ભારત પાછા આવ્યા અને તરત જ યોગીજી મહારાજે મુંબઈમાં કપોળવાડીમાં અમને નવ યુવકોને દીક્ષા આપી, તેમાં વિનુભગતને પણ ફરીથી પાર્ષદી દીક્ષા આપી. અમારા સૌના મોવડી તરીકે તેમને મૂકીને યોગીજી મહારાજે અમને મુંબઈમાં સંસ્કૃતનો અભ્યાસ કરવા મૂક્યા. એ સમયે અને ત્યારબાદ એમને મુંબઈ મંદિરના મહંત તરીકે સ્થાપ્યા. ત્યારે પણ વર્ષો સુધી અમે સાથે રહ્યા. આ લાંબા સહવાસ દરમ્યાન એમની સાધુતા હંમેશાં અમને સૌને પ્રેરણા આપતી.

યોગીજી મહારાજના વચને ભણીગણીને સાધુ થનારા યુવકોમાં મહંત સ્વામી મહારાજ સૌપ્રથમ હતા. તેઓ સાધુ થયા તે એક એવું ઉદાહરણરૂપ બન્યું કે આવા ભણેલા ગણેલા યુવાનો સાધુ ન થાય - એ સમાજની માન્યતાની દીવાલ તૂટી.

અમને દીક્ષા આપીને મુંબઈમાં રહેવાની આજ્ઞા કરી ત્યારે યોગીજી મહારાજે કહ્યું હતું, 'તમારે સૌએ મહંત સ્વામીની આજ્ઞામાં રહેવું.' યોગીજી મહારાજે ત્યારથી તેમનો મહિમા કહ્યો હતો. એ મહિમા મુજબ, અમે તેઓની સાધુતા અને ગુણોને

" એમના મુખારવિંદ ઉપર શાશ્વત શાંતિ અને દિવ્યતાનો અનુભવ થાય છે. એમની વાણીમાં પણ દિવ્યતા છે. તેઓ બોલે છે ઓછું, પણ બહુ માર્મિક અને આપણા હૃદયને સ્પર્શ કરે, આપણને પ્રેરણા આપે એવું. એમનામાં ભગવાનનો વાસ છે. આવા ગુણાતીત સંતમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. "

સાઠ વર્ષોથી અનુભવીએ છીએ. ૧૯૬૦થી મુંબઈમાં સાથે રહેલા. તેમનામાં ખૂબ ધીરજ, નિર્માનીપણું ને સહનશીલતા. સંતના તમામ ગુણો તેમનામાં નીરખવા મળતા. તેમને દરેક પ્રત્યે આદર, દરેક પ્રત્યે પ્રેમ! દરેકને સત્સંગમાં સાચવવા, સૌનું પાલન-પોષણ કરવું તે તેમનું પહેલેથી અંગ હતું.

મહંત સ્વામીએ યોગીજી મહારાજનાં આસનો પણ ખૂબ બનાવ્યાં. યોગીજી મહારાજને તેમના પર પૂર્ણ વિશ્વાસ કે 'મહંત સ્વામી બરાબર કરશે.' મહંત સ્વામી તેમનાં આસન બનાવે તેમાં એક પણ કરચલી ન હોય. પથારી પણ તેવી રીતે પાથરી આપે. તે જોઈને યોગીજી મહારાજ ખૂબ રાજી થઈ જતા.

મહંત સ્વામી મહારાજમાં અત્યંત નિર્માનીપણું, અત્યંત દિવ્યતા, દરેક ઉપર પ્રેમ, દરેક ઉપર દિવ્ય દૃષ્ટિ અને દરેકનું ભલું કરવાની ભાવના છે. તેમણે વર્ષો સુધી ગામડે-ગામડે અને શહેરે-શહેરે વિચરણ કરીને ખૂબ પધરામણીઓ કરી છે, લોકોની મુશ્કેલીઓમાં ખૂબ ભાગ લીધો છે, કટોકટીના સમયમાં ભક્તોના સંકલ્પો પૂરા કર્યા છે, તેમને રાજી કર્યા છે. બીજાને રાજી રાખવા માટે પોતે શારીરિક અને માનસિક કષ્ટ ખૂબ વેઠ્યાં છે, ખૂબ ભીડો વેઠ્યો છે, પણ તોય કોઈ દિવસ એમના મુખમાંથી એક હરફ સુધ્ધાં નીકળ્યો નથી! એકદમ મૂકભાવે અને હાથ જોડીને તમામને રાજી કર્યા છે.

પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય મંદિરો અને બીજાં અનેક અસાધારણ કાર્યો કર્યાં. લોકોએ તેમનાં કાર્યોની ખૂબ પ્રશંસા કરી, પણ પ્રમુખસ્વામી મહારાજ પોતાનાં કાર્યોનો યશ ગુરુઓને આપતા રહ્યા. આવી અહંશૂન્યતા એમના જીવનમાં હતી. મહંત સ્વામી મહારાજ પણ વિરાટ કાર્યો કરી રહ્યા છે, છતાં એમનામાં ક્યાંય અહંભાવ ડોકાતો નથી.

એમણે અનેક પ્રદાનો આપ્યાં છે, તેમાંનાં બે પ્રદાનો નજર સામે જોઈએ છીએ: (૧) સત્સંગદીક્ષા ગ્રંથ, (૨) રોબિન્સવિલનું અક્ષરધામ.

'સત્સંગદીક્ષા'માં વચનામૃત, સ્વામીની વાતો, જીવનચરિત્રો વગેરે સંપ્રદાયના તમામ ગ્રંથોનો સાર સરળ શબ્દોમાં સમાવાયો છે. સામાન્ય વ્યક્તિ પણ સમજી શકે અને જીવનમાં અમલમાં મૂકી શકે એવા એકદમ સરળ શબ્દોમાં મહંત સ્વામી મહારાજે આ ગ્રંથમાં સાર આપ્યો છે. ભગવાન સ્વામિનારાયણ અને સમગ્ર ગુરુપરંપરાએ આપણને શું શું આદેશો આપ્યા છે? આદર્શ સત્સંગી, આદર્શ સંત તરીકે આપણે રોજ શું વિચારવાનું છે? રોજ શું આચરવાનું છે?' એ બધું જ આ ગ્રંથમાં બહુ જ સુંદર રીતે સમાવિષ્ટ છે.


એવું બીજું પ્રદાન છે – અમેરિકા ખાતે રોબિન્સવિલનું સ્વામિનારાયણ અક્ષરધામ.

પ્રમુખસ્વામી મહારાજની ખૂબ ઇચ્છા હતી કે હિન્દુ ધર્મનું એક અદ્‌ભુત મહામંદિર અમેરિકાની ધરતી પર બનવું જોઈએ, જેનાથી લાખો મનુષ્યોને હિન્દુ ધર્મની અને ભગવાન સ્વામિનારાયણનાં દિવ્ય જીવન અને સંદેશની પ્રેરણા હંમેશાં મળતી રહે. તે માટે તેઓએ વર્ષો સુધી સૌને ખૂબ પ્રેરણાઓ આપેલી. આ અક્ષરધામ માટે નકશાઓ તૈયાર કરીને પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજને બતાવવામાં આવતા. તેઓ જુએ અને એમાં સૂચનો આપીને ફેરફાર કરાવે. પ્રમુખસ્વામી મહારાજે રોબિન્સવિલના અક્ષરધામના નકશા પર જાતે સહી કરી હતી અને દરેક શિખર ઉપર ગુલાબનું પુષ્પ મૂક્યું હતું. અમેરિકામાં અક્ષરધામ બનાવવા પાછળનો તેમનો પ્રેરણાત્મક હેતુ એ હતો કે અહીં લાખો ભાવિકોને અને આપણી ભાવિ પેઢીને હજારો વર્ષો સુધી આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરની પ્રેરણા મળતી રહે. આ અક્ષરધામ દુનિયાને બતાવવા માટે નહીં, પરંતુ બધાને ભગવાનમાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ અને ભક્તિ વધે તે માટે બનાવવામાં આવ્યું છે.

પ્રમુખસ્વામી મહારાજનો આ સંકલ્પ મહંત સ્વામી મહારાજે પૂરો કર્યો છે. આ અક્ષરધામમાં સેવા કરનારાં હજારો બાઈ-ભાઈ સ્વયંસેવકોના પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજનું ઋણ કોઈ રીતે ચૂકવી શકીએ એમ નથી. મહંત સ્વામી મહારાજે આપણને અક્ષરધામનો આધ્યાત્મિક સાર અને આદેશ આપતાં કહ્યું છે કે, આપણા હૃદયની અંદર અક્ષરધામનું નિર્માણ કરવાનું છે. એટલે કે આપણું અંતઃકરણ શુદ્ધ કરવાનું છે. અંતઃકરણ શુદ્ધ થશે તો મહારાજ-સ્વામી અખંડ આપણા હૃદયમાં બિરાજમાન થશે.

આવા જ આધ્યાત્મિક હેતુ સાથે મહંત સ્વામી મહારાજે હવે સુરતમાં અક્ષરધામના નિર્માણનો મહાન યજ્ઞ આદર્યો છે. આવા સંતની મરજી મુજબ સેવા કરવાથી આપણે અતિશય નિર્દોષ, નિર્મળ થઈ જઈએ છીએ, અક્ષરધામના અધિકારી થઈ જઈએ છીએ.

તેઓની જન્મજયંતીએ તેમની પાસે એટલું જ માંગવાનું છે કે સત્સંગમાં અખંડ નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવ રહે. તેમના જીવનમાંથી તે જ શીખવાનું છે. તેઓ અત્યંત કૃપા કરી આપણને બધાને નિર્દોષબુદ્ધિ અને દિવ્યભાવમાં ગરકાવ કરી દે અને આપણે સૌ એકાંતિક ધર્મ સિદ્ધ કરી શ્રીજીમહારાજનાં ચરણોમાં બેસીએ એ જ પ્રાર્થના. ◆





■ સાધુ વિવેકસાગરદાસ

# આ યુગમાં એવા કોણ?

ત્રેતાયુગનો આ પ્રસંગ છે. મહર્ષિ વાલ્મીકિને મહાકાવ્ય રચવું હતું અને તેના માટે એક એવો ચરિત્ર-નાયક જોઈતો હતો, તેમનું જીવન જોઈને બધા પોતાનું જીવન તેમના જેવું બનાવે. અને તે પણ વર્તમાનકાલીન ચરિત્ર-નાયક જોઈતો હતો. એટલે એમને પ્રશ્ન ઊઠેલો કે આવા મહાપુરુષ કોણ હશે? એમને મુનિ નારદજી મળ્યા ત્યારે એમણે કહ્યું, 'એવા તો આજે ઈક્ષ્વાકુ વંશના ભગવાન શ્રીરામ છે.'

આ વાત થઈ ત્રેતાયુગની. અત્યારે હળાહળ કળિયુગ છે. આજના સમયે આ જ પ્રશ્ન આપણે જનતા સમક્ષ મૂકીએ: 'को नु अस्मिन् साम्प्रतं लोके।'

આ કળિયુગમાં એવા કોણ વ્યક્તિ છે, જેણે પોતાના જીવનની એકે એક ક્ષણ અગરબત્તીની જેમ બીજાના માટે ખર્ચીને સુંગંધ આપેલી હોય? ગતિયંત્રની માફક જે હંમેશાં વિચરણશીલ હોય? જેણે પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સંસ્કૃતિનો સેતુ બાંધેલો હોય?

જેણે ૧૨૦૦ નવયુવાનોને દીક્ષા આપીને એમના દ્વારા લોકસેવાનાં અને સંસ્કાર-પ્રવર્તનનાં અનેક કાર્યો કરાવ્યાં હોય? જેમણે આદિવાસીઓનાં કૂબે-કૂબે, ઝૂંપડે-ઝૂંપડે ફરીને લાખો આદિવાસીઓને ભગવાનના માર્ગે ચઢાવ્યા હોય? સત્તર હજાર જેટલાં ગામડાંઓ અને લગભગ અઢી લાખ ઘરોમાં વિચરીને કેટલાય લોકોના જીવન ઊર્ધ્વગામી કર્યા હોય? જેમણે પોતાની સાધુતા અને ભગવાનની ભક્તિના બળે આ સત્સંગનો વિકાસ પાંચેય ખંડની ધરતી પર કરેલો હોય? જે સદાચાર અને સંયમની મૂર્તિ સમાન હોય? જેમના પ્રસંગે અનેક જીવોને શાંતિ પ્રાપ્ત થતી હોય અને જીવનના ત્રિવિધ તાપ બુઝાઈ જતા હોય? જેમના સત્સંગથી સામાન્ય જીવને પણ મોક્ષની પ્રતીતિ આવી જતી હોય? એવા સંત આ પૃથ્વી ઉપર કોઈ છે? થોડાં વર્ષો પહેલાં આવા અનેક પ્રશ્નોનો એક જ જવાબ સૌના મુખેથી આવતો હતોઃ પ્રમુખસ્વામી મહારાજ.

આજે એ પ્રશ્નોનો જવાબ છેઃ મહંત સ્વામી મહારાજ.

સન ૧૯૭૧માં યોગીજી મહારાજે જ્યારે દેહ છોડી દીધેલો ત્યારે એ વખતે પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજી બોલેલા તે શબ્દો મને યાદ આવે છે કે, 'યોગીજી મહારાજ ગયા નથી, અંતર્ધાન થયા નથી, પરંતુ પ્રમુખસ્વામીમાં અંતર્નિહિત થયેલા છે.' એવી રીતે આજે પણ પ્રમુખસ્વામી મહારાજ ગયા નથી, પણ મહંત સ્વામીની અંદર અંતર્નિહિત થયેલા છે. એટલે કે મહંત સ્વામી રૂપે આપણને યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન થઈ રહ્યાં છે.

ગુણાતીત જ્ઞાનની વિશેષતા જ આ છે કે પ્રગટ દ્વારા મોક્ષની પ્રતીતિ, પ્રગટ સત્પુરુષ જે ગુણાતીત અક્ષરબ્રહ્મ તેના દ્વારા બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવી. ગુણાતીત સત્પુરુષ કોઈ દિવસ પૃથ્વી ઉપરથી જતા નથી. એ તો ચિરંજીવી છે. પ્રમુખસ્વામી મહારાજ આજે મહંત સ્વામીમાં પ્રગટ બિરાજે છે અને એમના દ્વારા સ્વામિનારાયણ ભગવાન પ્રગટ વિચરી રહ્યા છે.

પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે મારે ૧૯૫૭થી પરિચય છે. તા. ૧૮-૪-૧૯૫૭ના રોજ બોચાસણમાં ચૈત્રી પૂર્ણિમાના અવસરે મહંત સ્વામી સાથે મારે પ્રથમ મુલાકાત થયેલી. ત્યારે તેઓ વિનુભગત તરીકે પાર્ષદ અવસ્થામાં યોગીજી મહારાજની સેવામાં હતા.

સન ૧૯૬૦માં યોગીજી મહારાજે અમને દીક્ષા આપી ત્યારબાદ અમે મુંબઈમાં ઘણાં વર્ષો સુધી સાથે રહ્યા છીએ. મારે તો એમની સાથે એ સમયથી જ ઘરોબો હતો. એમણે અમને ખૂબ સત્સંગ-લાભ આપેલો છે, બળ આપેલું છે. દાદરમાં મંદિરમાં અમે સાથે વાસણ ઊટકતાં એ બધું યાદ આવે છે.

૧૯૬૦-૬૧ના અરસામાં યોગીજી મહારાજની આજ્ઞાથી અમે સંસ્કૃત અભ્યાસ માટે મુંબઈમાં ઘાટકોપરમાં સાથે રહેતા. એ વખતે અમે નવ જણા હતા. એ વખતે જ એમનું ઉપનામ 'મહંત' પડેલું. ત્યારથી અમારે એમની સાથે હેતપ્રીત. એમનો ખૂબ જ સૌમ્ય, સરળ અને શાંત સ્વભાવ. યોગીજી મહારાજનો ખૂબ રાજીપો એમણે પ્રાપ્ત કરેલો. અમે જ્યાં રહેતા હતા તે એક પાઠશાળા હતી, ત્યાં નીચેથી ગટર જતી. તમામ પરિસ્થિતિ ખૂબ સામાન્ય હતી. એ પાઠશાળાના સંચાલકો જમવામાં એક જ શાક આપે જે મોટે ભાગે સૂરણનું શાક હોય. તે પણ એક-એક ચમચી જ આપે. ફક્ત શુક્રવારે સાંજે એક મુઠ્ઠી ચણા આપે. કોઈના માટે ગોદડું જ નહોતું. એવા સંજોગોમાં મહંત સ્વામી અમારી સાથે રહેતા. તેમની સાધુતા અમને સૌને સ્પર્શી જતી. અમારા કરતાં પહેલાં દીક્ષિત થયેલા, પણ અમારી સાથે સહેજે ભળી જાય, સહેજે અંતરાય ન રાખે!

ત્યારપછી દાદરમાં સંસ્થાનું મંદિર થયું અને અમારે તેમાં રહેવાનું થયું. યોગીજી મહારાજનો આગ્રહ હતો કે દાદર મંદિરમાં રસોઈયો ને નોકર ન જોઈએ. તેથી વર્ષો સુધી મહંત સ્વામી મહારાજ સાથે અમે વાસણ ઊટકેલાં છે. અમે ગોંડલમાં હતા ત્યારે પણ અને યોગીજી મહારાજની સાથે વિચરણમાં ગામડાંઓમાં જઈએ ત્યારે પણ અમારે રોજ વાસણ ઊટકવાનાં. મોજીદડમાં તો નદીનાં પાણીએ વાસણ ઊટકવા જવાનું. નદીનું વહેણ ગામ કરતાં નીચે એટલે ત્યાં જવા માટે એકદમ સાંકડી સીડી હતી. તે ઊતરીને વાસર નદીમાં જવાનું. રેતી ભયંકર તપી હોય. તેમાં દોડીને જવાનું. પણ મહંત સ્વામી હંમેશાં તૈયાર!

મહંત સ્વામી મહારાજની પહેલેથી જ અંતર્વૃત્તિ. બહારનું જોવામાં તેમને સહેજે વૃત્તિ નહીં. ૧૯૭૦માં લંડનમાં અમે સેન્ટ પોલ કેથિડ્રલ જોવા જવાના હતા, ત્યારે તેઓએ અનાસક્તિથી ના પાડી. ૧૯૬૮માં અમે કોલકાતામાં બિરલા સાઇન્ટિફિક મ્યૂઝિયમ જોવા ગયા ત્યારે તેઓ બસમાં બેઠા રહ્યા, પણ અંદર આવ્યા નહીં. મેં તેઓને કહ્યુંઃ 'ચાલો સ્વામી!' તો તેમણે કહ્યુંઃ 'ના, કાંઈ જોવા જેવું નથી દુનિયામાં.' આમ છતાં પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સ્વામિનારાયણ અક્ષરધામનાં પ્રદર્શનોના નિર્માણ માટે જ્યારે જરૂર પડી ત્યારે પોતાની બધી પ્રકૃતિ બાજુમાં મૂકી દીધી અને ૧૯૮૬માં

વિશ્વપ્રવાસમાં ગયા ત્યારે બધું જ વ્યવસ્થિત નિહાળ્યું, નિરીક્ષણ કર્યું અને તેને લીધે સ્વામિનારાયણ અક્ષરધામનાં પ્રદર્શનો શ્રેષ્ઠ બન્યાં.

એક વખત યોગીજી મહારાજે અમને કહેલું: 'મન ઊંચું ન કરવું. મૂંઝવણ આવે ત્યારે મહંત સ્વામીને વાત કરવી. નિષ્કપટ થઈએ તો દોષ ટાળી નાંખે.'

આમ, યોગીજી મહારાજે અને પ્રમુખસ્વામી મહારાજે અનેક વખત અમને તેમના મહિમાની વાતો કરેલી. સન ૧૯૬૮ની સાલમાં બોચાસણમાં ગુરુપૂર્ણિમાનો સમૈયો હતો ત્યારે બીમારીને લીધે યોગીજી મહારાજ ગોંડલ રોકાયા અને પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ વગેરેને બોચાસણ મોકલતાં સૌને કહ્યું, 'મારી જગ્યાએ પ્રમુખસ્વામીનું પૂજન કરજો.' તેમની એ સૂચના મુજબ આખો સંઘ બોચાસણ આવ્યો. ગુરુપૂનમની સભામાં પ્રમુખસ્વામી મહારાજે ભાવવાહી પ્રવચન કરતાં કહ્યું, 'યોગીબાપાએ કહ્યું છે કે મારી જગ્યાએ મહંત સ્વામીનું પૂજન કરજો.' સૌ સ્તબ્ધ થઈ ગયા! પણ તેઓ આ વાત પર એટલા દૃઢ હતા કે પોતાની બાજુમાં જ મહંત સ્વામીને બેસાડ્યા અને ભેગું પૂજન કરાવ્યું.

આ પ્રસંગમાં પ્રમુખસ્વામી મહારાજની મહાનતા અને સાધુતાનું દર્શન થયું કે તેઓ ખરેખરા સાધુ! બીજાને મોટા કરે તે સાચા સાધુ! અને સાથે તેમણે પોતાના ભાવિ સૂત્રધારનું સ્વરૂપ પણ ઓળખાવ્યું.

જુદા જુદા અનેક પ્રસંગોએ મહંત સ્વામીના આવા મહિમાની અનેક વાતો યોગીજી મહારાજે અને પ્રમુખસ્વામી મહારાજે અમને સૌને કરેલી. તેમાંનો એક પ્રસંગ મારા માટે અવિસ્મરણીય છે.


તા. ૧૫-૫-૧૯૭૮નો દિવસ હતો. પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં વિરાજ્યા હતા. અહીં તેમને અસહ્ય તાવ આવ્યો અને ખૂબ જ ટાઢ ચડી ગઈ. બહુ બધું ઓઢાડ્યું તોય ટાઢ જાય નહીં. એ સમયે તેમણે સેવકોને કહ્યું, 'નારાયણ ભગતને (મને) બોલાવો અને તમે બધા બહાર જાઓ.' હું તેમની પાસે પહોંચ્યો એટલે એમણે મને કહ્યું, 'હવે મને લાગે છે કે મારો દેહ રહેશે નહીં. મારી જગ્યાએ મહંત સ્વામીને ગુરુપદે નીમવા.' હું સાવ ઢીલો પડી ગયો અને પ્રાર્થના કરી કે 'આપ સ્વસ્થ થઈ જાઓ અને સૌને ખૂબ લાભ આપો.'


ત્યારપછી સ્વામીશ્રીએ ઘણાં વર્ષો સુધી વિચરણ કરીને સૌને અપાર લાભ આપ્યો. આ વાતને ઘણો સમય વીતી ગયો અને ત્યારબાદ પણ જુદા જુદા સમયે તેઓ અમને મહંત સ્વામી મહારાજનો મહિમા કહેતા રહ્યા. તા. ૧૩-૭-૨૦૧૨ના રોજ સ્વામીશ્રીએ મને અને ઈશ્વરચરણદાસ સ્વામીને બોલાવીને કહ્યું કે, 'હવે મારી જગ્યાએ મહંત સ્વામીને નીમવા છે.'

આમ, પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિ મહંત સ્વામી ઉપર બહુ પહેલેથી જ હતી. આપણા માટે તેમણે મહંત સ્વામીને પોતાના સ્થાને સ્થાપ્યા છે. મહંત સ્વામી મહારાજરૂપે આપણે પ્રમુખસ્વામી મહારાજની જીવંત પ્રસાદી જોઈ રહ્યા છીએ. પ્રમુખસ્વામી મહારાજના ધામગમન પછી પણ આજે સત્સંગ લીલોપલ્લવ દેખાય છે, કારણ કે તેઓ પ્રગટ છે. મહંત સ્વામી મહારાજ પ્રમુખસ્વામી મહારાજના અનેક સંકલ્પો પૂર્ણ કરી રહ્યા છે. રોબિન્સવિલમાં અક્ષરધામ જેવો મહાન સંકલ્પ આવા મહાન ગુરુ જ પૂર્ણ કરી શકે. વિવેકાનંદ સ્વામીએ અમેરિકા પધારી હિન્દુ ધર્મનો ઉદ્‌ઘોષ કર્યો, જ્યારે પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ પ્રમાણે મહંત સ્વામી મહારાજે અમેરિકામાં સ્વામિનારાયણ અક્ષરધામ અને અબુધાબીમાં ભવ્ય મંદિર બાંધી સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મની શાશ્વત પ્રતિષ્ઠા કરી દીધી. આવાં યુગકાર્યો થયાં એ જ બતાવે છે કે શ્રીહરિ આજે પણ પ્રગટ જ છે - મહંત સ્વામી મહારાજરૂપે.

> હવે માત્ર દૃષ્ટિ બદલવાની છે. જેમ હીરો તેનો તે હોય, પરંતુ કિંમત જાણ્યા પછી દૃષ્ટિ બદલાઈ જાય છે કે 'ઓહો! આ તો લાખ રૂપિયાનો હીરો છે!' એમ સત્પુરુષ બદલાતા નથી, પણ દૃષ્ટિ બદલવાની હોય છે. દિવ્ય ચક્ષુ આવી જાય તો દૃષ્ટિ બદલાઈ જાય.

હવે માત્ર દૃષ્ટિ બદલવાની છે. જેમ હીરો તેનો તે હોય, પરંતુ કિંમત જાણ્યા પછી દૃષ્ટિ બદલાઈ જાય છે કે 'ઓહો! આ તો લાખ રૂપિયાનો હીરો છે!' એમ સત્પુરુષ બદલાતા નથી, પણ દૃષ્ટિ બદલવાની હોય છે. દિવ્ય ચક્ષુ આવી જાય તો દૃષ્ટિ બદલાઈ જાય. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપી ત્યાં એકેય વસ્તુ બદલાઈ નહોતી, પરંતુ અર્જુનની દૃષ્ટિ બદલાઈ ગઈ. તેમ આ ગુણાતીત તો એના એ જ છે, પણ તેને જોવાની દૃષ્ટિ બદલાઈ જાય તો જીવન સાર્થક થઈ જાય. એવી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના. ◆





■ સાધુ ઘનશ્યામચરણદાસ

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર શ્રી મણિભાઈ નારાયણભાઈ પટેલના ઘરે જબલપુરમાં મહંત સ્વામી મહારાજનો વિનુભાઈ તરીકે જન્મ થયો, ત્યારબાદ વર્ષો સુધી તેઓ જબલપુરમાં રહીને જ અભ્યાસ કરતા હતા, પરંતુ ૧૯૫૧માં તેઓ જબલપુરથી આણંદ આવ્યા ત્યારે મેં તેમનાં પ્રથમ દર્શન કરેલાં.

ત્યારે તેમની અઢારેક વર્ષની ઉંમર. તેમનું વિનુભાઈ નામ. ભણવામાં ખૂબ તેજસ્વી. એ અવસ્થામાં એમને યોગીજી મહારાજનો યોગ થયો અને તેમનામાં સંપૂર્ણ હોમાઈ ગયા. યોગીજી મહારાજ સાથે એમનું જોડાણ થયું તે એવું વિશિષ્ટ હતું કે તેઓ યોગીજી મહારાજ વિના રહી શકતા નહીં. વેકેશન પડે અને તેઓ યોગીજી મહારાજ જ્યાં હોય ત્યાં તેમની સેવામાં પહોંચી જાય. યોગીજી મહારાજનો અપાર પ્રેમ અને તેમની અપાર કૃપા તેમના પર વરસતી.

વિનુભાઈની સાધુતા જોઈને અમારા જેવા યુવકોને

'મારા અનુભવોમાં મહંત સ્વામી મહારાજ...'

# એમની સાધુતા સૌને સ્પર્શતી...

ખૂબ પ્રેરણા મળતી.

૧૯૬૦માં યોગીજી મહારાજના હસ્તે દીક્ષા લીધા બાદ તેઓની આજ્ઞાથી મુંબઈમાં અમે બધા સાથે રહેતા હતા. યોગીજી મહારાજે મહંત સ્વામીને અમારા બધાના મહંત તરીકે નિયુક્ત કરેલા. યોગીજી મહારાજે અમને તેમની આજ્ઞામાં રહેવાનું કહ્યું હતું, પરંતુ તેઓ તો અમને આજ્ઞા કરવાને બદલે ખૂબ સરળતાથી અમારી સાથે વર્તતા હતા. સૌમાં મોટેરા હોવા છતાં તેમનું નિર્માનીપણું, એમની સહનશીલતા, એમનો દાસભાવ વગેરે ગુણો એવા હતા કે તેમણે ક્યારેય પોતાની મોટાઈ બતાવી નથી. અમને બધાને કથાવાર્તા કરીને પ્રેરણા આપતા.

૧૯૬૫માં યોગીજી મહારાજની આજ્ઞાથી મારે મુંબઈથી સારંગપુર જવાનું થયું. સારંગપુરમાં પૂજ્ય સંતવલ્લભદાસ સ્વામી સાથે વિચરણમાં જોડાવાનું હતું. તેના કારણે મુંબઈમાં રહેતા અમે એકબીજાથી છૂટા પડવાના હતા. મારા સહદીક્ષાર્થીઓથી છૂટા પડતી વખતે સ્વાભાવિક છે કે અંતરમાં થોડું દુઃખ થાય. તે વખતે મહંત સ્વામી મહારાજે ખૂબ બળની વાતો કરીને પ્રગટ સત્પુરુષને રાજી કરી લેવાનો મને જે બોધ આપ્યો હતો, એ મારા માટે કાયમનો સ્મૃતિરૂપ પ્રસંગ બની રહ્યો છે. એ પ્રસંગને હું ખૂબ સંભારું છું.

યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ ખૂબ વાત્સલ્યપૂર્વક મને લાભ આપતા અને વિવિધ પ્રકારે લીલા કરીને સુખ આપતા. વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ એ જ રીતે મને આધ્યાત્મિક સુખ આપે છે. ઘણા બધા પ્રસંગોએ તેમણે જે સ્મૃતિઓ આપી છે તે મારા માટે સદા યાદગાર બની રહી છે.

૨૦૨૨માં મહંત સ્વામી મહારાજ સુરત પધારવાના હતા, પરંતુ તેમનું આગમન નક્કી થયું અને વારંવાર બદલાયું. સુરતના સંતો-ભક્તો કાગડોળે સ્વામીશ્રીની રાહ જોઈ રહ્યા હતા. હું તેમના આગમનની પ્રાર્થનારૂપે રોજ આ કીર્તન બોલું:

''તાપી કિનારે શબરી બેઠી,
જપે રામનું નામ;
એક દિન સ્વામી આવશે મારા,
અંતરના આરામ!''

થોડા દિવસો પછી તેઓ સુરત આવ્યા ત્યારે સાથેના સંતોએ મારી પાસે આ પંક્તિ યાદ કરીને તેમની સમક્ષ બોલાવી. હું આ પંક્તિ બોલ્યો ત્યારે સ્વામીશ્રી તરફ નિર્દેશ કરતાં આત્મસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું: ''જેની તમે પ્રાર્થના કરતા હતા તે આ આવ્યા છે!''

મેં કહ્યું: ''ઓળખાય તો! સામે જ બેઠા છે, પણ ચિનાઈ કાગળ જેટલો અંતરાય રહે તો ન ઓળખાય, કામ ન થાય.''

ત્યારે સહજતાથી સ્વામીશ્રી બોલી ઊઠ્યાઃ ''ચિનાઈ કાગળ એટલે દેહભાવ!''

કેટલો સુંદર મર્મ!

સુરતમાં એકવાર હું સ્વામીશ્રીના કક્ષમાં દર્શન માટે ગયો ત્યારે સ્વામીશ્રીએ મારી ચિંતા કરીને કહ્યું: ''તમારે આટલું બધું ચાલીને સ્પેશિયલ અહીં આવવાની જરૂર નહીં.''

મેં કહ્યું: ''આવવું પડે, આવવું પડે... આપના જેવા ગુણાતીત સત્પુરુષનાં દર્શને આવીએ તો એક-એક પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે.''

આ વાતમાં સંમતિ પુરાવતાં સ્વામીશ્રીએ સહજતાથી કહ્યું: ''મહિમા સહિત દર્શન કરીએ તો...''

આ મહિમા એટલે શું?

મહિમા એટલે અક્ષરધામમાં જે બિરાજમાન છે એ જ ભગવાન સ્વામિનારાયણને તેઓ અખંડ ધારીને રહ્યા છે, તેઓ નિર્દોષ છે, ગુણાતીત છે, મોક્ષનું દ્વાર છે - એમ સમજવું તે.


> મહિમા એટલે અક્ષરધામમાં જે બિરાજમાન છે એ જ ભગવાન સ્વામિનારાયણને તેઓ અખંડ ધારીને રહ્યા છે, તેઓ નિર્દોષ છે, ગુણાતીત છે, મોક્ષનું દ્વાર છે - એમ સમજવું તે. સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં આવા ગુણાતીત સંતનો અપરંપાર મહિમા કહે છે.

સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં આવા ગુણાતીત સંતનો અપરંપાર મહિમા કહે છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં તેઓ કહે છે કે આવા સંતના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. આવો જ અપાર મહિમા ગઢડા પ્રથમ પ્રકરણના ૩૭મા વચનામૃતમાં અને ગઢડા અંત્ય પ્રકરણના ૨૬મા વચનામૃતમાં કહે છે. આવા પ્રગટ સત્પુરુષમાં પ્રતીતિ આવી જાય તો તમામ અર્થ સિદ્ધ થાય છે.

મહંત સ્વામી મહારાજના પ્રાગટ્ય દિને તેમનાં ચરણોમાં એ જ પ્રાર્થના કે જેમ માતા બાળકને નિર્મળ કરી બાપને સોંપે છે, તેમ આપ અમને નિર્મળ કરીને ભગવાનને સોંપજો. આપ સ્વસ્થ અને નિરામય રહીને સૌને વર્ષો સુધી લાભ આપતા રહો એ જ પ્રાર્થના. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## દિલ્હીમાં સ્વામીશ્રીની અધ્યાત્મવર્ષા...

ભારત દેશની રાજધાની દિલ્હીમાં યમુનાજીના કાંઠે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય અને દિવ્ય 'સ્વામિનારાયણ અક્ષરધામ'નું નિર્માણ કરીને ગુરુવર્ય યોગીજી મહારાજનો દિવ્ય સંકલ્પ સાકાર કર્યો છે. અજોડ ગુરુભક્તિના પ્રતીક સમું આ અક્ષરધામ સનાતન હિન્દુ સંસ્કૃતિની ધરોહર બનીને વિશ્વભરમાં અધ્યાત્મનાં દિવ્ય આંદોલનો પ્રસરાવી રહ્યું છે. છેલ્લાં ૧૮ વર્ષમાં સમગ્ર વિશ્વના લાખો લોકો માટે આસ્થાનું કેન્દ્ર બની ચૂકેલું 'સ્વામિનારાયણ અક્ષરધામ' સૌને સત્-ચિત્-આનંદનો અનુભવ કરાવે છે. તા. ૧૩-૮-૨૦૨૪થી તા. ૨-૯-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અક્ષરધામ પરિસરમાં રચવામાં આવેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં બિરાજીને ઉત્તર ભારતના હજારો હરિભક્તોને સત્સંગ-દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં આબાલ-વૃદ્ધ સૌ દિવ્યતાનાં સ્પંદનો અનુભવીને રોમાંચિત થઈ ઊઠ્યા હતા. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ પૂર્વ-ઉત્તર ભારતના જુદા જુદા પ્રાંતોમાં સત્સંગ પ્રચાર-પ્રસાર માટે ખૂબ જ વિચરણ કર્યું છે. તેના પરિણામ

સ્વરૂપે આ પ્રાંતોમાં સત્સંગ ઘણો વિકસ્યો છે. તેથી આ પ્રાંતોના હજારો હરિભક્તો નિયત કરેલા દિવસોએ સ્વામીશ્રીના દર્શનાર્થે ઊમટ્યા હતા. તેમણે સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં તેમજ સાયંસભાઓમાં પોતાની પ્રાદેશિક ભાષામાં કીર્તનો, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરીને તેમજ બાળકોએ મુખપાઠ રજૂ કરીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વળી, પ્રસિદ્ધ ગાયકોએ સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં ભક્તિપદોનું ગાન કરીને પોતાની કંઠ-કલા પાવન કરી હતી.

સતત ૨૧ દિવસ સુધી સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિમાં સવાર-સાંજ યોજાયેલા ભક્તિભર્યા કાર્યક્રમોએ સૌમાં આધ્યાત્મિક બળ સિંચ્યું હતું. વળી, વિદ્વાન સંતોના મુખેથી કથાવાર્તાનો લાભ પ્રાપ્ત કરીને પણ સૌ ધન્ય બન્યા હતા. સંતો સાથેની આધ્યાત્મિક ગોષ્ઠિઓમાં પણ સ્વામીશ્રીએ દિવ્ય લાભ આપ્યો હતો અને સત્સંગની જૂની જૂની સ્મૃતિઓમાં ગરકાવ કરીને સંતોને બ્રહ્માનંદ કરાવ્યો હતો.

દિલ્હી ખાતેના રોકાણ દરમ્યાન વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોએ પણ મુલાકાતે પધારીને આ વિરલ સંતનાં દર્શન-આશિષ પ્રાપ્ત કરી કૃતાર્થતા અનુભવી હતી.

અહીં, દિલ્હીમાં સ્વામીશ્રીએ આપેલા આધ્યાત્મિક લાભનું આચમન કરીને આપણે પણ ધન્ય થઈએ...

---

## ■ આગમન

તા. ૧૩-૮-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ બોચાસણથી વિદાય લઈને વડોદરા ઍરપોર્ટ પર પધાર્યા. અહીં દર્શનાર્થે આવેલા વડોદરાના સંતો-ભક્તોને દર્શનલાભ આપ્યો. અહીંથી સૌની ભાવભરી વિદાય લઈને સ્વામીશ્રી હવાઈમાર્ગે દેશની રાજધાની દિલ્હી પધાર્યા. દિલ્હીના 'ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ ઍરપોર્ટ' પર સ્થાનિક અધિકારીઓને આશીર્વાદ આપ્યા. અહીંથી સ્વામીશ્રી સનાતન હિન્દુ સંસ્કૃતિનો જયઘોષ કરી રહેલા સાંસ્કૃતિક પરિસર અક્ષરધામમાં પધાર્યા ત્યારે 'स्वागतम्' બેનર સાથે યુવકોએ અને સાફાધારી સ્વયંસેવકોએ બી.એ.પી.એસ.ની ધજા લહેરાવી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. સૌ હરિભક્તોએ ઉલ્લાસથી જયજયકાર કરતાં ગુરુહરિનાં દર્શન કર્યાં. સૌના હૈયે આનંદની ભરતી ચઢી હતી. વળી, છેલ્લા બે-ત્રણ દિવસથી રોજ વરસાદ વરસતો હતો, પણ આજે સ્વામીશ્રીનું સ્વાગત નિર્વિઘ્ને થાય તે માટે તેણે પણ ખમૈયા કર્યા હતા, તેથી સૌને દર્શનનું ખૂબ સારું સુખ આવ્યું હતું. સૌને દર્શન આપતાં, સૌનાં દર્શન કરતાં સંતોને પ્રેમભરી દૃષ્ટિથી મળતાં સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા.

સ્વામીશ્રીના આગમન નિમિત્તે મંદિરને વિવિધ સુશોભનોથી સજાવ્યું હતું. સૌની ભક્તિ સ્વીકારતાં સ્વામીશ્રીએ મંદિરમાં ઠાકોરજી અને ગુરુવર્યોનાં દર્શન કર્યાં. મધ્ય ઘુમ્મટ નીચે રચવામાં આવેલી નયનરમ્ય પુષ્પરંગોળી નિહાળી રાજીપો દર્શાવ્યો. પૂજારી મંગલસેતુદાસ સ્વામીએ હાર પહેરાવી ગુરુદેવનું અભિવાદન કર્યું.

સૌનો ભક્તિભાવ સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરના પોડિયમ પર પધાર્યા ત્યારે સામે દર્શનાતુર સેંકડો હરિભક્તો, અક્ષરધામના સેવકો દર્શનથી આનંદિત થઈ ઊઠ્યા. સૌ વતી કોઠારી મુનિવત્સલદાસ સ્વામીએ શબ્દસુમનથી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ત્યારબાદ વિવેકસાગરદાસ સ્વામી અને ધર્મવત્સલદાસ સ્વામીએ સંતો-ભક્તો અને ઉત્તર ભારતના સત્સંગ સમુદાય વતી પુષ્પહાર પહેરાવી સ્વામીશ્રીને આવકાર્યા.

દિલ્હી યુવકમંડળે *'પ્રમુખસ્વામી આજ દર્શન દે છે...'* કીર્તન દ્વારા, ઉત્તરાખંડના ભક્તોએ પ્રાદેશિક વાદ્યો સાથે પ્રણાલીગત સ્વાગત-નૃત્ય દ્વારા, બાળકોએ ભાંગડા-નૃત્ય દ્વારા, અક્ષરધામમાં સેવા આપતા રાજસ્થાનના સેવકોએ મારવાડી-નૃત્ય દ્વારા અને ગુજરાતના આદિવાસી વિસ્તારમાંથી આવતા અક્ષરધામના સેવકોએ ટીમલી નૃત્ય કરીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીની અભિવંદના કરી હતી.

અક્ષરધામના ૧૪૦ સેવકોએ વિશિષ્ટ તપ દ્વારા ભક્તિ વહાવી હતી. તે સૌ પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી. સપ્ટેમ્બર મહિનામાં સ્વામીશ્રી ૯૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે, તે નિમિત્તે અક્ષરધામના સેવકોએ બનાવેલો ૯૨ ફૂટ લાંબો મોતીનો હાર તથા કલાત્મક ફૂલોનો હાર સંતો, અગ્રણી હરિભક્તો અને અક્ષરધામના મુખ્ય સેવકોએ સ્વામીશ્રીને અર્પણ કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

અંતમાં સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું, "जय श्री स्वामिनारायण!... बस आनंद आनंद

आनंद!... हमें तो भगवान का आनंद हैं! अक्षरपुरुषोत्तम महाराज और गुरुपरंपरा की खूब कृपा, खूब कृपा हुई है, तो आज हम यहाँ इकट्ठे हुए हैं और आनंद कर रहे हैं और आनंद करते ही रहेंगे।''

## ■ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

તા. ૧૫-૮-૨૦૨૪, આજે ભારત દેશનો ૭૮મો સ્વાતંત્ર્ય દિન હતો. આજના રાષ્ટ્રીય પર્વે મંદિરમાં ઘનશ્યામ મહારાજ તથા અક્ષરપુરુષોત્તમ મહારાજને તિરંગા રંગોનો ઉપયોગ કરીને સુંદર વાઘા ધારણ કરાવવામાં આવ્યા હતા. આવા નયનરમ્ય ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી પ્રસન્ન થયા અને આરતી ઉતારી. આજે મધ્ય ઘુમ્મટ નીચે રાખડીઓનો ખૂબ સુંદર હિંડોળો રચવામાં આવ્યો હતો. સ્નેહભર્યા નયને મહારાજ-સ્વામીને હિંડોળે ઝુલાવી સ્વામીશ્રીએ ભક્તિભાવ અર્પ્યો. ગુરુવર્યોનાં દર્શન કરીને સ્વામીશ્રી અક્ષરધામ પરિસરના યજ્ઞપુરુષ કુંડ-પ્રાંગણમાં પધાર્યા.


સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યજ્ઞપુરુષ કુંડના કિનારે દર્શન આપી રહેલા ભગવાન શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિ સમક્ષ યોજાયો હતો. અક્ષરધામના સિક્યોરિટી સેવકોના માર્ચિંગ સાથે સ્વામીશ્રી નિયત સ્થળે પધાર્યા. 'सारे जहाँ से अच्छा, हिन्दोस्ताँ हमारा...' ગીતનું મ્યુઝિક વાતાવરણમાં રાષ્ટ્રભક્તિનાં આંદોલનો જગાવી રહ્યું હતું. યજ્ઞપુરુષ કુંડની ફરતે અને તેની સોપાનપંક્તિઓ પર બેઠેલા સંતો-ભક્તોએ સ્વામીશ્રીનું અભિવાદન કર્યું. શ્રી નીલકંઠવર્ણીનાં ચરણોમાં ફૂલો અને ફૂલસેરોના સુશોભનથી રચાયેલા ઉપમંચ પર સ્વામીશ્રી પધાર્યા. અને બરાબર ૭:૫૦ વાગ્યે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. પોલીસ જવાનો સહિત સૌએ સલામ આપી. અસ્મિતા સાથે રાષ્ટ્રગીતનું ગાન કર્યું. ત્યારબાદ અક્ષરધામના સિક્યોરિટી હેડ તરીકે સેવા આપતા શ્રી ચંદ્રશેખર વાયલાજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

સૌમાં દેશભક્તિની ખુમારી જગાવતાં સ્વામીશ્રીએ શુભાશિષ અર્પ્યાઃ

''આજે આપણે ભારતનો ૭૮મો સ્વાતંત્ર્ય દિન ઊજવી રહ્યા છીએ. આજના દિવસે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે - ભારતનો દરેક ક્ષેત્રમાં ખૂબ વિકાસ થાય. અત્યારે દેશમાં જે પ્રશ્નો છે તે વહેલી તકે દૂર થાય અને સર્વે ભારતવાસી સુખી બને.

આજના દિવસે આપણે દેશની સ્વતંત્રતા માટે બલિદાન આપનાર નાના-મોટા તમામ દેશભક્તોને પણ યાદ કરીએ. તેઓમાંથી પ્રેરણા લઈને દરેક નાગરિકે 'દેશ મારા માટે શું કરશે?' એવું નહીં, પણ 'હું દેશ માટે શું કરીશ?' તેમ વિચારીને જીવવું જોઈએ. તો આપણો દેશ જરૂર આગળ





આવશે.

આજે ગુરુ યોગીજી મહારાજને પણ ન ભૂલવા જોઈએ. તેઓ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી ભારતની સ્વતંત્રતા માટે વર્ષો સુધી રોજની ૨૫ માળા કરતા રહેલા. અને યોગીબાપા જેવા પુરુષની એક માળા! એમનો સંકલ્પમાત્ર ઘણું બધું કરી જાય. તેઓની આ ભક્તિ અને તપશ્ચર્યા પણ ભારતની સ્વતંત્રતાના મૂળમાં છે.

અનેક લોકોના પુરુષાર્થથી મળેલી આઝાદીનું આપણે જતન કરી શકીએ તેવી બુદ્ધિ-શક્તિ સૌને પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.''

વિદાયની ક્ષણો વખતે સ્વામીશ્રીએ નાનો ત્રિરંગો હાથમાં લઈને પણ લહેરાવ્યો. અને પછી ઊભા થઈને ત્રિરંગાને સલામી આપી! ૯૧ વર્ષે સ્વામીશ્રીની આ રાષ્ટ્રભક્તિ નિહાળીને સૌ ભક્તો-ભાવિકો આશ્ચર્યચકિત અને પ્રભાવિત થયા!

## ■ સ્વાગત સમારોહ

આજે સાયંકાળે 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં સ્વામીશ્રીનું અભિવાદન કરતો સ્વાગત સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઊમટેલા હરિભક્તોથી સભાગૃહ નાનો પડ્યો હતો અને અન્ય હરિભક્તોને ભોજન-માર્કીમાં બેસાડવામાં આવ્યા હતા. સ્વામીશ્રી પ્રથમ આ માર્કીમાં બેઠેલા હરિભક્તોને દર્શનલાભ આપીને સભાગૃહમાં પધાર્યા. ગુરુહરિનાં આટલા સમીપદર્શન થતાં આબાલ-વૃદ્ધ ખૂબ ખૂબ આનંદમાં આવી ગયા. સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનાં ચરણોમાં પુષ્પપાંદડીઓ પધરાવીને તેઓનું અભિવાદન કર્યું. ખાસ તો બાળકોના રોમાંચનો પાર નહોતો. તે આશ્ચર્ય અને આનંદના પૂરમાં વિસ્ફારિત નેત્રોથી સ્વામીશ્રીનાં દર્શન કરતાં હતાં અને ઘડીકમાં પોતાના પિતા-વાલી તરફ જોઈને રોમાંચિત થતા હતા કે 'स्वामीजी कितने नज़दिक!'

સૌને દર્શનસુખ આપતાં સ્વામીશ્રી મંચ પર પધાર્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીનું મહાપૂજાના મંત્રોના ગાન સાથે સંતોએ ષોડશોપચારથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ બાળ-યુવાવૃંદે સ્વાગતનૃત્ય કર્યું, મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. નૃત્યાંજલિ બાદ સ્વામીશ્રીએ અક્ષર-પુરુષોત્તમ મહારાજની આરતી ઉતારી.

અંતમાં સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યુંઃ ''आपने हमारा स्वागत किया है तो हम भी आपका स्वागत करते हैं।

सचमुच, स्वागत किस तरह से होगा? श्रीजीमहाराज की आज्ञा का पालन हो, वह सच्चा स्वागत होगा। स्वामिनारायण भगवान के आदेश अनुसार हम आगे बढ़ें, इस तरह स्वागत किया जाय तो वह सच्चा स्वागत होगा और भगवान की भी खूब प्रसन्नता होगी। नियम और निश्चय में सब समाविष्ट हो जाता है।''

સૌએ સ્વામીશ્રીના આશિષ આનંદે વધાવ્યા.

## ■ સત્સંગ શિબિર

તા. ૧૭-૮-૨૦૨૪ના રોજ પંજાબ, હિમાચલ પ્રદેશ તથા જમ્મુ-કાશ્મીરથી એક હજારથી વધુ હરિભક્તો-ભાવિકો સ્વામીશ્રીનાં દર્શન અને સત્સંગ શિબિરનો લાભ લેવા માટે આવ્યા હતા. આ ભક્તો પૈકી ઘણા નવા મુમુક્ષુઓ હતા. તેમણે સ્વામીશ્રીના હસ્તે પ્રાસાદિક થયેલી કંઠી અને પૂજા ધારણ કરી. સ્વામીશ્રીએ આ મુમુક્ષુઓને સાધના મંત્ર અને આશ્રય દીક્ષામંત્ર ઝિલાવીને ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા હતા.

સૌને શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું : ''यहाँ आये हुए सबको आशीर्वाद है। सत्संग करेंगे तो खूब लाभ होगा... लौकिक, दैहिक फायदा नहीं, परंतु मन - जो जन्मोजन्म से हमारे साथ है और हमारा काम बिगाड़ रहा है, उसके ऊपर काबू होगा, तो आप सब तरह से सुखी होंगे; सब काम अच्छा होगा।

सारी दुनिया में सब इन्द्रिय-अंतःकरण के नियंत्रण अनुसार घूमते-फिरते रहते हैं। इसके ऊपर काबू नहीं है और वे सब बिगाड़ते हैं। सत्संग का यही फायदा है - उससे मन-इन्द्रियों -अंतःकरण पर काबू होगा और सब काम सुधरेगा।

इस सत्संग की महिमा आपने समझी है, तो रविसभा और सत्संग करते ही रहना और पूजा भी करना।''

સૌએ સહર્ષ સ્વામીશ્રીનાં વચનો વધાવ્યાં. તમામ હરિભક્તો વતી થયેલી પ્રાર્થના સાંભળી, તે પરિપૂર્ણ થાય તે માટે સ્વામીશ્રીએ બે હાથે આશીર્વાદ આપ્યા.

## ■ કાર્યકર દિન

તા. ૧૮-૮-૨૦૨૪ના રોજ ઉત્તર ભારતના કાર્યકરોને વધાવતો 'કાર્યકર દિન' ઊજવાયો હતો. ધૂન-પ્રાર્થનાગાનથી આરંભાયેલી કાર્યકર દિન નિમિત્તેની સભામાં મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત હતા. માર્કીમાં બેઠેલા હરિભક્તોને દર્શનલાભ આપીને સ્વામીશ્રી પ્રમુખસ્વામી સભાગૃહમાં પધાર્યા. સૌ કાર્યકરોએ ગુરુહરિના આગમનને ઉત્સાહભેર વધાવ્યું. સૌપ્રથમ સ્વામીશ્રીએ નિજ

અક્ષરપુરુષોત્તમ મહારાજ સાથે જાલંધર અને સિમલા મંદિરના અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચલસ્વરૂપોને આરતીથી અભિવંદિત કર્યાં. દિલ્હી મહિલામંડળે બનાવેલો હાર ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રીને પહેરાવી સૌની ભક્તિ તેઓનાં ચરણોમાં સમર્પિત કરી.

હવે, સ્વામીશ્રીના સાંનિધ્યમાં કાર્યકરોનો અભિવાદન કાર્યક્રમ આરંભાયો. સૌપ્રથમ દિલ્હીથી અલગ અલગ પ્રાંતો-વિસ્તારોમાં સત્સંગ વિચરણ કરતા સંતોએ પોતપોતાનાં ક્ષેત્રોનો, સત્સંગનો તથા કાર્યકરોનો પરિચય આપ્યો. તે સાથે કાર્યકરોના ગુણો અને પ્રેરક પ્રસંગો પણ કહ્યા. સ્વામીશ્રીએ કાર્યકરો પર કૃપાદૃષ્ટિ કરી. એ જ પ્રમાણે બાલિકા, યુવતી અને મહિલા પ્રવૃત્તિની પણ પુરુષ સંયોજક કાર્યકરોએ રજૂઆત કરી. તેમાં બીમારી, કૌટુંબિક-પારિવારિક પ્રશ્નો, આર્થિક સંકડામણ, નોકરી-ધંધાની જવાબદારી જેવા કઠણ સંજોગોમાં પણ મહિલાઓએ સત્સંગ જાળવી રાખ્યો અને ઉત્સાહપૂર્વક સત્સંગના પ્રચાર-પ્રસારની સેવા કરી હતી - એવા હૃદયસ્પર્શી પ્રસંગો કહેવાયા.

પ્રસંગકથન બાદ કાર્યકરોએ એક સ્કિટ રજૂ કરી, જેમાં સત્સંગ અને સત્સંગ-સેવામાં આવતાં પ્રશ્નો તથા વિઘ્નો સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યાં.

સ્વામીશ્રીએ માર્ગદર્શન આપતાં કહ્યું, ''सचमुच, आप लोग बहुत कठिन परिस्थिति में सेवाएँ कर रहे हैं, तो आपको धन्यवाद हैं...

यही सब सत्य है, इसलिए करते ही रहना, चाहे कुछ भी हो पर सत्संग छोड़ना नहीं। थोड़ी सी बात में सत्संग छोडेंगे तो बहुत बड़ा घाटा आयेगा।

सत्संग बहुत बड़ी चीज़ है। सत्संग करोगे तो उससे बड़ी प्राप्ति होगी। इस सत्संग में छोटे-बड़े की बात ही नहीं है। जो कार्य करते हैं, भक्ति करते हैं वे ही आगे आते हैं। तो भक्ति सब करते रहना। इस तरह भगवान की, गुरुपरंपरा की प्रसन्नता होगी।''

સ્વામીશ્રીના ટૂંકા ઉત્તરમાં સર્વે પ્રશ્નોનું સમાધાન મળી જતાં સૌ કાર્યકરોએ તાળીનાદથી સ્વામીશ્રીનાં વચનોને વધાવ્યાં.

### ■ સેવક દિન

તા. ૧૯-૮-૨૦૨૪, શ્રાવણ સુદ પૂર્ણિમા એટલે રક્ષાબંધનનો પરમ પવિત્ર દિવસ. વળી, આજે સ્વામીશ્રી બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે આવ્યા તે પછીની ૧૦૦મી પૂર્ણિમા હતી! આ અવસરે ઊમટેલા હરિભક્તોને સ્વામીશ્રીએ દર્શનલાભ આપ્યો. ઠાકોરજીનાં દર્શન બાદ પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના હરિભક્તોને સમીપદર્શન આપતાં સ્વામીશ્રી પ્રાતઃપૂજામાં પધાર્યા. 'સેવક દિન' નિમિત્તે અક્ષરધામમાં સેવા આપી રહેલા સેવકોએ અને બાળકોએ પૂજામાં વિવિધ પ્રસ્તુતિઓ કરીને સ્વામીશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ રક્ષાબંધનના પવિત્ર તહેવારને અનુરૂપ 'ભગવાન અને સંત સદાય ભક્તની રક્ષામાં છે' વિષયક આશીર્વાદ આપ્યા હતા.

સાયંકાળે સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'સેવક દિન' ઊજવાયો હતો. આ નિમિત્તે યોજાયેલી સભામાં પધારેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સેવકોએ ઉમંગ-ઉલ્લાસથી વધાવ્યા. સ્વામીશ્રીની પ્રસન્નતા માટે છેલ્લા અડસઠ દિવસથી અહીં 'ગુરુહરિ પ્રસન્નતા યોગયજ્ઞ' યોજાયો હતો. કુલ દસ યોગયજ્ઞો હતાઃ નિત્યપૂજા યોગ, નિત્યસ્મરણ યોગ, ગુરુહરિ-દર્શન યોગ, ગુરુગુણ-મનન યોગ, ગુણગ્રહણ યોગ, ગુરુચરિત્ર-પઠન યોગ, ગ્રંથ-શ્રવણ યોગ, પરાભક્તિ યોગ, સેવા-તપશ્ચર્યા યોગ અને માલ્યાર્પણ યોગ. આ યજ્ઞો પૈકી નિત્યપૂજા અને નિત્યસ્મરણ યોગ રોજ યોજાયા હતા, જ્યારે અન્ય યોગ એક એક અઠવાડિયા માટેના હતા. માલ્યાર્પણ યોગ અંતર્ગત ૩૭૫ સેવકોએ ઘરે સુંદર હાર બનાવ્યા હતા. આ હાર સેવકોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યા. સૌ વતી આત્મસ્વરૂપદાસ સ્વામી અને ધર્મવત્સલદાસ સ્વામીએ સ્વામીશ્રીને રાખડીઓનો હાર પહેરાવી વધાવ્યા.

ત્યારપછી અક્ષરધામના સમર્પિત સેવકોનું અભિવાદન કરવામાં આવ્યું. અક્ષરધામમાં છેલ્લાં ઘણાં વર્ષોથી સેવકો સેવાઓ આપી રહ્યા છે. આ સેવકોએ એકબીજાના ગુણો લખીને 'ગુણગ્રહણ' ગ્રંથ તૈયાર કર્યો હતો. સેવકોએ આ ગ્રંથની પાલખીયાત્રા યોજીને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યો. સ્વામીશ્રીએ તે ગ્રંથ પર પુષ્પપાંદડી પધરાવી. આ પ્રાસાદિક પાંદડીઓ સાથે મિશ્રિત કરવામાં આવેલી અન્ય પાંદડીઓ સંતોએ તમામ સેવકો પર વરસાવીને તેઓનું અભિવાદન કર્યું!

અભિવાદન બાદ સ્વામીશ્રી સાથે સેવકોએ પ્રશ્નોત્તરી કરી. તા. ૩૦ એપ્રિલ ૨૦૧૮ના રોજ સ્વામીશ્રીને અહીં સેવક દિનની સભામાં પુછાયું હતુંઃ 'ઉપરના અક્ષરધામમાં જવા માટે કયા પાસની જરૂર પડશે?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતુંઃ 'સંપ અને દિવ્યભાવ.' આજની પ્રશ્નોત્તરીમાં પણ

આ બે મૂલ્યોની વિશેષ દૃઢતા કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું, ‘‘संप-सुहृदभाव रखके सेवा करो वह अधिक है। सेवा करने में ईर्ष्या का भाव प्रकट नहीं होना चाहिए। तो हम कितना भी काम करेंगे वो सब भगवान को मान्य होगा।

सुहृदभाव रखने में सबसे बड़ी कमी महिमा की है। यदि महिमा हो तो सब सही होगा। सुहृद्‌भाव के मार्ग पर हम आगे बढ़ते रहें, उसके लिए हररोज़ भगवान से प्रार्थना करें कि - सबका भला हो। यह भावना रखके हम आनंद में रहेंगे...

दिन में एकबार अपने साथी सेवक की महिमा समझकर, उनके पैर छूकर हृदय से प्रणाम करना यानि सच्ची महिमा से यदि हम सब कार्य करें तो भगवान हमारे में कार्य करेंगे।’’

સેવકોએ સ્વામીશ્રીનાં વચનો અધ્ધર ઝીલતાં પરસ્પર મહિમાથી ચરણસ્પર્શ કર્યાં અને સ્વામીશ્રી અને સંતો સંગે સૌ સેવકોએ સંપહાર રચ્યો તથા ‘બી.એ.પી.એસ. એક પરિવાર... અક્ષરધામ એક પરિવાર...’ના નારા ગુંજાવ્યા.

સભા-કાર્યક્રમમાં પ્રાપ્તિનો કેફ દૃઢાવતાં ‘વજેસિંહબાપુનો હોકો’ સંવાદ રજૂ થયો. તેને અનુરૂપ સ્વામીશ્રીનો એક પૂર્વ પ્રસંગ અક્ષરધામના વરિષ્ઠ સેવક જનકભાઈ દવેએ કહ્યો. પ્રસંગના અંતે *‘મોજમાં રે’વું મોજમાં રે’વું...’* કીર્તનના તાલે અક્ષરધામના વરિષ્ઠ સેવકોએ મંચ પર મુજરા કરી કેફ વ્યક્ત કર્યો!

ઉત્સાહભર્યા વાતાવરણની વચ્ચે બાળકોએ વિવિધ પ્રાર્થનાઓ કરી. સ્વામીશ્રી માટે યોગીબાપાએ કહેલા મહિમાનો વીડિયો દર્શાવવામાં આવ્યો. અક્ષરધામના સેવકોના હૃદયના પ્રતીકરૂપે એક કમળમાં હૃદયની પ્રતિકૃતિ પર ‘અક્ષરધામ પાકું’ એવી મહોરછાપ સ્વામીશ્રીએ મારી આપી. અને ‘પાક્કા સેવક બનવા માટે નિયમ અને નિષ્ઠાનું યથાર્થપણે પાલન’ કરવા જણાવ્યું. સૌએ સ્વામીશ્રીના આ વચન ‘બ્રહ્મવાક્ય’ માની પૂર્ણપણે પાલન કરવાની પ્રતિબદ્ધતા સાથે બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવ્યા.

અંતે *‘યા હોમ થઈ જઈએ...’* કીર્તન પર અક્ષરધામના સેવકોએ નૃત્ય કર્યું. જેમાં અંતિમ પંક્તિ *‘એક ફૂલ અમારું સ્વીકારો પ્રભુ, અક્ષરધામને કાજે...’* આવી ત્યારે સ્વામીશ્રીએ કમળનું પુષ્પ ઠાકોરજી સમક્ષ ધર્યું અને નૃત્ય કરતા સેવકોએ ગુલાબનું પુષ્પ હરિ અને ગુરુ સમક્ષ ધર્યું. નૃત્યાંજલિ બાદ સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજની આરતી ઉતારવાનો લાભ લીધો.

સ્વામીશ્રી ખૂબ સારા સ્વાસ્થ્ય સાથે સુખ આપતા રહે તેવી પ્રાર્થના સાથે અક્ષરધામના સેવકોએ અક્ષરધામનાં ઉદ્યાનોનાં જ પુષ્પો અને પાનનો ૯૨ ફૂટ લાંબો હાર રચ્યો હતો! સપ્ટેમ્બર માસમાં સ્વામીશ્રી ૯૨મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા હોઈ, આ વિશાળ હાર અક્ષરધામના વિવિધ વિભાગોના વડાઓએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કરીને વધાવ્યા.

ખરેખર! ખૂબ સુંદર અને પ્રેરણાઓથી ભરપૂર કાર્યક્રમ રજૂ થયો. તમામ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ કરનાર સેવકો સાથે સમૂહ છબી પડાવી સૌને સુખ આપતાં સ્વામીશ્રીએ મંચ પરથી વિદાય લીધી હતી.

● તા. ૧૬ ઑગસ્ટના રોજ સ્વામીશ્રીએ ઠાકોરજી માટે જે હિંડોળો રચ્યો હતો, એવી જ ડિઝાઇનનો એક અન્ય પૂર્ણ કદનો હિંડોળો રચવામાં આવ્યો હતો. અક્ષરપુરુષોત્તમ મહારાજને ખોળામાં ધારીને સ્વામીશ્રી તેમાં બિરાજ્યા. ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીએ તેઓને હેતે ઝુલાવ્યા. ત્યારબાદ વરિષ્ઠ સંતો સહિત અન્ય સંતોએ સ્વામીશ્રીને ફૂલો ધારણ કરાવીને અભૂતપૂર્વ દર્શનનો લહાવો લીધો હતો.

અંતમાં સંતોએ વાતાવરણમાં ગુંજી રહેલા હિંડોળાનાં કીર્તનોના તાલે ઠાકોરજી અને સ્વામીશ્રીને હિંડોળે ઝુલાવ્યા હતા.

## ■ સત્સંગ દિન

તા. ૨૧-૮-૨૦૨૪ના રોજ કલકત્તા અને અન્ય સ્થળોના બંગાળના ભક્તોએ ‘સત્સંગ દિન’ ઊજવ્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં સત્સંગ-દર્શનનો લાભ પ્રાપ્ત કરવા માટે બંગાળથી ૨૫૦ કરતાંય વધુ ભક્તો-ભાવિકો આવ્યા હતા. તેઓ માટે બે દિવસ આરક્ષિત હતા. તેથી સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં અને સાયંસભાઓમાં તેઓએ વિવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિઓ કરી હતી.

પ્રથમ દિને ધૂન-પ્રાર્થનાગાનથી યોજાયેલી સભામાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ કથામૃતનો લાભ આપ્યો હતો. ત્યારબાદ બંગાળી ભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વિવિધ ભેટ-સોગાદો અર્પણ કરી હતી. આ ભક્તોની સાથે નેપાળથી આવેલા યુવકોએ રુદ્રાક્ષની માળાઓ અર્પણ કરી હતી. બંગાળનાં મહિલા ભક્તોએ હાથથી ફોલીને મોકલેલા અણિશુદ્ધ અક્ષત સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સમર્પિત કર્યા હતા. સ્વામીશ્રીએ સૌની ભક્તિ સ્વીકારી

હતી.

સભાના અંતે આશીર્વચનમાં સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા કહીને તેની અગત્યતા સમજાવી હતી.

દ્વિતીય દિનની વિશિષ્ટ સત્સંગ સભામાં બંગાળના હરિભક્તોએ ઈષ્ટદેવ-ગુરુદેવનાં શ્રીચરણોમાં ભક્તિ સમર્પિત કરતાં પોતપોતાના ઘરે રચેલા કલાત્મક હાર અર્પણ કર્યા. બાદ પોતાનાં ખેતરોમાં થયેલાં લીલા શાકભાજી ઉપરાંત બંગાળી મીઠાઈ અક્ષરપુરુષોત્તમ મહારાજને ધરાવીને સ્વામીશ્રીને અર્પણ કરી.

બંગાળની પ્રણાલિકા મુજબ ભગવાન અને ગુરુનાં દર્શને આવેલા આ ભક્તોએ મધુર શંખનાદ કર્યો હતો. આ સમર્પણ-ભક્તિની સાથે સાથે બંગાળી ભક્તો વતી પ્રવક્તાએ પ્રાર્થનાઓ કરી હતી. સ્વામીશ્રીએ તેને સહર્ષ સ્વીકારીને આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ કોલકાતા મંદિરમાં સેવા આપતા સ્વામીસ્વરૂપદાસ સ્વામી અને મુક્તપ્રિયદાસ સ્વામીએ માળાઓનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો હતો. આ પ્રાસાદિક માળાઓ કાર્યકરોને આપવામાં આવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે બંગાળમાં સત્સંગીઓની સંખ્યા ઓછી હોવા છતાં કૃપા કરીને સન ૨૦૧૪માં શિખરબદ્ધ મંદિરની ભેટ આપી ત્યારે સૌના સંશયો ભાંગતાં કહ્યું હતું: ‘અહીં લાખો ભક્તો આવશે...’ આ આશીર્વચનોને પ્રતાપે છેલ્લાં દસ જ વર્ષમાં લાખો ભાવિકો મંદિરદર્શને આવી ચૂક્યા છે! જેમાં મોટા ભાગના બંગાળી છે!

આ મંદિરના પાયામાં તન-મન-ધન સમર્પિત કરનાર બંગાળી ભક્તો પૈકીના કેટલાક અગ્રણી ભક્તોએ મંદિર ભેટ આપવા બદલ સ્વામીશ્રીનો અંતરથી આભાર માન્યો હતો.

સન ૨૦૧૭માં પૂજ્ય મહંત સ્વામી મહારાજ કોલકાતા પધાર્યા ત્યારે અહીં માત્ર પાંચ-સાત સભાઓ ચાલતી હતી. તે વખતે સ્વામીશ્રીએ કાર્યકરોને પ્રેરણા આપતાં કહ્યું હતું: ‘જ્યાં જ્યાં તમે સભા કરવા જશો ત્યાંથી પાંચ-સાત મુમુક્ષુઓ મળશે ને તે એક એક મુમુક્ષુ પચાસ જણને સત્સંગ કરાવશે.’ આ વચનોને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રોત્સાહન આપ્યું. તેના પરિણામે અત્યારે સમગ્ર બંગાળમાં તમામ પાંખોની મળીને સો જેટલી સત્સંગ સભાઓ થાય છે! આ સભાઓનું સંચાલન કરતાં સંચાલકો અને નિરીક્ષકોએ સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી.

‘સ્વામીશ્રી હંમેશાં અમારી સાથે જ છે...’ એવી અનુભૂતિ સાથે સત્સંગ-સેવા કરતા હરિભક્તોના પ્રતિનિધિરૂપે ચાર હરિભક્તોના પ્રસંગો કહેવાયા. પ્રસંગો સાંભળી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. અંતમાં સ્વામીશ્રીએ સૌ બંગાળી ભક્તોને બંગાળી ભાષામાં ‘સોબાઈકે જોય સ્વામિનારાયોન... સોબાઈકે જોય સ્વામિનારાયોન...’ કહીને આશીર્વાદ આપ્યા: ‘‘शास्त्रीजी महाराज ने दया करके बोचासण में अक्षरपुरुषोत्तम महाराज को बिराजमान किया। वहाँ से जो ज्ञान प्रसारित हुआ वह सब जगह पहुँचने लगा और बंगाल में भी पहुँचा। सच्चा ज्ञान है, इसलिए फैल रहा है। सच्ची उपासना है, स्वामिनारायण भगवान, गुणातीतानंद स्वामी, गुरुपरंपरा, धर्म-नियम सब सच्चे हैं, और आप लोग भी सब सच्चे हैं, इसलिए इस ज्ञान की वृद्धि होती रहेगी। इसका अंत नहीं आयेगा। ब्रह्मांड का अंत होगा तब इसका अंत होगा... ब्रह्मांड के पार भी - दूसरे ब्रह्माडों में तो यह ज्ञान चल रहा है, तो इसलिए यह ज्ञान तो अखंड है। तो यह अक्षर और पुरुषोत्तम का ज्ञान - अनंतकाल से अनंत जीवों के कल्याण के लिए हैं।

इस ज्ञान से हमारा कल्याण तो होगा, हमारे दर्शन से दूसरों का भी कल्याण होगा, जिसे ऐसी निष्ठा होगी उसके दर्शन से दूसरों का कल्याण होगा।’’

સ્વામીશ્રીનાં અદ્‌ભુત વચનોથી સૌના અંતરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની ખુમારી ચઢી ગઈ!

સ્વામીશ્રીએ પરલોકનું તો પાકું કરી આપ્યું, પણ સૌ આ લોકમાં પણ સુખ-શાંતિ પ્રાપ્ત કરે અને જીવનમાં આવતા વિવિધ પ્રશ્નોના સમાધાન માટે આશીર્વાદરૂપે એક પત્રમાં લખ્યું: ‘કલકત્તામાં નીલકંઠ મહારાજ પધરાવ્યા છે. તેમને શ્રદ્ધાપૂર્વક અભિષેક અને પ્રાર્થના કરવાથી બધા પ્રશ્નોનું સમાધાન થશે અને શુભ સંકલ્પો પણ નીલકંઠ મહારાજ પૂરા કરશે.’

બંગાળનાં યુવા-યુવતીઓએ બનાવેલી સુંદર ચાદર સંતોએ સ્વામીશ્રીને અર્પણ કરી. આજથી યુવતીઓએ નિયમ ગ્રહણ કરેલા કાર્ડ્સ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કરવામાં આવ્યાં. બંગાળી ભાષામાં તૈયાર થયેલી બી.એ.પી.એસ. સંસ્થાની પરિચય પુસ્તિકા અને અક્ષરપુરુષોત્તમ દર્શનની પરિચય પુસ્તિકાનું સ્વામીશ્રીએ વિમોચન કર્યું. બંગાળમાં વિચરણમાં પધારનાર અક્ષરપુરુષોત્તમ મહારાજનાં બે યુગલ સ્વરૂપોનું સ્વામીશ્રીએ પૂજન

કરીને આરતી ઉતારી હતી.

સભાના અંતમાં બંગાળી યુવકોએ પ્રાદેશિક પરિવેશમાં બંગાળી-કીર્તનના તાલે ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું. નૃત્યાંજલિ બાદ બંગાળી ભક્તોએ રચેલો સોલાનો સો ફૂટ લાંબો હાર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યો.

પ્રવક્તા અમૃતચરિતદાસ સ્વામીએ બે દિવસ બંગાળના ભક્તોને ખૂબ ખૂબ લાભ અને આશીર્વાદ આપવા બદલ સૌ વતી સ્વામીશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

## ■ આશ્રય દીક્ષાદિન

તા. ૨૩-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની નિશ્રામાં 'આશ્રય દીક્ષાદિન' ઊજવાયો હતો. આ દિન નિમિત્તે યોજાયેલી સભામાં યુવકમંડળે 'ખીમજી સુથાર મેલીવિદ્યાથી ડર્યા વગર સ્વામિનારાયણનું ભજન કરતાં આશરામાં અડગ રહ્યા' તે સંવાદ ખૂબ સરસ રીતે રજૂ કર્યો.

આજે સભામાં મુમુક્ષુઓની સંખ્યા વિશેષ હતી. તે સૌ ગુરુદેવના હસ્તે વર્તમાન દીક્ષા ગ્રહણ કરવા તત્પર હતા. સ્વામીશ્રીએ સૌને સાધનામંત્ર અને આશ્રય દીક્ષામંત્ર ઝિલાવી ભગવાન સ્વામિનારાયણના આશ્રિત કર્યા. પછી એક કંઠી કરમાં ગ્રહી તમામ મુમુક્ષુઓ તરફ પહેરાવવાની ભાવના સાથે દર્શાવી.

સ્વામીશ્રીએ આશ્રય-દીક્ષામંત્ર ઝિલાવી સૌને ભગવાનના આશ્રિત કર્યા, પણ તે મંત્ર કેવી રીતે ગ્રહણ કરવો? અને તેને જીવનમાં કેવી રીતે સિદ્ધ કરવો? તેના સંદર્ભમાં સંતોએ કરેલી પ્રશ્નોત્તરીમાં સુંદર માર્ગદર્શન આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''आप सब नये हैं, लेकिन भगवान स्वामिनारायण के आश्रय का धीरे-धीरे अनुभव होगा। आश्रय से हम धन्य हो गये... इस आश्रय से हमारी आत्मा की रक्षा होगी, हमें किसी की भी बात की चिंता नहीं रहेगी।

हम जब भगवान स्वामिनारायण के आश्रित बनते हैं तो पूर्णकाम बन जाते हैं। इस आश्रय से हम सब छोटे-बड़े पापों से रहित हो जाते हैं। एक स्वामिनारायण भगवान का आश्रय रखकर, उनकी प्राप्ति से हम तो धन्य-धन्य हो गए।''

સૌએ તાળીનાદથી સ્વામીશ્રીનાં વચનો વધાવ્યાં. તમામ મુમુક્ષુઓ માટે સ્વામીશ્રીએ કંઠીઓ પ્રાસાદિક કરી. સાથે સાથે કેટલીક માળાઓ અને પૂજાઓ પણ હતી. આજે સેંકડો મુમુક્ષુઓએ કંઠી ધારણ કરી અને સેંકડો મુમુક્ષુઓએ નિત્યપૂજાનો પ્રારંભ કર્યો હતો. સ્વામીશ્રીએ તમામ ભક્તો અને મુમુક્ષુઓ તરફ બે હાથે આશીર્વાદ મુદ્રા કરી રાજીપો વરસાવ્યો હતો.

## ■ યુવા દિન

તા. ૨૪-૮-૨૦૨૪ના રોજ યુવકોએ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'યુવા દિન'ની ઉજવણી કરી હતી. યુવકોએ ધૂન-પ્રાર્થનાથી સભાનો પ્રારંભ કર્યો હતો. સભામાં પધારેલા ઈષ્ટદેવ-ગુરુદેવનું યુવાહૃદયોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

આજની સભાનો મધ્યવર્તી વિચાર હતોઃ 'થૅન્ક યૂ સ્વામીબાપા!' સભા-કાર્યક્રમની ગૂંથણી દ્વારા થઈ હતી. પ્રથમ સંવાદમાં દર્શાવાયું કે એક કિશોર આધુનિકતમ ફોનની ઘેલછામાં પરિવારજનો સાથે ઝઘડ્યો. બીજા સંવાદમાં રજૂ થયું કે એક હોશિયાર અને સમજુ યુવકની કૉલેજના કુસંગથી પડતી થઈ. ત્રીજા સંવાદમાં જણાવાયું કે યુવાનોને નોકરી અને વ્યવસાયના પ્રશ્નો, શારીરિક પ્રશ્નો, આર્થિક પ્રશ્નો, પારિવારિક પ્રશ્નો વગેરે અનેકાનેક પ્રશ્નો ભરડામાં લેતા હોય છે. પરિણામે તે યુવક ક્યારેક તો આપઘાત સુધી પણ પહોંચી જાય છે. સમાજમાં બનતી આવી અનેક બાબતોથી રક્ષાયેલા સત્સંગી યુવકોએ સંવાદના અંતે સ્વામીશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો. સભામાં બેઠેલા સૌ યુવાનોએ પણ 'થૅન્ક યૂ સ્વામીબાપા' કહીને સ્વામીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો અને સાથે સાથે આભાર-પંક્તિઓનું ગાન કર્યું હતું.

અંતમાં યુવકોને મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન આપતાં સ્વામીશ્રીએ કહ્યું, ''યુવાનીમાં આવતી વિવિધ સમસ્યાઓમાં સત્સંગને હંમેશાં પ્રાયોરિટીમાં રાખવો. ભગવાન અને ગુરુના રાજીપાનો સતત વિચાર કરવો. ભગવાન અને સંતને રાજી કરવા કાર્ય કરવું અને યુવાનીમાં ઇન્દ્રિયોને ખેંચીને પોતાના ધ્યેય પર રાખવી. તેનાથી જીવનમાં શાંતિ રહેશે અને બધા જ પ્રશ્નો હલ થઈ જશે.''

સૌ વતી એક યુવકે સ્વામીશ્રીના અનંત ઉપકારો સ્મરતાં આભાર માન્યો અને છેલ્લે પ્રાર્થના કરી કે 'સ્વામીબાપા, એક પ્રૉમિસ આપો - અમારો વિશ્વાસ હંમેશાં પાક્કો રહે.' સ્વામીશ્રીએ હાથ જોડીને પ્રૉમિસ આપ્યું.

યુવાનોએ આભાર પંક્તિઓના ગાન સાથે 'થૅન્ક યૂ સ્વામીબાપા' લખેલા બોર્ડ દર્શાવી ખૂબ ખૂબ આભાર માન્યો. સૌની ભાવનાઓ સ્વીકારતાં સ્વામીશ્રીએ સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવી.

## ■ બાળ દિન

તા. ૨૫-૮-૨૦૨૪ના રોજ

બાળકો અને બાળ-કાર્યકરોએ 'બાળ દિન' ઊજવીને ગુરુહરિની પ્રસન્નતા ઝીલી હતી. સ્વામીશ્રીની પ્રાતઃપૂજાથી લઈને સાયંસભા સુધી બાળકોનો દબદબો છવાયો હતો.

સાયંકાળે યોજાયેલી 'બાળ દિન'ની સભામાં લાભ આપવા માટે બાળસ્નેહી સ્વામીશ્રી નિયત સમય કરતાં વહેલા સભામાં પધાર્યા. બાળ દિનનો કેન્દ્રવર્તી વિચાર હતોઃ 'પ્રાપ્તિ.' આ વિચારને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રસ્તુતિઓ થઈ હતી.

પ્રાપ્તિને યથાર્થ સમજીએ તો નિયમ-ધર્મ દૃઢ રહે - આ સંદેશ સાથે 'અભેસિંહની અટલ ટેક' સંવાદ રજૂ થયો હતો.

પ્રાપ્તિના બળથી નિર્ભયતા આવે છે, રક્ષા થાય છે. સિંહના પંજાના શરણે જવાથી નાની-શી બકરી નિર્ભય થઈ ગઈ અને તેની સર્વ પ્રકારે રક્ષા થઈ - તે સંવાદ દ્વારા આ સંદેશ પ્રસ્તુત થયો.

પ્રાપ્તિના બળથી કુસંગ અને માયા સામે વિજય થાય છે - તે સત્સંગી બાળકો અને ટી.વી.-મોબાઈલ-આળસ વગેરે ભયંકર કુસંગોની દોરડાખેંચ દ્વારા દર્શાવાયું.

પ્રાપ્તિ મળી છે પણ તેને ન સમજીએ તો તેનું ફળ મળતું નથી - તે 'તેલપળીનો ધંધો' સંવાદ દ્વારા રજૂ થયું.

અંતે બાળમંડળનો મહિમા, તેમાંથી મળતી પ્રેરણાઓ અને તેનાથી થતા ફાયદા વર્ણવતાં કીર્તન 'જય જય બાલમંડલમ્' પર બાળકોએ ખૂબ સુંદર ભક્તિનૃત્ય પ્રસ્તુત કર્યું. બાળકોની સુંદર પ્રસ્તુતિઓથી સ્વામીશ્રી સહિત સૌ પ્રભાવિત થયા હતા.

અંતે, બાળકોએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો, 'આપના પ્રિય આદર્શ બાળક બનવા માટે શું કરવું?' સ્વામીશ્રીએ કહ્યું, 'ભગવાને આપેલા નિયમોનું પાલન કરવું. તેનાથી શક્તિ આવશે અને અભ્યાસ સારો થશે. અને બીજું, સત્પુરુષના સંબંધનો મહિમા જાણવો. તેમના સંબંધવાળા બધા જ હરિભક્તોનો મહિમા સમજવો. તેનાથી ઘણો લાભ થશે.'

બાળપ્રવૃત્તિ-કાર્યકરોએ પૂછ્યું, 'અમારી પાસેથી આપને શું અપેક્ષા છે? પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ કહ્યું, 'નિયમ-ધર્મનું પાલન થાય અને સત્સંગલક્ષી સારું કાર્ય કરો.'

પ્રશ્નોત્તરી બાદ સ્વામીશ્રીએ એક એક બોર્ડ પર બાળકોની ઇચ્છાઓ અને મનોભાવો દર્શાવતાં ચિત્રો પર ખરાં-ખોટાંની નિશાની કરી આદર્શ બાળકે શું કરવું શું ન કરવું? તે દર્શાવ્યું. ત્યારબાદ સૌ બાળકોએ પ્રેમ રજૂ કરતાં 'હૃદય'ની મુદ્રા કરી તો બાળસનેહી સ્વામીશ્રીએ પણ હૃદયની મુદ્રા કરી સૌને આનંદ પમાડ્યો હતો.

સભાની અંતિમ પળોમાં - શતાબ્દીના શેરુનું ગીત ગુંજી ઊઠ્યું. તેના તાલે બાળકો અને બાળકાર્યકરો મન મૂકીને ઝૂમી ઊઠ્યા. આ મુક્તો પર રાજીપાની દૃષ્ટિ ઢોળતાં સ્વામીશ્રી વિદાય થયા હતા.

## ■ જન્માષ્ટમી ઉત્સવ

તા ૨૬-૮-૨૦૨૪, શ્રાવણ વદ નોમના દિવસે ભગવાન શ્રીકૃષ્ણના જન્મને વધાવતી 'શ્રીકૃષ્ણ જન્મોત્સવ'ની વિશિષ્ટ સભા યોજાઈ હતી. આ સભાનો લાભ લેવા માટે ખૂબ મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો ઊમટ્યા હતા. જન્મોત્સવનાં ભક્તિપદોથી આરંભાયેલી સભામાં શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોની વિવિધ માધ્યમોથી ગુણગાથા ગવાઈ હતી. વિવેકસાગરદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. નિયત સમયે સભામાં પધારેલા સ્વામીશ્રીને સૌએ હર્ષનાદથી વધાવ્યા.

આજના અવસરને અનુરૂપ બાળ-યુવાવૃંદે 'ગોવિંદા આલા રે આલા...' કીર્તન પર ઉમંગભર્યું ભક્તિનૃત્ય કર્યું હતું.

નૃત્યાંજલિ બાદ ભગવાન





શ્રીકૃષ્ણનો મહિમા ગાતાં સ્વામીશ્રીએ કહ્યું: ''आज भगवान श्रीकृष्ण का प्राकट्य दिन है। वे हिन्दू धर्म और भारतीय संस्कृति के एक मुख्य अवतार के रूप में प्रसिद्ध हैं। भगवान स्वामिनारायण ने अपने प्रिय अवतार के रूप में श्रीकृष्ण भगवान का निर्देश किया है। उनके चरित्रों तथा उपदेशों का आधार लेकर उन्होंने कईबार प्रेरणाएँ दी हैं... श्रीकृष्ण भगवान ने अपने जीवन से हमें नम्रता सिखाई है। जब युधिष्ठिर ने राजसूय यज्ञ किया, तब श्रीकृष्ण भगवान ने सभी के जूठे बर्तन उठाने की सेवा की थी – सबसे नीची सेवा! और प्रेम से। ऐसे चरित्रों के द्वारा वे हमें सदा दास होकर रहने की सीख दे रहे हैं।

श्रीकृष्ण भगवान भक्तवत्सल थे। सुदामा, विदुरजी, कुंताजी, पांडव, गोपियाँ आदि भक्तों की उन्होंने रक्षा की और उनके मनोरथ पूरे किये।

श्रीकृष्ण भगवान का उपदेश भगवद् गीता के नाम से प्रसिद्ध है। वह हिन्दू धर्म का एक मुख्य ग्रंथ है, उसमें भगवान कहते हैं कि 'संभवामि युगे युगे' अर्थात् मैं हर युग में प्रगट होता हूँ। भगवान अपने गुणातीत संत के द्वारा पृथ्वी पर कायम रहते हैं। शास्त्रीजी महाराज ने भी कहा, 'सत्पुरुष पृथ्वी पर से कभी जाते ही नहीं' यानी हमेशा रहते हैं। ऐसे गुणातीत गुरुओं का योग हमें हुआ है – शास्त्रीजी महाराज, योगीजी महाराज, प्रमुखस्वामी महाराज इन सबका योग हमें हुआ है, तो हम बड़े भाग्यशाली है। ये गुणातीत गुरु आध्यात्मिक क्षेत्र में सबसे ऊँचे दरज्जे के थे। उनका योग हमें हुआ है। उनके द्वारा हमें भगवान का अनुभव होता है, तो हम हमेशा सत्संग से जुड़े रहें।''

આશીર્વચનની પૂર્ણાહુતિ બાદ ઠાકોરજીને પારણામાં પધરાવીને સ્વામીશ્રીએ જન્મોત્સવની આરતી ઉતારી. આરતી બાદ દોરી કરમાં લઈને હેતે હરિવરને પારણે ઝુલાવ્યા. સંગીતજ્ઞવૃંદે *'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી; હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી...'* ઉત્સવ-કીર્તનનું ઉમંગે ગાન કર્યું હતું. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ પણ ઠાકોરજીને હેતે ઝુલાવ્યા.

ઠાકોરજી આગળ મેવા-મીઠાઈ અને વિધવિધ શાક-પકવાનોના થાળ ધરાવવામાં આવ્યા હતા.

સ્વામીશ્રીની નિશ્રામાં ભક્તિ-ભાવપૂર્વક ઊજવાયેલા શ્રીકૃષ્ણ-જન્મોત્સવનો લાભ પ્રાપ્ત કરીને સૌએ પ્રભુભક્તિ અદા કરી હતી.

## ■ તુલસીદલં સમર્પયામિ

તા. ૨૮-૮-૨૦૨૪ના રોજ સાયંસભામાં *'તુલસીદલં સમર્પયામિ'* કાર્યક્રમ અંતર્ગત સ્વામીશ્રીએ અહીં રચાનાર બહુમાળી સભા-ભવનનો પ્રારંભ કર્યો હતો. આ નૂતન પ્રકલ્પની ઇષ્ટિકાઓ, નિધિકુંભ વગેરેનું સ્વામીશ્રીએ પૂજન કર્યું હતું. ધર્મવત્સલદાસ સ્વામી અને મુનિવત્સલદાસ સ્વામીએ આ પ્રકલ્પના નકશા દર્શાવી પ્રાસાદિક કરાવ્યા હતા.

આ પ્રસંગે ઉદ્‌બોધનમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પૂર્વેના ભક્તોએ કરેલા અપૂર્વ સમર્પણના પ્રસંગો કહીને સૌને તન-મન-ધનથી આ સેવાનો લાભ લેવાની પ્રેરણા આપી હતી. ત્યારબાદ સ્વામીશ્રી અને તમામ હરિભક્તોએ તુલસીદલ હાથમાં રાખી સમર્પણનો સંકલ્પ કર્યો હતો. સૌ ભક્તો વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વામીશ્રીને તુલસીનો હાર પહેરાવ્યો.

સૌને શુભાશિષ અર્પતાં સ્વામીશ્રીએ કહ્યું : ''यह हॉल एकदम बढ़िया होगा और सबको सत्संग-दर्शन आदि का बहुत अच्छा सुख प्राप्त होगा। सबकी प्रगति भी होगी।''

ત્યારબાદ મુખ્ય મુખ્ય હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણે તુલસીદલ અર્પણ કર્યાં. સ્વામીશ્રીની વિદાય બાદ તમામ પુરુષ-મહિલા ભક્તોએ ક્રમશઃ ઠાકોરજીનાં ચરણોમાં તુલસીદલ અર્પણ કરીને સમર્પણ-ભક્તિ અદા કરી હતી.

## ■ પૂજન-અર્ચન

તા. ૨૯-૮-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ અક્ષરધામ પરિસરના એક નૂતન પ્રકલ્પનો પ્રારંભ કર્યો હતો. અક્ષરધામના 'ભારત ઉપવન'માં શ્રી નીલકંઠવર્ણીની ભવ્ય તપોમૂર્તિ પધરાવવાની છે! સ્વામીશ્રીએ તે મૂર્તિ નીચે પ્રસ્થાપિત કરવાનાં યંત્રો, નિધિકુંભ, ભૂમિના દેવતા વગેરેનું અક્ષરપુરુષોત્તમ મહારાજની દૃષ્ટિમાં પૂજન કર્યું હતું. નિધિકુંભમાં રત્ન અને ભૂમિના દેવતા પધરાવ્યાં. ચંદનવાળું પુષ્પ, અક્ષત પણ પધરાવ્યાં હતાં. ત્યારપછી ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી અને અન્ય અગ્રણી સંતોએ પણ કુંભમાં પુષ્પાદિ પધરાવ્યાં હતાં.

આ અવસરે આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''નીલકંઠવર્ણીની ભવ્ય મૂર્તિ અહીં શોભશે. બધા અચંબો પામશે કે – અહીં આવી ભવ્ય મૂર્તિ ક્યાંથી? શ્રી નીલકંઠવર્ણીનો ડંકો વાગશે. દૂર-દૂરથી બીજા બધા સ્ટેટના લોકોને ખેંચશે અને સારું કામ થશે.''

'આ કાર્ય સારામાં સારી રીતે અને

નિર્વિઘ્ને પૂરું થાય' તેવી ઈશ્વરચરણદાસ સ્વામી અને સૌએ પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ શુભાશિષ અર્પ્યા.

રાજસ્થાનમાં વિવિધ જગ્યાઓએ બી.એ.પી.એસ. મંદિર રચાઈ રહ્યાં છે. તેનું સંચાલન કરતા સંતોએ તેના માટેની પ્રાર્થનાઓ કરીને આશિષ મેળવ્યા.

દ્વિતીય દિને સ્વામીશ્રીએ જ્યાં તપોમૂર્તિ નીલકંઠવર્ણી મહારાજની ભવ્ય મૂર્તિ સ્થાપિત થવાની છે તે સ્થાને પધારીને ભૂમિનું નિરીક્ષણ કર્યું હતું. અહીં પ્રસ્થાપિત થનાર નીલકંઠવર્ણીની દિવ્યમૂર્તિની અથથી ઈતિ વિગતો મેળવીને સ્વામીશ્રી આનંદ પામ્યા અને આશિષ અર્પ્યા. ત્યારબાદ વિધિમંત્રો સાથે સ્વામીશ્રીએ નીલકંઠવર્ણીને ધારણ કરનાર ભૂમિનું પૂજન કર્યું. આરતી બાદ શુભાશિષ અર્પતાં કહ્યું: ''નીલકંઠવર્ણી સારી રીતે બેસી જશે, કોઈ વિઘ્ન આવશે નહીં અને બધું સારી રીતે થશે અને શોભામાં વધારો થશે.''

## ■ પ્રતીક જન્મજયંતી ઉત્સવ

તા. ૩૧-૮-૨૦૨૪ના રોજ દિલ્હી તેમજ ઉત્તર ભારતના હરિભક્તોએ ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૯૧મો પ્રતીક જન્મજયંતી ઉત્સવ મનાવ્યો હતો. આ અવસરે સર્વસ્વ ચોકમાં ઝગમગતા દીવડાઓથી ખૂબ સુંદર સુશોભન સાથે 'शतं जीव शरदः' સૂત્ર રચવામાં આવ્યું હતું. સ્વામીશ્રીની વિવિધ લાક્ષણિક છબિઓ અને જન્મદિનના અભિનંદન પાઠવતાં વાક્યો શોભી રહ્યાં હતાં. સંતો-ભક્તોની આ ભક્તિને સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા. અહીં પણ ફૂલોનાં વિશેષ સુશોભનની વચ્ચે અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ આરતી ઉતારી. ઘુમ્મટ નીચે રચવામાં આવેલી સુંદર પુષ્પ-રંગોળીની વચ્ચે બિરાજમાન થઈને સૌને દર્શન આપ્યાં. અહીંથી પ્રાતઃપૂજામાં પધારીને સૌને દર્શનલાભ આપ્યો. પૂજા દરમ્યાન જન્મજયંતીને અનુરૂપ કીર્તનોનું ગાન કરીને સંગીતજ્ઞોએ ગુરુવંદના કરી હતી.

સાયંકાળે 'પ્રમુખસ્વામી સભાગૃહ'માં ગુરુહરિવંદના સમારોહ યોજાયો હતો. સેવક-સંતોએ સ્વામીશ્રીના પ્રસંગો કહીને ગુરુ-મહિમા ગાયો હતો. તેને અનુરૂપ વીડિયો પણ દર્શાવાયા હતા. બાદ વિવેકસાગરદાસ સ્વામી અને ઈશ્વરચરણદાસ સ્વામીએ સ્વાનુભવના મહંત સ્વામી મહારાજના પ્રસંગો વર્ણવી મહિમા ગાયો હતો. ત્યારબાદ બાળ-યુવાવૃંદે *'ગુણાતીત પરંપરાને કોટિ કોટિ વંદન...'* કીર્તન પર ખૂબ સરસ નૃત્ય અભિવંદના કરી હતી.

આ શુભ અવસરે આશીર્વાદ અર્પતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''स्वामिनारायण भगवान ने कितनी बड़ी कृपा की! वे इस ब्रह्मांड में सबका कल्याण करने आये, यह बड़ी बात है। वे ब्रह्मांडों-ब्रह्मांडों के राजाधिराज है, फिर भी उन्होंने एक-एक, छोटे से छोटे हरिभक्त को नज़र बाहर नहीं रखा। उनके योग में आये, उनको उन्होंने कितना प्यार दिया! कितनी कृपा की! वे स्वधाम पधारे, उनके बाद गुणातीत संत के द्वारा भी उनका प्राकट्य चालु रहा, तो - कृपा, कृपा, कृपा! अब हम सच्चे भक्त बनें तो भगवान संभाल लेंगे और अपने जैसा ही सुख देंगे। हमें इस सत्संग का योग हुआ है, तो इस सत्संग को प्राण से प्यारा रखना, तो सब काम हो जाएगा।''

આશીર્વચનની સમાપ્તિ બાદ સૌ સંતો-ભક્તો વતી ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીને વધાવ્યા.

સ્વામીશ્રી સંગે સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યું. ત્યારબાદ અક્ષરધામ મહામંદિરના કોઠારી સંત મુનિવત્સલદાસ સ્વામીએ સૌ સંતો-હરિભક્તો વતી દિલ્હીમાં અદ્‌ભુત સત્સંગલાભ આપવા બદલ સ્વામીશ્રીનો આભાર માન્યો હતો.

જયપુરના રાજેન્દ્ર શર્મા (ઉં. ૫૨ વર્ષ) નામના હરિભક્તે સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ખૂબ સારું રહે અને તેઓનો રાજીપો મળે તે હેતુથી જયપુરથી દિલ્હી અક્ષરધામ સુધીની ૨૭૦ કિલોમીટરની પદયાત્રા કરી હતી. આ પદયાત્રા દરમ્યાન તેમણે અખંડ સ્વામિનારાયણ મંત્રનો જાપ કર્યો હતો. ગત વર્ષે સ્વામીશ્રી આણંદ બિરાજમાન હતા ત્યારે પણ તેમણે જયપુરથી આણંદની ૭૦૦ કિલોમીટરની પદયાત્રા કરી હતી!

સ્વામીશ્રીએ આ હરિભક્તની ભક્તિને બિરદાવી આશીર્વાદ આપ્યા.

## ■ વિદાય

તા. ૨-૯-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ મુંબઈ જવા માટે દિલ્હીના સંતો-હરિભક્તોની વિદાય લીધી હતી. સૌ ભક્તો વતી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીને વિદાયમાન આપ્યું હતું.

દિલ્હી વાસીઓનાં દિલોમાં સત્સંગ -સ્મૃતિઓનો ખજાનો ભરીને સ્વામીશ્રી મુંબઈ પધાર્યા હતા.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની ૫૦ વર્ષની ઉજવણી દરમ્યાન ઠેર ઠેર થયાં સન્માનો...

યુ.એસ.એ. અને કેનેડા એટલે કે નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગને સન ૨૦૨૪માં ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદ મુજબ સન ૧૯૭૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ન્યૂયોર્કના ફ્લશિંગ વિસ્તારમાં પ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની સ્થાપના કરી એ ક્ષણ સનાતન હિન્દુ સંસ્કૃતિ માટે ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ છે. ત્યારથી લઈને આજપર્યંત છેલ્લાં ૫૦ વર્ષોથી ભારતના ધાર્મિક અને સાંસ્કૃતિક વારસાને આ ખંડમાં જીવંત રાખવાનું ભગીરથ કાર્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાએ કર્યું છે. આજે નોર્થ અમેરિકામાં ૧૧૬થી વધુ બી.એ.પી.એસ. મંદિરોની ધર્મધજાઓ ફરકી રહી છે. અણિશુદ્ધ સત્સંગ અને મંદિરોની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની ઉત્તર અમેરિકામાં સૌ કોઈ નોંધ લે છે અને સંસ્થાનાં આ મહાન કાર્યોને હૃદયથી બિરદાવે છે.

તાજેતરમાં મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વિવિધ સ્તરે ઊજવાઈ રહેલા નોર્થ અમેરિકાના 'બી.એ.પી.એસ. સુવર્ણ મહોત્સવ'નો નાદ બી.એ.પી.એસ. સંસ્થાની સાથે અમેરિકાની અનેક રાજ્યોની સંસદોમાં પણ ગુંજ્યો છે.

તા. ૩૦-૭-૨૦૨૪ના રોજ, ન્યૂયોર્કના જાણીતા લોકનેતા અને કૉંગ્રેસમેન થોમસ સુઓઝી અને કૉંગ્રેસવુમન યંગ કિમે બી.એ.પી.એસ. સંસ્થાની વિવિધ સ્તરે સેવાઓ અને સિદ્ધિઓને માન્યતા આપીને ૧૧૮મી કૉંગ્રેસ પાર્લામેન્ટમાં દ્વિપક્ષીય ઠરાવ (H.Res.1394) રજૂ કર્યો હતો. આ ઠરાવમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત વચ્ચેની ભાગીદારીને 'લોકશાહી, ધાર્મિક બહુલતા, માનવ અધિકાર, સ્વતંત્રતા અને કાનૂની શાસનના સહિયારા સિદ્ધાંતો પર આધારિત' ગણાવીને જણાવ્યું કે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા આ સિદ્ધાંતો માટે પ્રતિબદ્ધ છે. આ મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં બી.એ.પી.એસ. સંસ્થાનું યોગદાન નોંધપાત્ર છે.

આ નોંધપાત્ર સીમાચિહ્નરૂપ અવસરને સન્માનિત કરવા માટે અમેરિકાનાં વિવિધ રાજ્યોનાં પ્રતિષ્ઠિત શહેરો અને લોકનેતાઓએ બી.એ.પી.એસ. સંસ્થાને સન્માનપત્રો










અમેરિકાનાં વિવિધ રાજ્યોની સંસદોમાં અમેરિકન લોકનેતાઓએ બી.એ.પી.એસ. સંસ્થાને સન્માનપત્રો આપીને બહુમાન કર્યું...

આપીને સંસ્થાનું બહુમાન કર્યું છે. આ બહુમાનોના ઉપક્રમે યુ.એસ.એ.નાં ૧૭ રાજ્યોનાં મહાનગરો અને કાઉન્ટીઓએ **તા. ૪ ઑગસ્ટ, ૨૦૨૪**ના દિવસને 'બી.એ.પી.એસ. દિન' તરીકે જાહેર કર્યો હતો. આ એ ઐતિહાસિક દિવસ છે, જ્યારે પ્રમુખસ્વામી મહારાજના હસ્તે બી.એ.પી.એસ.ના પ્રથમ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થયાને બરાબર ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હતાં. યુ.એસ.એ.ની ધરતી પર બી.એ.પી.એસ. સંસ્થાએ આપેલાં પ્રદાનોમાં માત્ર મંદિરોનાં ભવ્ય સ્થાપત્યો કે સાંસ્કૃતિક સિદ્ધિઓની જ વાત નથી, પરંતુ હજારો લોકોની આધ્યાત્મિક ઉન્નતિ અને જનજનની નિઃસ્વાર્થભાવે કરેલી લોકસેવાઓનો પણ મોટો હિસ્સો છે.

સંસ્થાના એક સ્વયંસેવક શ્રી ગિરીશ પટેલ આ સીમાચિહ્નરૂપ પ્રસંગને પ્રતિબિંબિત કરતાં કહે છે, '૩૦ વર્ષથી બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવક તરીકે, મેં દેશભરમાં બી.એ.પી.એસ. સંસ્થાની નોંધપાત્ર સેવાઓને અને તેના પ્રભાવને પ્રત્યક્ષ રીતે જોયાં છે. નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. સંસ્થાની ૫૦ વર્ષની યાત્રાને સન્માનતો ઠરાવ કૉંગ્રેસમાં રજૂ કરવામાં આવ્યો છે તે માત્ર અમારી સંસ્થાનું જ સન્માન નથી, પરંતુ હજારો નિઃસ્વાર્થ સ્વયંસેવકોનું સન્માન છે, એ સ્વયંસેવકોના પ્રેરણામૂર્તિ અમારા ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું સન્માન છે. આ સન્માન બદલ અમે આભારી છીએ, અમારા સાંસ્કૃતિક વારસાને જાળવવા અને સમાજની સેવા કરવાની અમારી પ્રતિબદ્ધતાને આ સન્માનથી વધુ પ્રેરણાબળ મળશે.'

અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં સૂર પુરાવતાં કેલિફોર્નિયા રાજ્ય વિધાનસભાએ પણ તા. ૫-૮-૨૦૨૪ના રોજ એક ઠરાવ પસાર કરીને સંસ્થાનું બહુમાન કર્યું. વિધાનસભ્ય શ્રી એલેક્સ લીએ રજૂ કરેલા આ ઠરાવને વિધાનસભાના સભ્ય શ્રી સ્ટેફની ન્યેન, શ્રી એશ કાલરા, શ્રી લિઝ ઓર્ટેગા અને શ્રી ફિલિપ ચેને સમર્થન આપ્યું હતું. આ ઠરાવ બી.એ.પી.એસ. સંસ્થાને ગૌરવાન્વિત કરાવતી મહત્ત્વપૂર્ણ બાબત છે. સંસ્થાનું ગૌરવ વધારતા આ પ્રસંગની ઉજવણી કરવા રાજધાની સેક્રામેન્ટોની વિધાનસભામાં સમગ્ર કેલિફોર્નિયામાંથી બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો અનન્ય ઉત્સાહ સાથે એકત્રિત થયા હતા.

બી.એ.પી.એસ. સંસ્થાની રચનાત્મક સેવાઓથી

પ્રભાવિત શ્રી એલેક્સ લીએ જણાવ્યું: 'સન ૧૯૭૪થી બી.એ.પી.એસ. સંસ્થા આધ્યાત્મિકતા અને સેવાને પ્રાધાન્ય આપતી સમર્પિત સંસ્થા છે. તેણે શૈક્ષણિક કાર્યક્રમો, માનવતાવાદી સેવાઓ અને વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની પહેલ કરીને અસંખ્ય પીડિત અને જરૂરિયાતમંદ વ્યક્તિઓના જીવનને સુખી બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.'

સંસ્થાએ પાંચ પાંચ દાયકાઓથી સમગ્ર નોર્થ અમેરિકામાં નિઃસ્વાર્થ સેવા, શ્રદ્ધા અને સંવાદિતાનાં મૂલ્યોના પ્રસારણ માટે સતત પુરુષાર્થ કર્યો છે. નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ.નાં ૧૧૬ મંદિરો અને સેંકડો સત્સંગકેન્દ્રોમાં થઈ રહેલાં રચનાત્મક કાર્યોમાં સંસ્થાના સિદ્ધાંતો તેમજ સંસ્થાની સંગઠન શક્તિનું પ્રતિબિંબ નીરખવા મળે છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા એ એક એવી વૈશ્વિક હિંદુ સંસ્થા છે, જે લોકહૈયે શ્રદ્ધાના દીપકને પ્રજ્વલિત રાખવાની સાથે નિઃસ્વાર્થભાવે સમાજની સેવા કરવા માટે સમર્પિત અને પ્રતિબદ્ધ છે. અમેરિકામાં સંસ્થાનાં ૫૦ વર્ષની ઉજવણી ખરેખર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના અથાક પુરુષાર્થની ઉજવણી છે. જગતભરમાં હિન્દુ સંસ્કૃતિનાં મૂલ્યોનું પ્રસારણ કરીને સંસ્થાને વિશ્વફલક સુધી લઈ જનાર આ ગુરુવર્યોએ અસંખ્ય લોકોમાં નિઃસ્વાર્થ સેવા, સહિષ્ણુતા અને સંવાદિતાનાં મૂલ્યોનું સિંચન કર્યું છે, તેનું આ પ્રતિબિંબ છે. આ એક એવો અમર વારસો છે જે આવનારી અનેક પેઢીઓને માર્ગદર્શન આપતો રહેશે. ◆

**નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં નીચેનાં રાજ્યો અને મહાનગરોએ તા. ૪ ઓગસ્ટ, ૨૦૨૪ને 'બી.એ.પી.એસ. દિન' તરીકે જાહેર કર્યો અને સન્માનપત્ર અર્પણ કર્યા...**

■ **ન્યૂયોર્ક રાજ્યઃ**
● ન્યૂયોર્ક સ્ટેટ સેનેટ એન્ડ ઍસેમ્બ્લી દ્વારા સન્માનપત્ર

■ **ન્યૂજર્સી રાજ્યઃ**
● એડિસન ટાઉનશિપ

■ **અલાબામા રાજ્યઃ**
● અલાબામા હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ ● અલાબામા સેનેટ
**શહેરોઃ** બર્મિંગહામ, ડોથન, હૂવર, મોન્ટગોમરી, ઓપેલિકા

■ **કેલિફોર્નિયા રાજ્યઃ**
● કેલિફોર્નિયા સ્ટેટ એસેમ્બલી
**શહેરોઃ** ઈર્વિન, સાનહોઝે

■ **ફ્લોરિડા રાજ્યઃ**
● હિલ્સબોરો કાઉન્ટી
**શહેરઃ** ટેમ્પા

■ **ટેક્સાસ રાજ્યઃ**
● ગવર્નરશ્રી ગ્રેગ એબોટ દ્વારા બહુમાનપત્ર ● ડલાસ કાઉન્ટી
**શહેરોઃ** ઓસ્ટિન, કેરોલ્ટન, ઈરવિંગ, સાન એન્ટોનિયો, સુગર લેન્ડ, રાઉન્ડ રોક, ફ્રિસ્કો, પ્રોસ્પર

■ **કેન્ટુકી રાજ્યઃ**
● કેન્ટુકી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ
**શહેરઃ** બોલિંગ ગ્રીન શહેરે તા. ૩૧-૭-૨૦૨૪ને બી.એ.પી.એસ. દિન તરીકે જાહેર કર્યો.

■ **ઇન્ડિયાના રાજ્યઃ**
**શહેરઃ** ગ્રીનવુડ

■ **વર્જિનિયા રાજ્યઃ**
● ફેરફેક્સ કાઉન્ટી

■ **મેરીલેન્ડ રાજ્યઃ**
● ગવર્નરશ્રી દ્વારા પ્રશસ્તિપત્ર
● સ્ટેટ ઓફ મેરીલેન્ડ, પ્રિન્સ જ્યોર્જ કાઉન્ટી

■ **મેસેચ્યુસેટ્સ રાજ્યઃ**
● મેસેચ્યુસેટ્સ સ્ટેટ સેનેટ
**શહેરઃ** લોવેલ

■ **મિસિસિપી રાજ્યઃ**
● સ્ટેટ ઓફ મિસિસિપી, ગવર્નરશ્રી દ્વારા ઠરાવપત્ર
**શહેરોઃ** જેક્સન, ફ્લોવુડ, વિક્સબર્ગ

■ **મિઝોરી રાજ્યઃ**
**શહેરઃ** સેન્ટ લૂઈસ

■ **નોર્થ કેરોલિના રાજ્યઃ**
● નોર્થ કેરોલિના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ, વેક કાઉન્ટી
**શહેરઃ** કેરી ટાઉન

■ **પેન્સિલવેનિયા રાજ્યઃ**
● હેટફીલ્ડ ટાઉનશિપ

■ **ટેનેસી રાજ્યઃ**
● ટેનેસી સેનેટ, ટેનેસી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ, ડેવિડસન કાઉન્ટી
● સેનેટર માર્શ બ્લેકબર્નનો અભિનંદન પત્ર
**શહેરોઃ** મેટ્રોપોલિટન ગવર્નમેન્ટ ઓફ નેશવિલ, મરફિસબરો, ક્લાર્ક્સવિલ, કોલંબિયા, ફ્રેન્કલિન, મેમ્ફિસ, બાર્ટલેટ, ટાઉન ઓફ કોલિયરવિલ, જર્મન ટાઉન, આર્લિંગ્ટન ટાઉન, બ્રેન્ટવૂડ, હેન્ડરસનવિલ

■ **વોશિંગ્ટન રાજ્યઃ**
**શહેરઃ** બેલેવ્યૂ

■ **ઇલિનોઇસ રાજ્યઃ**
● ઇલિનોઇસ સેનેટ - પ્રોક્લેમેશન

■ **મિનેસોટા રાજ્યઃ**
● ગવર્નરશ્રી અને લેફ્ટનન્ટ ગવર્નરશ્રી દ્વારા પ્રમાણપત્ર





# નોર્થ અમેરિકાનાં સત્સંગ કેન્દ્રોમાં યોજાઈ બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતી અને સંયુક્ત મંડળની તાલીમ શિબિરો

નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગને ૫૦ વર્ષ પૂર્ણ થતાં અમેરિકામાં ગતિમાન દરેક બી.એ.પી.એસ. સત્સંગમંડળોમાં આ ઉત્સવની હરખભેર ઉજવણી થઈ રહી છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદથી અને પ્રમુખસ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થ અને અથાક વિચરણને પગલે માત્ર ત્રણ હરિભક્તોમાંથી પાંગરેલો નોર્થ અમેરિકાનો સત્સંગ આજે વટવૃક્ષ બન્યો છે. તેની શીતળ છાયામાં અમેરિકામાં ઊછરતી નવી પેઢી ભારતીય સંસ્કારોથી અલંકૃત થઈ રહી છે. અમેરિકાનાં વૈભવી શહેરોમાં બી.એ.પી.એસ. સંસ્થાની સત્સંગ પ્રવૃત્તિ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન અનેકવિધ ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા યોજાતી રહે છે. તેમાંનું એક આયોજન એટલે ગ્રીષ્મ શિબિરો. બાળકોથી લઈને વડીલો સુધી સૌને વિવિધ મૂલ્યો અને કૌશલ્યોની તાલીમ આપતી આ ગ્રીષ્મ શિબિરો આ વર્ષે એક વિશિષ્ટ મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ ગઈ.

સન ૧૯૭૪માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે એક પ્રસંગે આશીર્વચન ઉચ્ચારતાં કહ્યું હતું કે 'ઉત્તર અમેરિકાના હરિભક્તોને અક્ષરધામનું સુખ મળશે.'

આ આશીર્વાદની સાર્થકતાનો અનુભવ સૌ ભક્તોએ ગત વર્ષે રોબિન્સવિલ અક્ષરધામના ઉદ્‌ઘાટન સમયે કર્યો. સ્વયંસેવકોના અથાક પ્રયાસો અને અપ્રતિમ સેવા-સમર્પણને પરિણામે રચાયેલા સ્વામિનારાયણ અક્ષરધામમાં મૂર્તિપ્રતિષ્ઠાના અવસરે ગુરુહરિ મહંત સ્વામી મહારાજે ઉચ્ચાર્યું હતું કે 'ભૌતિક રીતે અક્ષરધામનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે. હવે અક્ષરધામને આપણા હૃદયની અંદર પણ નિર્માણ કરવાનું છે. એટલે કે આપણું અંતઃકરણ શુદ્ધ કરવાનું છે. અંતઃકરણ શુદ્ધ થશે તો મહારાજ-સ્વામી

અખંડ આપણાં હૃદયમાં બિરાજમાન થશે.' આ આશીર્વાદને પરિપ્રેક્ષ્યમાં રાખીને, 'અંદર અક્ષરધામ'ના મધ્યવર્તી વિચાર સાથે અમેરિકામાં ગતિમાન બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતી અને સંયુક્ત સત્સંગ કેન્દ્રોની ગ્રીષ્મ શિબિરો જુદાં જુદાં શહેરોમાં યોજાઈ હતી.

### બાળ-બાલિકા શિબિર

તા. ૧ જૂનથી ૩ ઑગસ્ટ, ૨૦૨૪ દરમ્યાન ઉત્તર અમેરિકાનાં એટલાન્ટા, શિકાગો, ડલાસ, એડમિન્ટન, લોસ એન્જલસ, રોબિન્સવિલ, ટોરન્ટો, વિનિપેગ વગેરે બી.એ.પી.એસ. મંદિરોમાં ૭ થી ૧૩ વર્ષનાં બાળ-બાલિકાઓની શિબિર યોજાઈ હતી. 'અંદર અક્ષરધામ'ના મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરમાં નિર્ધારિત તારીખે જુદાં જુદાં સત્સંગ સેન્ટરનાં ૫૫૦૦થી વધુ બાળ-બાલિકાઓ ઉપરોક્ત મંદિરમાં ત્રિદિવસીય શિબિરનો લાભ લેવા આવી પહોંચ્યાં હતાં. શિબિરના મધ્યવર્તી વિચારને અનુરૂપ મંદિર પરિસરમાં રચાયેલાં સુશોભનોએ સૌ બાળકોમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

સૌ બાળકોને 'અંદર અક્ષરધામ' કેવી રીતે બનાવવું તે અંતર્ગત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એટલે કે સદાચાર, આધ્યાત્મિક જ્ઞાન, ઈલેક્ટ્રોનિક્સ ગૅઝેટ્સનો મર્યાદિત ઉપયોગ, આહ્‌નિક જેવા સદ્‌ગુણોને દૈનિક જીવનનો એક ભાગ બનાવવાની સમજ વિવિધ સત્રોમાં આપવામાં આવી. સત્સંગયુક્ત જીવન અને નિયમ-ધર્મના પાલન દ્વારા ગુરુહરિનો રાજીપો પ્રાપ્ત થતાં હૃદયમાં અક્ષરધામનું નિર્માણ થાય છે, તે વિષયની સંતોએ અદ્‌ભુત છણાવટ કરી હતી. શિબિરમાં જુદી જુદી ઍક્ટિવિટી, રચનાત્મક સંવાદો, સમૂહચર્ચા, ગોષ્ઠિ, સંતપ્રવચન, મંદિરદર્શન, શ્રી નીલકંઠવર્ણી અભિષેક, સમૂહ પ્રાતઃપૂજાનો લાભ પ્રાપ્ત કરીને સૌ બાળ-બાલિકાઓ ખૂબ આનંદિત થયાં હતાં. શિબિરમાં ગમ્મત સાથે જ્ઞાન માણીને બાળકોએ તેના સંદેશને આત્મસાત્ કર્યો હતો.

### કિશોર-કિશોરી શિબિર

તા. ૧ જૂનથી ૩ ઑગસ્ટ, ૨૦૨૪ દરમ્યાન નોર્થ અમેરિકામાં જુદાં જુદાં શહેરોમાં કાર્યરત બી.એ.પી.એસ. કિશોર-કિશોરી મંડળની ત્રિદિવસીય શિબિર એટલાન્ટા, શિકાગો, ડલાસ, લોસ એન્જલસ, રોબિન્સવિલ અને ટોરન્ટો બી.એ.પી.એસ. મંદિરોમાં યોજાઈ હતી, જેમાં હાઈસ્કૂલ અને કૉલેજમાં અભ્યાસરત ૫,૦૦૦થી વધુ કિશોર-કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

'અંદર અક્ષરધામ'ના મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરમાં 'અક્ષરધામનું સુખ', 'અક્ષરધામના સુખની સમજણ', 'અક્ષરધામની અનુભૂતિ', 'આજ્ઞાપાલન', 'ઉપાસના', 'ગુરુહરિમાં જોડાણ' અને 'ભગવાન અને ગુરુમાં વિશ્વાસ' વિષયક પ્રેરક સત્રો યોજાયાં હતાં.

ઉપરોક્ત સત્રોને દૃઢાવતાં સંતોનાં પ્રેરક વક્તવ્યો, આધુનિક ટૅક્નૉલૉજીનાં સંયોજન સાથે પ્રસ્તુત થયેલાં રચનાત્મક સંવાદો, ભક્તિનૃત્ય, સમૂહચર્ચા, ગોષ્ઠિ સાથેના કાર્યક્રમોએ શિબિરોને વિશેષ રસપ્રદ બનાવી હતી. સાથે સાથે મંદિર પરિસરમાં સમૂહ પ્રાતઃપૂજા, કીર્તન આરાધના, શ્રી નીલકંઠવર્ણી જલાભિષેક જેવા અનેકવિધ પ્રેરક કાર્યક્રમો દ્વારા આ શિબિર સૌ માટે અવિસ્મરણીય બની રહી હતી.

### યુવક-યુવતી શિબિર

નોર્થ અમેરિકામાં જુદાં જુદાં શહેરોમાં કાર્યરત યુવક-યુવતી મંડળોની શિબિર તા. ૧ જૂનથી ૩ ઑગસ્ટ





આધુનિક્તમ પ્રસ્તુતિઓ, સંવાદો અને સંતોનાં પ્રવચનોએ શિબિરમાં અનેરું આકર્ષણ જમાવ્યું...

દરમ્યાન મિલવૉકી, પેરી, ટોરન્ટો, વૉશિંગ્ટન ડી.સી. વગેરે બી.એ.પી.એસ. મંદિરોમાં યોજાઈ હતી.

આ શિબિરમાં 'અંદર અક્ષરધામ'નું નિર્માણ કરવા માટે આવશ્યક સત્સંગ મૂલ્યોની પરિપુષ્ટ કરતાં 'સત્સંગમાં સુખ,' 'અમારી પ્રાપ્તિ', 'પ્રાપ્તિનો વિચાર', 'આહ્નિક', 'શ્રદ્ધા' અને 'મારી યાત્રા (My Journey)' વિષયક વિવિધ સત્રો યોજાયાં હતાં. અદ્ભુત સંદેશને પ્રસ્તુત કરતી આ આવી હતી.

સમગ્ર શિબિર દરમ્યાન ભગવાન સ્વામિનારાયણના સમયના શિવલાલ શેઠ, સુરાખાચર, આત્માનંદ સ્વામી અને વાઘાખાચર આદિ સંતો-હરિભક્તોનાં જીવન પર કેસ-સ્ટડી દ્વારા પ્રકાશ પાથરવામાં આવ્યો. ભગવાન અને ગુરુ સાથેનું જોડાણ કઈ રીતે વધારી શકાય, એ આ સંતો-હરિભક્તોના જીવનમાંથી શીખ લઈને, એ મૂલ્યોને





સમૂહચર્ચા, ગોષ્ઠિ અને અન્ય પ્રેરણાત્મક કાર્યક્રમો દ્વારા શિબિરમાં આબાલવૃદ્ધ હરિભક્તોએ અદ્ભુત પ્રેરણા પ્રાપ્ત કરી...

શિબિરે સૌ યુવાનોને જીવનભરની આધ્યાત્મિક યાત્રાનો રાહ ચીંધ્યો હતો. ખરેખર! આ શિબિર હૃદયમાં અક્ષરધામનું નિર્માણ કરવા માટે દીવાદાંડી સમાન બની રહી હતી.

## સંયુક્ત મંડળ સત્સંગ શિબિર

સમગ્ર નોર્થ અમેરિકામાં ગતિમાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગનાં સંયુક્ત સત્સંગ મંડળોની શિબિર તા. ૧ જૂનથી ૩ ઑગસ્ટ દરમ્યાન યોજાઈ હતી.

'અંદર અક્ષરધામ' શીર્ષક હેઠળ યોજાયેલી આ શિબિર એટલાન્ટા, બોસ્ટન, એડિસન, લોસ એન્જલસ, ફિલાડેલ્ફિયા, રોબિન્સવિલ, વૉશિંગ્ટન ડી.સી. સહિત ૨૭ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાઈ હતી.

શિબિરના પ્રથમ દિવસે આહ્નિક વિષયક સંતોનાં પ્રવચનોમાં આહ્નિક દ્વારા કઈ રીતે સમગ્ર દિવસ દરમ્યાન એક આધ્યાત્મિક જોડાણની અનુભૂતિ થાય છે અને નિયમ-ધર્મના પાલનથી વ્યક્તિની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે એના પર ભાર મૂકવામાં આવ્યો. દ્વિતીય દિને પ્રાપ્તિના વિચારો દ્વારા પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા, નિષ્ઠા અને વિશ્વાસ દૃઢ કરવા ખૂબ જરૂરી છે, એની વિશેષ રજૂઆત સ્કિટ અને વીડિયોના માધ્યમથી કરવામાં આવી હતી.

રોજબરોજના જીવનમાં કઈ રીતે સમાવી શકાય એના ઉપર વિશેષ ચિંતન કરવામાં આવ્યું હતું.

તૃતીય દિને, નોર્થ અમેરિકામાં બી.એ.પી.એસ. સત્સંગનાં ૫૦ વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ દ્વારા નોર્થ અમેરિકામાં જે મહોત્સવો ઊજવવામાં આવ્યા તેની ઝાંખી એક વીડિયો દ્વારા સૌએ માણી.

અંતિમ સત્રમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પ્રચંડ પુરુષાર્થ અને માર્ગદર્શનથી કઈ રીતે બી.એ.પી.એસ. સંસ્થાનો આધ્યાત્મિક સંદેશ સમગ્ર નોર્થ અમેરિકામાં પ્રસર્યો તેની ઐતિહાસિક ગાથા પ્રસ્તુત થઈ. સમગ્ર શિબિર દરમ્યાન શિબિરાર્થી હરિભક્તોએ જીવનમાં વિશ્વાસ અને ભક્તિ કેળવીને આધ્યાત્મિક ઉન્નતિ કઈ રીતે કરી શકાય, એ વિષયક અદ્ભુત પ્રેરણા પ્રાપ્ત કરી હતી.

ઉપરોક્ત શિબિરોના ઝીણવટભર્યા આયોજન તેમજ પ્રેરક કાર્યક્રમોની રચના અને પ્રસ્તુતિ માટે સંતો અને સ્વયંસેવકોએ અથાગ પુરુષાર્થ કરીને ગુરુહરિ મહંત સ્વામી મહારાજની વિશેષ પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

◆

# શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, હ્યુસ્ટન અને ડેટ્રોઈટના દ્વિદશાબ્દી ઉત્સવના ઉપક્રમે યોજાયા ભક્તિસભર કાર્યક્રમો



હ્યુસ્ટન મંદિરના દ્વિદશાબ્દી પર્વે, નૂતન સભાગૃહના ઉદ્‌ઘાટન અવસરે મંચ પર પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતવૃંદ...

અમેરિકાના દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રમાં ટેક્સાસ રાજ્યના મહાનગર હ્યુસ્ટનમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૦૪માં રચેલા શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થયાં છે. ભારતીયોની શાન વધારતું અને હિન્દુ ધર્મનાં મૂલ્યોની ભાગીરથી વહાવતું આ મંદિર અનેકવિધ સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું પણ કેન્દ્રસ્થાન બન્યું છે. આ મંદિરનો દ્વિદશાબ્દી ઉત્સવ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તા ૯ થી ૧૩ ઑગસ્ટ, ૨૦૨૪ દરમ્યાન યોજાઈ ગયો.

પ્રથમ દિને, તા ૯ ઑગસ્ટના રોજ મંદિર પરિસરમાં રચાયેલા નૂતન 'નારાયણ સભામંડપ'નું ઉદ્‌ઘાટન જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ કર્યું હતું. આધુનિક સુવિધાઓથી સજ્જ આ ભવ્ય સભાગૃહ સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો. આજની સંધ્યાસભામાં અહીં સંગીતજ્ઞ સંતો દ્વારા કીર્તનભક્તિ યોજાઈ.

દ્વિતીય દિને સવારે કળશયાત્રા, વેદોક્ત મહાપૂજાવિધિ અને ત્યારબાદ સત્સંગસભા યોજાઈ હતી. સંધ્યાકાળે મંદિરનું ગગન શાનદાર આતશબાજીથી ઝળહળી ઊઠ્યું હતું. તૃતીય દિને મહિલાપાંખ દ્વારા પ્રેરણાસભર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આજે વિવિધ ધર્મો અને ભારતીય સમાજના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં અન્ય એક કાર્યક્રમ 'કૉમ્યુનિટી ડે' પણ યોજાયો હતો. સાયંસભામાં કાર્યકર સુવર્ણ મહોત્સવ અંતર્ગત અહીંનાં જુદાં જુદાં શહેરોનાં સત્સંગમંડળના વિકાસમાં ભગીરથ પ્રદાન આપનાર, કર્તવ્યનિષ્ઠ કાર્યકરોનો અભિવાદન સમારોહ યોજાયો હતો.

તા. ૧૩-૮-૨૦૨૪ના રોજ સવારે મંદિરનો ૨૦મો પાટોત્સવ અને ત્યારબાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. તેમાં ઉપસ્થિત કૉંગ્રેસમેન શ્રી રેન્ડી વેબરે પ્રાસંગિક સંબોધનમાં કહ્યું, 'જ્યારે લોકોની માનસિકતા પર વિભાજનકારી વૃત્તિઓનું વર્ચસ્વ વધવા લાગે છે ત્યારે, બી.એ.પી.એસ. એકતા અને સેવાની શક્તિની યાદ અપાવે છે. આ નવું સાંસ્કૃતિક સંકુલ આશાની દીવાદાંડી છે, સમજણ અને આદરને પ્રોત્સાહન આપવાનું કેન્દ્ર છે.'

ઉપરોક્ત વિવિધ કાર્યક્રમોમાં ટેક્સાસના ગવર્નર, રાજ્યના પ્રતિનિધિઓ, કૉંગ્રેસમેન લીઝી ફ્લેચર, કોંગ્રેસમેન પીટ સેશન્સ અને ફોર્ટ બેન્ડ કાઉન્ટીના ન્યાયાધીશ કેપી જ્યોર્જ સહિતના મહાનુભાવોએ અનેક પ્રોક્લેમેશન્સ (બહુમાનપત્રો) અર્પણ કરીને મંદિરની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવી હતી.

## ડેટ્રોઇટમાં દ્વિદશાબ્દી ઉત્સવઃ

અમેરિકાના મિશિગન રાજ્યના ડેટ્રોઇટ શહેરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૨૦-૭-૨૦૦૪ના રોજ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રતિષ્ઠિત કરીને સ્થાનિક ભારતીયો માટે કલ્યાણનાં દ્વાર ખુલ્લાં મૂક્યાં હતાં. છેલ્લાં ૨૦ વર્ષથી અઠવાડિક સત્સંગસભાઓ, પારાયણો તથા ભારતીય પર્વોત્સવોનાં શૃંખલાબદ્ધ આયોજનોથી ભારતીય સંસ્કારોની સુવાસ ફેલાવતું આ મંદિર અનેક મુમુક્ષુઓમાં પારિવારિક, સામાજિક, નૈતિક તેમજ આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરીને ભગવાનમાં શ્રદ્ધા સાથે નિઃસ્વાર્થ સેવાની પ્રેરણા આપી રહ્યું છે. ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ મંદિરનો દ્વિદશાબ્દી ઉત્સવ તા. ૪ થી ૧૧ ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાન શાનદાર રીતે સંપન્ન થયો.

ઉત્સવનો આરંભ શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં વધામણાંથી થયો. સુશોભિત પાલખીમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને વિરાજમાન કરીને મંદિર પરિસરમાં પાલખીયાત્રા યોજવામાં આવી હતી. આબાલવૃદ્ધ ભક્તો-ભાવિકોએ ખૂબ ઉત્સાહથી ભક્તિનૃત્યો અને જયનાદો કરીને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજને વધાવ્યા હતા. અંતે આ પાલખીયાત્રા સભાગૃહમાં વિરામ પામી. અહીં સૌ હરિભક્તો વેદોક્ત મહાપૂજાવિધિમાં સંમિલિત થયા. સંતોનાં વૈદિક મંત્રગાન વચ્ચે પૂજનવિધિને અનુસરીને સૌએ મંગલ પ્રાર્થનાઓ કરી હતી. દ્વિતીય દિને મહિલાપાંખ દ્વારા 'મહિલાદિન'ની શાનદાર ઉજવણી થઈ. તૃતીય દિને સવારે ૨૦મા પાટોત્સવ નિમિત્તે પ્રતિષ્ઠિત મૂર્તિઓ પર વેદોક્ત અભિષેક વિધિ યજ્ઞવલ્લભદાસ સ્વામી, પ્રિયસેવાદાસ સ્વામીએ કર્યો. અંતે અન્નકૂટ રચીને સૌએ આરતી અર્ઘ્ય અર્પણ કર્યું હતું. સંધ્યાસભામાં કીર્તન આરાધના યોજાઈ હતી. સંગીતજ્ઞ સંતો-યુવકોએ સુમધુર સ્વરે ભક્તિપદોનું ગાન કરીને ઉપસ્થિત સૌને ભક્તિરસથી રસભીના કરી દીધા.

દ્વિદશાબ્દી ઉત્સવના અંતિમ દિને પ્રાસંગિક સમારોહ યોજાયો. વિવિધ કાર્યક્રમો વચ્ચે પ્રસ્તુત થયેલા એક પ્રેરક સંવાદમાં, આ મંદિર દ્વારા હરિભક્તોમાં દૃઢીભૂત થયેલાં મૂલ્યોની શાનદાર પ્રસ્તુતિ થઈ. ભારતથી પધારેલા પૂર્વ સાંસદ શ્રી તરુણ વિજયે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. અંતે યુવકોએ ભક્તિનૃત્ય કરીને અવસરને વધાવ્યો. અંતે સંતોએ આશીર્વચન પાઠવીને સત્સંગ પ્રવૃત્તિમાં વિશેષ પ્રદાન આપનાર હરિભક્તોની સેવાને બિરદાવી હતી. ◆


હ્યુસ્ટન


હ્યુસ્ટન


ડેટ્રોઇટ


ડેટ્રોઇટ




# અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરમાં મલ્ટી પ્રોજેક્શન શો 'ધ ફેરી ટેલ' શોનું ઉદ્ઘાટન

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે યુનાઈટેડ આરબ એમીરેટ્સની રાજધાની અબુધાબી ખાતે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે સર્જેલ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના આકર્ષણમાં એક નવું નજરાણું ઉમેરાયું છે.

તાજેતરમાં તા. ૯ સપ્ટેમ્બરના રોજ અબુધાબીના બી.એ.પી.એસ. મંદિર પરિસરમાં 'ધ ફેરી ટેલ' મલ્ટી પ્રોજેક્શન શોનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ હિન્દુ મંદિરના નિર્માણમાં પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પથી લઈને અબુધાબીના શાસકોની ઉદારતા અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પુરુષાર્થની ગાથાને આ શોમાં અદ્ભુત રીતે વણી લેવામાં આવી છે.

આ મંદિરનું આકર્ષણ એવું વ્યાપક બન્યું છે કે નિર્માણના પ્રથમ સો દિવસમાં વિશ્વના અનેક દેશોના દસ લાખ દર્શનાર્થીઓએ મુલાકાત લીધી છે. આ મંદિર એક સાંસ્કૃતિક સેતુ તરીકે વિવિધ દેશો, સંસ્કૃતિઓ અને સમુદાયોને સાથે લાવવાનું રચનાત્મક કાર્ય કરે છે. વૈશ્વિક સ્તરે આટલા ટૂંકા ગાળામાં બી.એ.પી.એસ. સંસ્થાએ મેળવેલ સીમાચિહ્નરૂપ, ઐતિહાસિક સિદ્ધિનું અહીં પ્રતિબિંબ ઝિલાયું છે.

વિદ્વાન અને અનુભવી સંતો, સ્વયંસેવકો તથા ઓડિયો વિઝ્યુઅલ્સના નિષ્ણાતોની નિઃસ્વાર્થ સેવાથી, ત્રણ માસના અથાક પ્રયત્ન પછી આ અદ્ભુત શો નિર્માણ પામ્યો છે. વિઝ્યુલાઈઝેશન, પટકથા, એનિમેશન અને ચોકસાઈપૂર્ણ ડિઝાઈન્સથી 'ધ ફેરી ટેલ' શો એક અનોખું સર્જન બન્યો છે.

તા. ૯-૯-૨૦૨૪ના રોજ યોજાયેલા આ શોના ઉદ્ઘાટન અવસરે ખૂબ મોટી મેદની ઊમટી હતી. રણોદ્યાનમાં નિર્મિત ભવ્ય મંદિર પરિસરમાં ઉદ્ઘાટન પ્રસંગે પધારેલા મહાનુભાવોને સંબોધતાં બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું હતું કે 'ધ ફેરી ટેલ શો ફક્ત મંદિરની અવિશ્વસનીય યાત્રા જ નહીં, દરેકની આંતરિક જીવનયાત્રાનો એક ઉત્સવ છે. યુએઈમાં જે સ્નેહ, સહયોગ અને સંવાદિતા અનુભવ્યાં તેના કારણે અહીં આવું ભવ્ય મંદિર બનાવવાનું સાહસ બી.એ.પી.એસ. સંસ્થાએ કર્યું છે. આ શોનો દરેક મુલાકાતી સંવાદિતાનો એક એમ્બેસેડર બનશે.'

યુએઈના નેતાઓ, ધર્મગુરુઓ, સરકારી અધિકારીઓ, વિવિધ વ્યવસાયના ધુરંધરો સહિત ઉપસ્થિત રહેલા મહાનુભાવોને આ પ્રસંગે સંબોધતાં દુબઈ ખાતેના ભારતીય કોન્સલ જનરલ શ્રી સતીશકુમાર શિવમે કહ્યું કે 'સાચી પરીકથા તો અરબસ્તાનના આ રણમાં મંદિર બનવું તે છે. આ વાત અશક્ય અને અસામાન્ય છે. આપણને જે સત્ય લાગે છે તેના કરતાં પણ વધુ વાસ્તવિક છે. હું ચોક્કસપણે માનું છે કે યુએઈ અને ભારત સાથે મળીને સમગ્ર માનવજાત માટે માનવતાની ઉદાહરણરૂપ પગદંડી બનાવી શકશે. અત્યારે વિશ્વને તેની ખાસ જરૂરત છે.'

આ શોનું ઉદ્‌ઘાટન કરનાર યુએઈના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિટીના ચૅરમૅન હીઝ હાઈનેસ ડૉ. મુઘીર ખામીસ અલ ખયાલીએ કહ્યું કે 'આ શોમાં દર્શાવ્યા મુજબ સહિષ્ણુતા અને સંવાદિતાનાં મૂલ્યોની આજના વિશ્વને ખૂબ જરૂર છે. આ શો અસામાન્ય, પ્રેરણાદાયક અને અવિશ્વસનીય છે. અબુધાબીનું આ મંદિર સંવાદિતાનું મૂર્તિમંત સ્વરૂપ છે.

આ શોના નિર્માણમાં સહયોગ આપનાર વીએફએસ ગ્લોબલના ચીફ કોમર્શિયલ ઑફિસર શ્રી જીતેન વ્યાસે જણાવ્યું કે 'આ શો વિશ્વની એક અદ્‌ભુત વસ્તુ છે. મેં વિશ્વની મુસાફરી કરી છે, પરંતુ ક્યાંય આવું અદ્‌ભુત જોયું નથી. સંસ્થાની સંવાદિતા તેને વિશ્વ સ્તરે બીજાથી જુદું પાડે છે. તે મનમાં બાંધેલી સરહદોને મિટાવે છે.'

બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના વાઈસ ચૅરમૅન યોગેશ મહેતાએ સૌને આવકારતાં કહ્યું કે 'ધ ફેરી ટેલ શો શાંતિદૂત છે, તેનું દર્શન, તેની કલાત્મકતા અને ચિત્રાંકન મનમોહક છે.'

ફ્રાન્સના વિશ્વપ્રસિદ્ધ મ્યુઝિયમ લુવ્રની અબુધાબી ખાતેની શાખાના પ્રતિનિધિ ફાતિમા અલ બ્લૂશીએ કહ્યું કે 'મનને આનંદમાં ગળાડૂબ કરતી મંદિર નિર્માણની આ ગાથાએ અમને રોમાંચિત કરી દીધા.'

આ પ્રસંગે જાણીતા લેખક અને સંપાદક બિક્રમ વોરાએ કહ્યું કે 'ધ ફેરી ટેલ મનને આનંદમાં ગળાડૂબ કરી દે છે. એક અશક્ય લાગતી વાતને અહીં જીવંત સ્વરૂપ આપી દીધું છે. સહિષ્ણુતા, સહનશીલતા અને પ્રેમ માનવતા માટે કેટલા જરૂરી છે તે આમાંથી જાણવા મળ્યું છે. આ શો સમસ્ત જગતને તેનું મહત્ત્વ સમજાવે છે.'

નિકાઈ ગ્રૂપના ચૅરમૅન શાદાદ પૂરીએ કહ્યું કે 'આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ફક્ત હિન્દુ મંદિર જ નથી, પરંતુ તે સંપ, શાંતિ અને મૈત્રીનું સ્મારક છે. તે તમામ લોકો અને ધર્મો પ્રત્યે સદ્‌ભાવના રાખવાનું શીખવે છે.'

ગુરુનાનક દરબારના ચેરમેન શ્રી સુરેન્દરસિંઘ કંધારીએ કહ્યું કે 'ધ ફેરી ટેલ ચમત્કાર સિવાય કશું નથી. તે સખત પરિશ્રમ અને સમર્પણનું પ્રમાણપત્ર છે. આ મંદિરનું સ્થાપત્ય વિશ્વની એક અજાયબી છે. મંદિરની નક્કાશી કલ્પનાતીત છે. અહીં ભારતની સંસ્કૃતિને અદ્‌ભુત રીતે કંડારી છે. આજની સંધ્યા મારા માટે સ્વપ્ન સમાન રહેશે.' ◆

'ધ ફેરી ટેલ' શોના ઉદ્‌ઘાટન પ્રસંગે યુએઇના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિટીના ચેરમેન ડૉ. મુઘીર ખામીસ, ભારતીય કોન્સલ જનરલ શ્રી સતીશકુમાર શિવમ, બ્રહ્મવિહારી સ્વામી અને આરબ મહાનુભાવો...





# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## પાર્સીપનીમાં શ્રી નીલકંઠવર્ણી મૂર્તિસ્થાપન ઉત્સવ



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. મંદિરોમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ અભિષેક મૂર્તિ સ્થાપિત કરીને આ અભિષેકપૂજા વિધિને ખૂબ વ્યાપક કરી છે. આ શૃંખલામાં, ન્યૂજર્સી રાજ્યના પાર્સીપની શહેરના બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૧૮ ઑગસ્ટના રોજ શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેક મૂર્તિનો સ્થાપનવિધિ યોજાઈ ગયો. શાનદાર શોભાયાત્રા, વેદોક્ત મહાપૂજાવિધિ સાથે મૂર્તિનો સ્થાપનવિધિ કરીને સંતોએ શુભ સંકલ્પો સાથે જલાભિષેક કર્યો હતો. પ્રાસંગિક સભામાં ઉપસ્થિત પાર્સીપનીના મેયર શ્રી જેમ્સ આર. બાર્બેરિયોએ બી.એ.પી.એસ. સંસ્થા અને ટાઉનશિપ વચ્ચેના મજબૂત સંબંધોને બિરદાવ્યા હતા. ◆

## ચેરીહિલમાં શ્રી નીલકંઠવર્ણી મૂર્તિસ્થાપન ઉત્સવ



તા. ૧૮-૮-૨૦૨૪ના રોજ ન્યૂજર્સીના ચેરીહિલ નગરમાં બી.એ.પી.એસ. મંદિરમાં શ્રી નીલકંઠવર્ણીની અભિષેક મૂર્તિનો સ્થાપનવિધિ યોજાઈ ગયો. સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજની મૂર્તિની શોભાયાત્રા યોજાયા બાદ મહાપૂજાવિધિ સાથે પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામીના હસ્તે મૂર્તિનો સ્થાપનવિધિ થયો. પ્રાસંગિક સમારોહમાં શહેરના જાણીતા લોકનેતાઓ અને પદાધિકારીઓએ ઉપસ્થિત રહીને બી.એ.પી.એસ. સંસ્થા અને સ્વયંસેવકોએ સ્થાનિક સમુદાયમાં કરેલી સેવાઓને બિરદાવી હતી. આ પ્રસંગે અમેરિકામાં સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં કાઉન્સિલે બહુમાન-પત્ર અર્પણ કર્યું હતું. ◆

## ફિલાડેલ્ફિયામાં નીલકંઠવર્ણી મૂર્તિસ્થાપન ઉત્સવ



હરિભક્તો-ભાવિકોના શુભ સંકલ્પો પૂર્ણ થાય એ પ્રાર્થના સાથે પેન્સિલ્વેનિયા રાજ્યના ફિલાડેલ્ફિયા ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૨૪-૮-૨૦૨૪ના રોજ શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેક મૂર્તિનો સ્થાપનવિધિ યોજાઈ ગયો. સવારે મૂર્તિની શાનદાર નગરયાત્રા અને ત્યારબાદ મૂર્તિ સમક્ષ વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો. વરિષ્ઠ સંતોએ મૂર્તિનો સ્થાપનવિધિ કરીને શુભ સંકલ્પો સાથે જલાભિષેકનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેકવિધિનો મહિમા કહ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ સંસ્થાની સેવાઓને બિરદાવી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## આયર્લેન્ડમાં યોજાઈ કાર્યકર સત્સંગ શિબિર

ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદથી ઉત્તર-પશ્ચિમ યુરોપ ખંડમાં આયર્લેન્ડની રાજધાની ડબલિનમાં તથા બેલફાસ્ટ શહેરમાં છેલ્લાં ૨૨ વર્ષથી બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ ગતિમાન છે. આ દેશમાં સેવારત કાર્યકરોની સત્સંગ શિબિર તા. ૧૦ ઑગસ્ટના રોજ 'મારું કર્તવ્ય' મધ્યવર્તી વિચાર સાથે યોજાઈ હતી. શિબિરની શરૂઆત મહાપૂજાવિધિથી થઈ હતી. યુ.કે.થી અહીં વિચરણ કરતા મંગલતીર્થદાસ સ્વામી અને મનોહરમૂર્તિદાસ સ્વામીએ સૌને પ્રેરક માર્ગદર્શન આપ્યું. સંતો અને અનુભવી કાર્યકરોનાં પ્રવચનો ઉપરાંત ગોષ્ઠિ, સમૂહચર્ચા, જ્ઞાનપૂર્ણ રમતો -યુક્ત આ શિબિર સૌ માટે નવી દિશા ઉઘાડનારી બની રહી હતી. ◆



## બેંગલોરમાં યોજાઈ બાળશિબિર અને યુવા સંમેલન

તાજેતરમાં કર્ણાટકની રાજધાની બેંગલોરમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીનું સત્સંગ-વિચરણ યોજાયું હતું. તેઓના સાંનિધ્યમાં વિવિધ ભક્તિસભર કાર્યક્રમોની શૃંખલા રચાઈ હતી. તા. ૩ અને ૪ ઑગસ્ટના રોજ 'સંસ્કૃતિ' મધ્યવર્તી વિચાર સાથે બાલ-બાલિકા શિબિર યોજાઈ હતી. તા. ૨૮ ઑગસ્ટના રોજ સેંકડો યુવક-યુવતીઓની ઉપસ્થિતિમાં 'સત્યના માર્ગની શોધ' શીર્ષક હેઠળ યુવા સંમેલન યોજાયું હતું. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ યુવાનોને જીવનમાં સત્સંગ, સંયમ, નિયમિતતા, ધ્યેયનિષ્ઠા વગેરે સાથે નૈતિક મૂલ્યો કેળવવાની પ્રેરણા આપી હતી. વિદ્વાન સંતોનાં પ્રવચનો ઉપરાંત વિવિધ કાર્યક્રમો સૌ માટે પ્રેરક બની રહ્યાં હતાં. ◆



## ચરોતર પ્રદેશમાં યોજાયા પ્રતિષ્ઠા ઉત્સવ

બોચાસણની પાસે આવેલા હળદરી(૧૯-૧-૨૪), લાલપુરા(૧૯-૨-૨૪), ખડોલ ગામ(૫-૩-૨૪)માં તથા બોરસદ તાલુકાના સંતોકપુરા ગામ(૧૨-૨-૨૪)માં નવનિર્મિત શ્રી બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયા. વર્ષોથી સત્સંગથી મઘમઘતાં આ ગામોમાં દેશ-પરદેશમાં સ્થાયી થયેલા ભક્તોની સેવાથી નિર્માણ પામેલાં મંદિરોમાં સ્વામીશ્રી દ્વારા તા. ૨૫-૧૧-૨૦૨૩ના રોજ પૂજિત મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ વડીલ સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. યોગીરાજદાસ સ્વામી અને બ્રહ્મસાગરદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ભક્તોની સેવાથી આ ઉત્સવો સૌ માટે યાદગાર બની રહ્યા હતા. ◆




ગ્રંથ શ્રેણી પ્રકાશન

# બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખસ્વામી મહારાજ

## વિસ્તૃત જીવન ચરિત્રની શ્રેણી

₹ ૨૦૦/-





પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય જીવનગાથાનું આચમન કરાવતી ગ્રંથશ્રેણીના નવ ભાગ પ્રકાશિત થઇ ચૂક્યા છે.

જન-જનનું હિત કરતી સ્વામીશ્રીની કલ્યાણ-યાત્રાનાં વિવિધ વર્ષોનું ચરિત્રલેખન આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવ્યું છે.

ગુરુભક્તિ અને શ્રીહરિની ભક્તિમાં અખંડ રમમાણ રહી પ્રમુખસ્વામી મહારાજે અનેક સેવાકાર્યો કર્યાં છે. તેઓનાં કાર્યોની વિશેષતા એ રહેતી કે સૌ કોઈ માટે તે સેવાકાર્યો આદર્શ ઉદાહરણરૂપ બની રહેતાં, ચાહે તે ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, આદિવાસી ઉત્કર્ષ હોય, મહોત્સવ હોય કે લંડન સ્થિત બી.એ.પી.એસ. મંદિર અને હવેલીનાં બેનમૂન નિર્માણ હોય. આવાં જગપ્રસિદ્ધ કાર્યો કરવાં છતાં પણ સ્વામીશ્રીએ ક્યારેય તેનો જશ લીધો નહોતો. તેઓ હંમેશાં ઇષ્ટદેવ શ્રીહરિ, ગુરુજનો તેમજ સંતો-ભક્તોને જ તમામ યશ અર્પી દેતા. આવા અહંશૂન્ય સ્વામીશ્રીનું સાધુતાસભર અને સરળ વ્યક્તિત્વ તેમના પ્રસંગમાં આવનાર સૌના અંતર-તાર ઝણઝણાવી જતું હતું. તેથી જ સૌ કોઈએ તેઓની આ ગુણગરિમા હૃદયપૂર્વક બિરદાવી હતી. જનહિતાર્થે ગામોગામ વિચરતા સ્વામીશ્રીએ ક્યારેય દેહ કે સગવડોની પરવા કરી નહોતી, જેના કારણે તેમના હૃદયની બાયપાસ સર્જરી કરાવવાની આવશ્યકતા ઊભી થઈ, પરંતુ આવી અનેક વ્યાધિઓથી પર રહી પરમ આનંદમાં મસ્ત રહેતા સ્વામીશ્રી સૌને એ દિવ્ય આનંદની અનુભૂતિ કરાવતા રહેતા.


આવો, તેઓશ્રીના વિસ્તૃત જીવનચરિત્રની આ ગ્રંથશ્રેણીનું આચમન કરીએ...




**'અક્ષર અમૃતમ્'**

**એપ પર**

આ એકથી નવ ભાગની ઓડિયો બુકનું શ્રવણ કરવાનો આનંદ પણ નિઃશુલ્ક માણો...



## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી હરિભક્તને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### ભક્તરાજ શ્રી દશરથસિંહ ઘનશ્યામસિંહ ઝાલા, અમદાવાદ, ઉં.વ. ૭૪. અક્ષરવાસઃ તા. ૫-૬-૨૦૨૪



ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની ચરણરજથી પ્રાસાદિક બનેલા અડવાળ ગામના વતની શ્રી દશરથસિંહ ઝાલાને સત્સંગ વારસામાંથી જ પ્રાપ્ત થયો હતો. અમદાવાદમાં સ્થાયી થયા બાદ ગુજરાત પોલીસદળમાં સેવામાં જોડાયા. એક પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવીને દેશસેવામાં યોગદાન આપનાર તેઓએ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા યોજાયેલા મહોત્સવો અને શાહીબાગ મંદિરમાં સુરક્ષા વિભાગમાં મોખરાની સેવા કરી હતી. કોરોના મહામારીના સમય દરમ્યાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નેનપુર ખાતે બિરાજતા હતા ત્યારે ત્યાં રહીને તેઓએ નોંધપાત્ર સેવા કરી હતી. આમ, જીવનના છેલ્લા શ્વાસ સુધી સત્સંગમાં સેવારત રહીને ગુણાતીત ગુરુવર્યોનો ખૂબ રાજીપો પ્રાપ્ત કરનાર ભક્તરાજ શ્રી ઝાલા દશરથસિંહને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## અભિનંદન

**બી.એ.પી.એસ. પરિવારનું ગૌરવ વધારનારા તેજસ્વી સંતને અભિનંદન...**

### પૂજ્ય જ્ઞાનનયનદાસ સ્વામી, સારંગપુર : પીએચ.ડી. થયા...




બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, સારંગપુરમાં રહીને સંતો ગુરુહરિની આજ્ઞાથી આપણાં પ્રાચીન શાસ્ત્રો તેમજ સાંપ્રદાયિક ગ્રંથોમાં શાસ્ત્રીય પદ્ધતિથી ઊંડાણ પ્રાપ્ત કરી રહ્યા છે. આ શૃંખલામાં પૂજ્ય જ્ઞાનનયનદાસ સ્વામીએ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ''અક્ષરપુરુષોત્તમ દર્શન અને જીવન - સમરસતા, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા સ્વામિનારાયણ ભાષ્યના પરિપ્રેક્ષ્યમાં'' વિષય પર મહાનિબંધ રચીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. અક્ષરપુરુષોત્તમ દર્શનના સિદ્ધાંતો જ્યારે જીવનમાં સમરસ થાય, ત્યારે જીવનને કેવી રીતે પ્રભાવિત કરે છે - એ વિષય પર અનેક હરિભક્તોના સ્વાનુભવોનું વિશ્લેષણ કરીને તેઓએ તારણ કાઢ્યું છે કે આ દર્શનથી ભક્તોના વ્યક્તિગત જીવન, પારિવારિક જીવન, વ્યાવહારિક જીવન અને આધ્યાત્મિક જીવન પર ખૂબ ઊંડો સકારાત્મક પ્રભાવ પડે છે અને દર્શનના સિદ્ધાંતોને અનુસરીને ભક્તો જીવનમાં સર્જાતી વિપરીત પરિસ્થિતિમાં પણ સ્થિર અને આનંદિત રહી શકે છે. પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાને નિરૂપેલા વૈદિક સિદ્ધાંતોને જીવનમાં અનુસરવા માટે પ્રેરણારૂપ સંશોધનકાર્યની આ સેવા બદલ તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.


## સ્વામિનારાયણ અક્ષરપીઠનાં આગામી કેલેન્ડર :
### ઘરની દીવાલોને શણગારે, નિત્ય દર્શન-પ્રેરણાથી છલકાવે...




**તિથિ-તારીખ કેલેન્ડર ૨૦૨૫**

આપનો વ્યાવસાયિક સંદેશો હજારો ગ્રાહકો સુધી પહોંચાડવાનું અનેરું માધ્યમ...
આપણાં પર્વો-ઉત્સવો, મુહૂર્તો સાથે તિથિ-તારીખની મનોહર રજૂઆત...
મનભાવન બહુરંગી વિવિધ છબીઓ...




સંપર્ક : બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ.

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - દેશનાં કેન્દ્રોનું પરિણામ - જુલાઈ ૨૦૨૪

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિ વર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૨૪માં જુલાઈ માસમાં લેવાયેલ પરીક્ષા અંતર્ગત દેશનાં **૪૭૪** પરીક્ષા કેન્દ્રોમાં હરિભક્તો માટેની સત્સંગ પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની ૭ પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૨૦,૫૮૦** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૫૩.૦૬** ટકા પરિણામ સાથે **૧૦,૯૨૦** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

– **પરીક્ષા વ્યવસ્થાપક**

## પારિતોષિક વિજેતાઓની યાદી

### સત્સંગ પ્રારંભ (કુલ ગુણ ૧૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | ઘનશ્યામ મનસુખભાઈ કોટડિયા | ૧૦૦ | નારાયણવાડી, વડોદરા |
| ૨. | સુજીતા જિજ્ઞેશભાઈ માણિયા | ૯૯ | કલાલી, વડોદરા |
| ૩. | હેતલબહેન કેતનભાઈ વડાલિયા | ૯૮ | શ્રદ્ધાપાર્ક, રાજકોટ |
| ૩. | હિરલ કીર્તિભાઈ મહેતલિયા | ૯૮ | જીવરાજ પાર્ક, અમદાવાદ |
| ૩. | ભારતીબહેન શાંતિલાલ પટેલ | ૯૮ | માંજલપુર-૧, વડોદરા |
| ૪. | રોનકભાઈ ગુણવંતભાઈ મુલાણી | ૯૭ | અક્ષરધામ વિદ્યાલય, સુરત |
| ૪. | બિંજલબહેન વિનોદભાઈ પટેલ | ૯૭ | સેક્ટર-૨, ગાંધીનગર |
| ૪. | કોમલબહેન ભાવિનભાઈ પટેલ | ૯૭ | કૉલેજ રોડ, સુરેન્દ્રનગર |
| ૪. | સ્વાતિબહેન સંદીપકુમાર પટેલ | ૯૭ | તરસાલી, વડોદરા |
| ૪. | ભગવતભાઈ ભરતભાઈ લહર | ૯૭ | વરાછા રોડ, સુરત |
| ૫. | શ્લેષા અવધ પટેલ | ૯૬ | શાયોના તિલક, અમદાવાદ |
| ૫. | તિશા વિનોદભાઈ રજોડિયા | ૯૬ | સૃષ્ટિ, સુરત |
| ૫. | દશરથભાઈ કેશવલાલ પટેલ | ૯૬ | સેક્ટર-૧૩, ગાંધીનગર |
| ૫. | હરિશભાઈ ઝવેરભાઈ પટેલ | ૯૬ | કારેલીબાગ, વડોદરા |
| ૫. | પ્રિયંકા દર્શન પ્રજાપતિ | ૯૬ | નિરામય, વડોદરા |
| ૫. | જિજ્ઞાસાબહેન શૈલેષભાઈ કાસોદરિયા | ૯૬ | સૃષ્ટિ, સુરત |
| ૫. | રંજનબહેન નરેશભાઈ દંત્રેલિયા | ૯૬ | શ્રદ્ધાદીપ, સુરત |
| ૫. | જલ્પાબહેન સાગરભાઈ લુણાગરિયા | ૯૬ | અડાજણ સંસ્કારધામ, સુરત |

### સત્સંગ પ્રવેશ (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | ઋષિકા મયૂર ચોટલિયા | ૧૪૫ | પ્રમુખનગર, ગાંધીનગર |
| ૨. | કૃણાલ પંકજભાઈ પરમાર | ૧૪૨ | પ્રયોશા, જૂનાગઢ |
| ૩. | આશાબહેન અશોકકુમાર ગાંધી | ૧૪૦ | ગુજ.હા.બૉર્ડ, સુરત |
| ૪. | ચંદ્રિકાબહેન પીયૂષભાઈ વડાલિયા | ૧૩૯ | દીપાંજલિ, જૂનાગઢ |
| ૪. | કનુભાઈ મનસુખરામ મોદી | ૧૩૯ | નવા વાડજ, અમદાવાદ |
| ૫. | મૂકેશચંદ્ર કનૈયાલાલ પંચોલી | ૧૩૭ | અડાજણસંસ્કારધામ,સુરત |
| ૫. | તરલીકાબહેન નૈનેશભાઈ પટેલ | ૧૩૭ | સમતા, વડોદરા |
| ૫. | દેવેશ સુરેશચંદ્ર પટેલ | ૧૩૭ | સમા, વડોદરા |

### સત્સંગ પરિચય (કુલ ગુણ ૧૫૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | રમેશકુમાર શંકરલાલ પટેલ | ૧૩૮ | ઉધના, સુરત |
| ૨. | અલ્પા અમિતકુમાર રાય | ૧૩૬ | કારેલીબાગ, વડોદરા |
| ૩. | રેખાબહેન જિજ્ઞેશભાઈ પટેલ | ૧૩૫ | અટલાદરા, વડોદરા |
| ૪. | મનિષાબહેન યતીનભાઈ ટાઢા | ૧૩૩ | ચિત્રકૂટ, સુરત |
| ૫. | કલ્પેશભાઈ પ્રહ્‌લાદભાઈ પટેલ | ૧૩૧ | ઉધના, સુરત |
| ૫. | ભાવનાબહેન હેમંતભાઈ સોની | ૧૩૧ | દેવગઢ બારિયા |
| ૫. | તૃપ્તિબહેન બાબુભાઈ પટેલ | ૧૩૧ | શાહીબાગ, અમદાવાદ |

### સત્સંગ પ્રવીણ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | સ્નેહાબહેન પ્રિયાંકભાઈ પટેલ | ૧૮૯ | મણિનગર, અમદાવાદ |
| ૨. | દીક્ષિત ભીમજીભાઈ મોરડિયા | ૧૭૯ | અક્ષરવાડી, સુરત |
| ૩. | પરેશ શૈલેષભાઈ શાહ | ૧૭૫ | પી.એસ.નગર, વડોદરા |
| ૪. | પ્રવીણસિંહ કનકસિંહ બારડ | ૧૬૯ | પ્રમુખનગર, ગાંધીનગર |
| ૫. | મુક્તાબહેન ભગીરથભાઈ દંત્રેલિયા | ૧૬૫ | છાણી ગામ, વડોદરા |
| ૫. | પ્રતિમાબહેન શૈલેષભાઈ પંચોલી | ૧૬૫ | ઉધના, સુરત |
| ૫. | રીટાબહેન સતીષભાઈ પટેલ | ૧૬૫ | રેસકોર્સ-૧, વડોદરા |
| ૫. | ડૉ. હિરેનભાઈ દિલીપભાઈ મોદી | ૧૬૫ | શાહીબાગ, અમદાવાદ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૧ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | મીતાબહેન ધીરજલાલ મોદી | ૧૭૭ | અડાજણસંસ્કારધામ,સુરત |
| ૨. | રેખાબહેન ધીરેનભાઈ ગજ્જર | ૧૭૫ | સેટેલાઇટ, અમદાવાદ |
| ૩. | અવની અરવિંદભાઈ ફટાણિયા | ૧૭૪ | પ્રયોશા, જૂનાગઢ |
| ૪. | રેખા આશિષ મિસ્ત્રી | ૧૭૨ | વિરાર, મુંબઈ |
| ૫. | ભક્તિ અરવિંદભાઈ ફટાણિયા | ૧૭૦ | પ્રયોશા, જૂનાગઢ |

### સત્સંગ પ્રાજ્ઞ - ૨ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | ભૂમિકા અરવિંદભાઈ પટેલ | ૧૯૦ | બેંગલુરુ |
| ૧. | વિક્રમ નવનીતભાઈ રાયઠઠ્ઠા | ૧૯૦ | બેંગલુરુ |
| ૨. | શૈલેષભાઈ મનુભાઈ પટેલ | ૧૮૨ | અટલાદરા, વડોદરા |
| ૩. | શીતલ વિક્રમભાઈ રાયઠઠ્ઠા | ૧૮૦ | બેંગલુરુ |
| ૪. | હેતલબહેન મેહુલભાઈ ચૌહાણ | ૧૬૨ | અક્ષર મંદિર, ગોંડલ |
| ૫. | ઈલાબહેન યોગેશભાઈ સવાણી | ૧૫૨ | બજરંગનગર, સુરત |
| ૫. | દર્શના રાહુલભાઈ લુણાગરિયા | ૧૫૨ | અક્ષરબંગલોઝ,ગાંધીનગર |

### સત્સંગ પ્રાજ્ઞ - ૩ (કુલ ગુણ ૨૦૦)

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-ક્ષેત્ર |
|---|---|---|---|
| ૧. | મીનાબહેન સુરેશભાઈ જાની | ૧૭૯ | માંજલપુર-૨, વડોદરા |
| ૨. | મોનિકાબહેન કલ્પેશભાઈ નાકરાણી | ૧૭૫ | હરિદર્શન, સુરત |
| ૨. | કુંદનબહેન ઘનશ્યામભાઈ માયાણી | ૧૭૫ | શ્રદ્ધાદીપ, સુરત |
| ૩. | ધર્મિષ્ઠાબહેન અરવિંદભાઈ પારેજિયા | ૧૭૨ | શ્રદ્ધાદીપ, સુરત |
| ૩. | આશાબહેન હરેશભાઈ કાસોદરિયા | ૧૭૨ | શ્રીજીનગર, સુરત |
| ૪. | જયાબહેન અશોકભાઈ કેડા | ૧૭૦ | ચિત્રકૂટ, સુરત |
| ૪. | અસ્મિતાબહેન અરુણભાઈ વઘાસિયા | ૧૭૦ | ચિત્રકૂટ, સુરત |
| ૫. | અંજનાબહેન સ્નેહલભાઈ પટેલ | ૧૬૭ | હરિદર્શન, સુરત |









## મુંબઈમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ૯૧મી જન્મજયંતીની શાનદાર ઉજવણી

મુંબઈમાં ગોરેગાંવ ખાતે આવેલા પ્રસિદ્ધ એક્ઝિબિશન સેન્ટર 'નેસ્કો'ના વિશાળ સભાગારમાં તા. ૨૬-૯-૨૦૨૪, ભાદરવા વદ નવમીના પવિત્ર દિને ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ૯૧મી જન્મજયંતી ભવ્યતા અને દિવ્યતા સાથે ઊજવાઈ ગઈ. મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે અન્ય મહાનુભાવો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈના કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી વગેરે સંતોએ ગુરુહરિના ગુણાનુવાદ ગાઈને સ્વામીશ્રીને હોંશે હોંશે વધાવ્યા હતા.

Swaminarayan Prakash Gujarati, October 2024, Published on 1-10-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





મુંબઈમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ૯૧મા જન્મજયંતી મહોત્સવનો શાનદાર કાર્યક્રમ તા. ૨૬-૯-૨૦૨૪ના રોજ યોજાયો ત્યારે હજારો હરિભક્તોએ ‘શતં જીવ શરદઃ’ની પ્રાર્થના સાથે ગુરુહરિને વધાવીને તેમના અંતરના આશિષ પ્રાપ્ત કર્યા હતા. બાળકો-યુવાનોએ નૃત્યાંજલિ અર્પણ કરીને સૌ વતી ગુરુભક્તિ અદા કરી હતી.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas